શ્રી મહાવીરાય નમઃ

# અમી ઝરણાં



## જૈન સોસાયટી ઓફ ડીટ્રોઈટ

શ્રી મહાવીરાય નમઃ

# અમી ઝરણાં



महावीर स्वामी

## જૈન સોસાયટી ઓફ ડીટ્રોઈટ

આ પુસ્તકની આશાતના ન થાય
તેની કાળજી રાખશો

: મુદ્રક :

In memory of
the late
**Shri Labhashankar C. Mehta**
**1911 — 1983**

from
Mrs. Kamla Gauri
Chandrakant L. Mehta and Family
to Jain Society of Greater Cleveland

# અ....નુ.. ..ક્ર....મ....ણિ...કા

| ક્રમ | ઝરણું | | પાનું |
|---|---|---|---|
| ૧ | નવકાર મંત્ર | ... | ૧ |
| ૨ | પ્રભુ ગીત | ... | ૨ |
| ૩ | દાદાના શિખરે | ... | ૩ |
| ૪ | ચાર સ્વપ્ના | .... | ૪ |
| ૫ | તમે ભાવે ભજી લો ભગવાન | .... | ૫ |
| ૬ | મહાવીર સુકાની | .... | ૬ |
| ૭ | મારી આ જીવનનૈયા | .... | ૭ |
| ૮ | ક્યારે આવશે ઘર મુનિરાજ | .... | ૮ |
| ૯ | ઓ શંખેશ્વરા પાર્શ્વપ્રભુ | .... | ૯ |
| ૧૦ | માનવનો જન્મ | .... | ૧૦ |
| ૧૧ | કોઈ આજ ભજો | .... | ૧૧ |
| ૧૨ | 'જીવનની નાવ' | ... | ૧૨ |
| ૧૩ | હંસલો આવ્યો જવાનો | ... | ૧૨ |
| ૧૪ | ચમકે ચમકે ચાંદલીઓ | ... | ૧૩ |
| ૧૫ | હરજો કરજો નૈયા પાર | ... | ૧૪ |
| ૧૬ | 'મહાવીર સ્વામીનું હાલરડું' | ... | ૧૪ |
| ૧૭ | પહેલી બાજુ | ... | ૧૫ |
| ૧૮ | બીજી બાજુ | ... | ૧૫ |
| ૧૯ | વીરને પારણે ઝુલાવે | ... | ૧૬ |

| ક્રમ | ઝરણું | | પાનું |
|---|---|---|---|
| ૨૦ | પ્રભુજી જાવું પાલીતાણા | ... | ૧૭ |
| ૨૧ | રાગ છે મારે ને ત્યાગ | ... | ૧૮ |
| ૨૨ | મંગલ મંદિર ખોલો | ... | ૧૮ |
| ૨૩ | "મહાવીર સ્વામીનું સ્તવન" | ... | ૧૯ |
| ૨૪ | "મહાવીર સ્વામીનું હાલરડું" | ... | ૨૦ |
| ૨૫ | શા માટે ? | ... | ૨૧ |
| ૨૬ | જ્યાં વસે છે તું | ... | ૨૨ |
| ૨૭ | મળ્યા મને પરમાતમા | ... | ૨૩ |
| ૨૮ | પાવન થાઉં | ... | ૨૪ |
| ૨૯ | જાવું મારે એકલડું | ... | ૨૫ |
| ૩૦ | પ્રવાસીને | .... | ૨૬ |
| ૩૧ | BHAJAN | .... | ૨૬ |
| ૩૨ | પુન્યોદય | .... | ૨૭ |
| ૩૩ | સુણો ચંદાજી | ... | ૨૮ |
| ૩૪ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન | ... | ૨૯ |
| ૩૫ | શ્રી સિદ્ધાચલજીની સ્તુતિ (૧) | ... | ૨૯ |
| ૩૬ | શ્રી આદિશ્વર પ્રભુનું સ્તવન (૧) | ... | ૩૦ |
| ૩૭ | રૂષભ જિનેશ્વર (૨) | ... | ૩૧ |
| ૩૮ | શ્રી શાંતિનાથ જિન સ્તવન | ... | ૩૨ |
| ૩૯ | માતા મરુદેવીના | ... | ૩૩ |
| ૪૦ | શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન (૧) | ... | ૩૪ |
| ૪૧ | શ્રી મહાવીર સ્વામીનું સ્તવન (૧) | ... | ૩૫ |
| ૪૨ | સિદ્ધારથના રે નંદન (૨) | .... | ૩૫ |

| ક્રમ | ઝરણું | | પાનું |
|---|---|---|---|
| ૪૩ | આરતી શ્રી મહાવીર સ્વામી કી | ... | ૩૬ |
| ૪૪ | ARATI SHRI MAHAVEER SWAMI KI | | ૩૭ |
| ૪૫ | MAN KI BHAVANA (BHAJAN) | | ૩૮ |
| ૪૬ | "પવિત્ર ઝરણું" | .... | ૩૯ |
| ૪૭ | "ભક્તિ ભાવનું" | .... | ૩૯ |
| ૪૮ | શ્રી આદિજિન આરતી | ... | ૪૦ |
| ૪૯ | શ્રી મંગલ દીવો | ... | ૪૦ |
| ૫૦ | JAY JAY AARTI | ... | ૪૧ |
| ૫૧ | DIVO RE DIVO... | .... | ૪૨ |
| ૫૨ | દેખી શ્રી પાર્શ્વતણી | .... | ૪૨ |
| ૫૩ | "ચંદનબાલા–વિનંતિ" | ... | ૪૩ |
| ૫૪ | પૈસા કે પ્રભુ | ... | ૪૪ |
| ૫૫ | પાંચગતિ | .... | ૪૫ |
| ૫૬ | "મહાવીર તારી મુરતી" | ... | ૪૬ |
| ૫૭ | આજ મારા દેહરાસરમાં | ... | ૪૬ |
| ૫૮ | રવિવારીયો ભગત | ... | ૪૭ |
| ૫૯ | આતમ ઝંખે છૂટકારો | ... | ૪૮ |
| ૬૦ | "કેટલું કમાણા" | ... | ૪૯ |
| ૬૧ | "મહાવીર બોલો પ્રભુ" | ... | ૫૦ |
| ૬૨ | નવકાર મંત્રનો મહિમા | ... | ૫૧ |
| ૬૩ | આજનો લ્હાવો લીજીએ | ... | ૫૨ |
| ૬૪ | વધાઈ | ... | ૫૨ |

| ક્રમ | ઝરણું | | પાનું |
|---|---|---|---|
| ૬૫ | પ્રભુ ગુણ ગાવો ભાવ ધરી | ... | ૫૩ |
| ૬૬ | પચ્ચીસો વર્ષો પૂર્વે | ... | ૫૪ |
| ૬૭ | ઓમ નમો અરિહંતાણં | ... | ૫૫ |
| ૬૮ | પ્રભુજી વંદન લે તું હમારા | ... | ૫૬ |
| ૬૯ | નૈયા ઝુકાવી મેં તો | ... | ૫૭ |
| ૭૦ | અમાસની અંધારી રાતે | ... | ૫૮ |
| ૭૧ | ત્રીસ ત્રીસ વર્ષની માયા રે | ... | ૫૯ |
| ૭૨ | આનંદ શ્રાવક ( કાવ્ય–વાર્તા ) | ... | ૬૦ |
| ૭૩ | પથ્થરને પારસ કરનારા | ... | ૬૪ |
| ૭૪ | ઓમ નમો અરિહંતાણં એ મંત્ર સદા સમરતો જા | ... | ૬૫ |
| ૭૫ | ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ | ... | ૬૫ |
| ૭૬ | મંમણ શેઠ ( વાર્તાગીત ) | ... | ૬૬ |
| ૭૭ | ગીત તમારા ગાઈએ | ... | ૭૩ |
| ૭૮ | મન મંદિરમાં પ્રભુ પધારે | ... | ૭૪ |
| ૭૯ | જોગી થઈને જાય મહાવીર | ... | ૭૫ |
| ૮૦ | ઈલાચીકુમાર (કાવ્ય–વાર્તા) | ... | ૭૬ |
| ૮૧ | પાપ બધાંથી થાય છે | ... | ૮૧ |
| ૮૨ | અવિચલ સ્વામી | ... | ૮૨ |
| ૮૩ | મારે નયન વસ્યા મહાવીર | ... | ૮૨ |
| ૮૪ | વીતરાગી પાસે રાગીની માંગણી | .... | ૮૩ |
| ૮૫ | આદેશ્વર દાદાને દરબાર | ... | ૮૪ |
| ૮૬ | મહાવીર સ્વામીનું પારણું ( દોહરો ) | ... | ૮૫ |

| ક્રમ | ઝરણું | | પાનું |
|---|---|---|---|
| ૮૭ | વગડાની વાટે | .... | ૮૭ |
| ૮૮ | અમે કરીએ એવા કામ... | .... | ૮૮ |
| ૮૯ | વર્ધમાનના બાળસાથીઓનું ગીત | ... | ૮૯ |
| ૯૦ | જિનજીની વાણી | .... | ૯૧ |
| ૯૧ | મહાવીર નામનો ડંકો | .... | ૯૨ |
| ૯૨ | મન મંદિરીયું મને ગમતું રાજ– | .... | ૯૩ |
| ૯૩ | "વાતમાં રે વાતમાં" | .... | ૯૪ |
| ૯૪ | એક રે દિવસ એવો આવશે | .... | ૯૫ |
| ૯૫ | સોનાની વાટકીમાં કેસર લઈને (ગરબો) | .... | ૯૬ |
| ૯૬ | મનનાં મંદિરે આવો એવી હું આશ કરું... | ... | ૯૭ |
| ૯૭ | જપી લે જપી લે જપી લે મહાવીર | ... | ૯૮ |
| ૯૮ | શકિત નથી પણ ભકિત કરવાં આવું છું ભગવાન.... | | ૯૯ |
| ૯૯ | પાંચગતિ | ... | ૧૦૦ |
| ૧૦૦ | પ્રેમનો સંદેશો | ... | ૧૦૨ |
| ૧૦૧ | પાર્શ્વપ્રભુનું સ્તવન | ... | ૧૦૩ |
| ૧૦૨ | ગૌતમ સ્વામીનો વિલાપ | ... | ૧૦૪ |
| ૧૦૩ | "હું કોણ છું?" | ... | ૧૦૫ |
| ૧૦૪ | મુકિત મળે કે ન મળે | ... | ૧૦૬ |
| ૧૦૫ | મારી આજની ઘડી | ... | ૧૦૬ |
| ૧૦૬ | ચંદનબાળા (કથાગીત) | .... | ૧૦૭ |
| ૧૦૭ | પંખીડા તું ઊડી જાજે | ... | ૧૧૬ |
| ૧૦૮ | ધુન જગાવો | .... | ૧૧૭ |

| ક્રમ | ઝરણું | | પાનું |
|---|---|---|---|
| ૧૦૯ | આપણે પ્રભુ ભક્તિમાં રહીએ | ... | ૧૧૮ |
| ૧૧૦ | તમને કયા કયા તીરથ ગમશે રાજ | .... | ૧૧૯ |
| ૧૧૧ | પ્રભુ રાખજે ઉઘાડા દ્વાર | .... | ૧૨૦ |
| ૧૧૨ | તમે સહારા રે | ... | ૧૨૧ |
| ૧૧૩ | શ્રી પર્યુષણ પર્વની સ્તુતિઓ | .... | ૧૨૨ |
| ૧૧૪ | KSHAMAPANA SUTRA | .... | ૧૨૪ |
| ૧૧૫ | વીરકુંવરની વાતડી | .... | ૧૨૫ |
| ૧૧૬ | રાજમહેલને ત્યાગી | .... | ૧૨૭ |
| ૧૧૭ | મહાવીર મહિમા | .... | ૧૨૭ |
| ૧૧૮ | પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન | .... | ૧૨૮ |
| ૧૧૯ | ખીલા ઠોકાણાં વીરનાં કાનમાં | .... | ૧૨૯ |
| ૧૨૦ | અમે ભક્તિ કરીએ રે આદિનાથ દાદાની | .... | ૧૩૦ |
| ૧૨૧ | મારું જીવન ભક્તિ વિના | .... | ૧૩૧ |
| ૧૨૨ | પ્રભુ મહાવીરને પત્ર | .... | ૧૩૨ |

# નવકાર મંત્ર

| | |
|---|---|
| ઓમ્ નમો અરીહંતાણુંમ | ( Two Times Slow ) |
| | ( Two Times Fast ) |
| ઓમ્ નમો સવ્વ સિદ્ધાણુંમ | ( Two Times Slow ) |
| | ( Two Times Fast ) |
| ઓમ્ નમો આયરીણાંમ્ | ( Two Times Slow ) |
| | ( Two Times Fast ) |
| ઓમ્ નમો ઉવજ્જાયાણુંમ | ( Two Times Slow ) |
| | ( Two Times Fast ) |
| નમો લોએ સવ્વ સાઉણુંમ | ( Two Times Slow ) |
| | ( Two Times Fast ) |
| એસો પંચ નમુક્કારો | ( Two Times Slow ) |
| | ( Two Times Fast ) |
| સવ્વ પાવ્વ પણાસણો | ( Two Times Slow ) |
| | ( Two Times Fast ) |
| મંગલાણુંચ સંવ્વેસીમ્ | ( Two Times Slow ) |
| | ( Two Times Fast ) |
| પઢમમ્ હવઈ મંગલમ્ | ( Two Times Slow ) |
| | ( Two Times Fast ) |

## પ્રભુ ગીત

પ્રભુ તારું ગીત મારે ગાવું છે,
પ્રેમનું અમૃત થાવું છે......પ્રભુ...

આવે જીવનમાં તડકા ને છાયા,
માગું છું હે પ્રભુ! તારી માયા,
ભક્તિના રસમાં ન્હાવું છે......પ્રભુ

ભવસાગરમાં નૈયા ઝુકાવી,
ત્યાં તો અચાનક આંધી ચડી આવી,
સામે કિનારે મારે જાવું છે......પ્રભુ...

તું વીતરાગી હું અનુરાગી,
તારી ભક્તિની રઢ મને લાગી,
પ્રભુ તારા જેવું મારે થાવું છે......પ્રભુ...

# દાદાના શિખરે

દાદાના શિખરે બેઠો રે, મોર ક્યાં બોલે,
મોર ક્યાં બોલે (૨)...દાદાને...

ઉઠી વહેલી સવારે,
હું તો આવ્યો તારે દ્વારે,
તારા દર્શન કરવાને,
તને વંદન કરવાને...મોર...

સોના વાટકડી લાવું,
માંહી કેશર ઘોળાવું,
તારી આંગીઓ રચાવું,
તારી પુજારે ભણાવું...મોર...

રૂડા ફૂલડાં મંગાવું,
એની માળા રે બનાવું,
મારા પ્રભુને પહેરાવું,
વીરની આરતી ઉતારું...મોર...

જૈન સોસાયટી આવે,
તારી ભાવનાઓ ભાવે,
રૂડા સ્તવનો ગવડાવે,
તને અક્ષતે વધાવે...મોર...

# ચાર સ્વપ્ના

ઘોર અંધારી રે, રાતલડીમાં દીઠા સ્વપ્ના ચાર...(૨)
પહેલે સ્વપ્ને રે, જોયા મે તો પાલીતાણાના ધામ...(૨)
પાલીતાણાના ધામમાં રે, મુળનાયક શ્રી આદીશ્વર ભગવાન...(૨)
ચાલો સૌ જઈએ રે, જાત્રા કરવા પાલીતાણા ધામ
ઘોર અંધારી રે........

બીજે સ્વપ્ને રે, જોયા મેં તો શંખેશ્વરના ધામ....(૨)
શંખેશ્વર ધામમાં રે, મુળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન....(૨)
ચાલો સૌ જઈએ રે, અટ્ઠમ કરવા શંખેશ્વરના ધામ
ઘોર અંધારી રે........

ત્રીજે સ્વપ્ને રે, જોયા મેં તો તારંગાના ધામ....(૨)
તારંગા ધામમાં રે, મુળનાયક શ્રી અજીતનાથ ભગવાન....(૨)
ચાલો સૌ જઈએ રે, ભાવના કરવા તારંગાના ધામ
ઘોર અંધારી રે.... ...

ચોથે સ્વપ્ને રે, જોયા મેં તો પાવાપુરીના ધામ....(૨)
પાવાપુરી ધામમાં રે, મુળનાયક શ્રી મહાવીર સ્વામી ભગવાન....(૨)
ચાલો સૌ જઈએ રે, દિવાળી કરવા પાવાપુરીના ધામ
ઘોર અંધારી રે........

# તમે ભાવે ભજી લો ભગવાન

તમે ભાવે ભજી લો ભગવાન, જીવન થોડું રહ્યું,
કંઈક કરજો આત્માનું કલ્યાણ, જીવન થોડું રહ્યું.

એના દીધેલા કોલ, તમે ભૂલી ગયા,
જૂઠી માયા ને મોહમાં ઘેલા થયા,
ચેતો ચેતો શું ભૂલ્યા છો ભાન....
જીવન થોડું રહ્યું....

બાળપણ ને જુવાનીમાં અડધું ગયું,
નહિ ભક્તિના મારગમાં ડગલું ભર્યું,
હવે બાકી છે, એમાં દ્યો ધ્યાન....
જીવન થોડું રહ્યું....

પછી ઘડપણમાં ગોવિંદ ભમશે નહીં,
લોભ વૈભવ ને ધનને ત્યાજશે નહીં,
બનો આજથી પ્રભુમાં મસ્તાન....
જીવન થોડું રહ્યું....

જરા ચેતીને ભક્તિનું ભાથું ભરો,
કંઈક ડર તો પ્રભુજીનો દિલમાં ધરો,
છીએ થોડા દિવસના મહેમાન....
જીવન થોડું રહ્યું....

પછી ઓચિંતું યમનું તેડું થાશે,
નહીં ચાલે તમારું તોફાન....
જીવન થોડું રહ્યું....

# મહાવીર સુકાની

મહાવીર સુકાની થઈને સંભાળ,
નૈયા મધ દરીએ ડૂબતી,
સાચો કિનારો કંઈક બતાવ,
તું છે જીવનનો સારથી...

જીવન નૈયા ભવસાગરમાં ડૂબતી,
આફતની આગમાં અંધારે ઝુલતી,
વાગે માથાના મોયા અપાર,
હાંકુ હું તારા આધારથી...

વૈભવના વાયરા દિશા ભૂલાવતા,
આશાના આભવા મનને ઝુલાવતા,
તોફાન જાગ્યું છે હૃદયે મોઝાર,
હોડી હલકારો મારતી...

ઉંચે છે આભ ને નીચી છે ધરતી,
મનથી માન્યે એક સાચો તું સાધવો,
જુઠો જાણ્યો આ સઘળો સંસાર
જીવું હું તારા આધારથી...

કાયાની હોડીનું કાચું છે લાકડું,
તુ છે મદારી ને હું તારું માકડું,
દોરી ભકતોની ખલી કિરતાર,
ઝુલું હું તારા આધારથી...

તોફાની સાગરથી નૈયાને તારજે,
અરજી અમારી પ્રભુ છેલ્લી સ્વીકારજે,
દર્શન દેજો હોં વારંવાર,
આનંદ તારા સંયોગથી... મહાવીર...

# મારી આ જીવન નૈયા

( રાગ : રમૈયા વતાવૈયા... )

મારી આ જીવન નૈયા...(૨) જો જે ડુબે નૈયા.

નાવ ઝોલે ચઢી, ઉંચે આભે ચઢી,
મારે જાવું દુર કાંઈ સુઝે નહી,
નથી જડતી કળી, રાત કાળી નડી,
ધનઘોર ઘટા જાણે છાઈ રહી,
દશા છે આવી મારી, એને તું લે ઉગારી... જોજેના...

મેઘ ભીષણ ગરજે, વીજ કળકળ બોલે,
મને એકે કિનારો જોવા ના મળે,
તને યાદ કરું છું હું પળે પળે
સાગર છે બહું તોફાની, પ્રભુ તું છે સુકાની... જોજેના...

ચંદ્ર વાદળ છુપાય, તારલીયાના દેખાય,
રાત અંધારી કેમે કરી ના સહેવાય,
નાવ મારી અથડાય, મોજા સાથે પછડાય,
નાવ તુટીને અંદરમાં પાણી ભરાય,
નૈયા જો ડૂબે મારી, જાશે પ્રભુ લાજ તારી... જોજેના...

મારી જીવનની નાવ, પાર એને લગાવ,
મારા અંતરના ખુણામાં દીપક પ્રગટાવ,
જાય જેથી અંધકાર, પહોચું સાગરને પાર,
જૈન સંયુકત મંડળ કરે છે જય જયકાર,
પ્રભુ તારા ગીતડા ગાવા, મારે મન મોટા લ્હાવા.

જો જે ના ડુબે નૈયા...

# કયારે આવશે ઘર મુનીરાજ

( રાગ : તને સાચવે સીતા સતી અખંડ સૌભાગ્યવતી )

કયારે આવશે ઘર મુનીરાજ, ચંદન જુએ વાટલડી...
માથે મુંડીને હાથોમાં બેડી હતી,
ત્રણ ત્રણ દિવસની ઉપવાસી હતી,
વહેતી આંખોમાં આંસુની ધાર, ચંદન જુએ વાટલડી...
ઘરના આંગણીયામાં એ બેઠી હતી
સુકા બાકુલા સીવા ત્યાં કાંઈ નથી
મુખથી ગણતી હતી નવકાર, ચંદન જુએ વાટલડી...
ધાર્યું મનમાં અભિગ્રહ એણે હતું,
મુનીને વહેરાવીને ખાવું હતું,
એવો મનમાં કર્યો નિરધાર, ચંદન જુએ વાટલડી...
તેના મનના મનોરથ પુરા થયા,
ચંદનબાળાના દુઃખ દુર થયા,
ત્યાં તો થઈ ગયો ચમત્કાર, ચંદન જુએ વાટલડી...
બેડી તુટીને માથે વાળ થયા,
ચંદનબાળાના દુઃખો દૂર થયા,
ભકતો ગાવે છે જય જયકાર, ચંદન જુએ વાટલડી...

# શ્રી શંખેશ્વરા પાર્શ્વપ્રભુ

( રાગ : દિલ લુટનેવાલે...... )

શ્રી શંખેશ્વરા પાર્શ્વપ્રભુ, તારૂં નામ જગતમાં અમર છે.
તારૂં નામ જગતમાં અમર છે, તારૂં ધામ જગતમાં અમર છે.

તારી ઉગમણી તો બારી છે
તારા દર્શનની બલિહારી છે
તારા દહેરા પછવાળી ફુલવાડી છે, તારી શોભા તો બહુ ન્યારી છે.

તારું દહેરું ગગનમાં ગાજે છે
દરવાજે વાજા વાગે છે
તારા સોનાના શિખરો ચળકે છે, તારી આંગી ઝગમગ ઝળકે છે.

તારે માથે મુગટ શોભે છે
તારે કાને કુંડળ શોભે છે
તારે હાથે સુંદર વીંટી છે, તારી નવરંગ શોભા દીઠી છે.

મે જાણ્યું પ્રભુ તું દયાળુ છે
દુ:ખીઓના દુ:ખડા ભાંગે છે
આ ભકિત મંડળની અરજી છે, ને મોક્ષે જવાની મરજી છે.

## માનવનો જન્મ

માનવનો જન્મ મળ્યો, મહાવીરનો ધર્મ મળ્યો,
આવો સંયોગ નહીં આવે ફરીવાર....
નહીં આવે ફરીવાર....

સંતોનો સંગ મળ્યો, ભક્તિનો રંગ મળ્યો,
આવો સંયોગ નહીં આવે ફરીવાર....
નહીં આવે ફરીવાર....

માનવનો જન્મ છે મુક્તિનું બારણું,
મહાવીરનો ધર્મ છે મુગતનું પારણું,
સુંદર આ દેહ મળ્યો, ગુરુવરનો સ્નેહ મળ્યો,
આવો સંયોગ નહીં આવે ફરીવાર....
નહીં આવે ફરીવાર....

માનવના જન્મને દેવતાઓ ઝંખતા,
સ્વર્ગના વિવાસો એને ઘણીવાર ડંખતા,
પ્રેમનો પ્રકાશ મળ્યો, ઉરનો ઉજાસ મળ્યો,
આવો સંયોગ નહીં આવે ફરીવાર....
નહીં આવે ફરીવાર....

જન્મને ઉજાળવો છે માનવીના હાથમાં,
ધર્મનો પ્રકાશ છે માનવીના સાથમાં,
રૂડો અવતાર મળ્યો, જીનવર આધાર મળ્યો,
આવો સંયોગ નહીં આવે ફરીવાર....
નહીં આવે ફરીવાર....

# કોઈ આજ ભજો

કોઈ આજ ભજો, કોઈ કાલ ભજો,
પણ અંતે તો ભજવું પડશે,
કોઈ આજ તજો, કોઈ કાલ તજો,
પણ અંતે તો તજવું પડશે... કોઈ...

મહાવીર દયાનું ઝરણું છે,
મારે જન્મની સાથે મરણું છે,
એવું વિર પ્રભુનું તરણું છે,
શીવ સુખ અમોને આપોને... કોઈ...

જેવી વાદળ કેરી છાયા છે,
તેવી મીઠી જગની માયા છે,
એવી હળેશ ભરેલી કાયા છે,
શીવ સુખ અમોને આપોને... કોઈ...

જેણે ભેખ અલકમાં ભજવ્યો છે,
આલમમાં ડંકો બજવ્યો છે,
મને પ્રાણ થકી લાગ્યો પ્યારો,
શીવ સુખ અમોને આપોને... કોઈ...

આ ભવસાગરમાં તરનારો,
વળી ખાસ કામમાં કરનારો,
મુની હેમની હરકત હરનારો,
શીવ સુખ અમોને આપોને... કોઈ...

## "જીવનની નાવ"

મારા જીવન કેરી નાવ.......તારે હાથ સોંપી છે
ચાહે ડુબાડે કે તાર.......તારે હાથ સોંપી છે.
ભવસાગરની ભૂલવણીમાં......ભુલી પડી છે નાવડી
એને ઠેકાણે તું લાવ......તારે........
એક જ છિદ્ર પડે નાવમાં......તો યે ડુબી જાય છે
અહીં તો ઘણા સુખ છે દ્વાર......તારે.........
માયા જીવથી દરીયો ભરીયો......મમતાના તોફાન છે
પ્રભુ નાવલડી તું તાર......તારે........

*

## હંસલો આવ્યો જવાનો

હંસલો આવ્યો જવાનો એકલો રે
ત્યાં નથી કોઈનો રે સંઘાત...હંસલો...
રસ્તો વિકટ ઘણો રે આવશે રે
ભોમીયા લેજો તમે સંઘાત...હંસલો....
સદ્‌ગુરૂ રસ્તો તો બતલાવશે રે
જોજો ભુલી ના જાતા વાટ...હંસલો...
માટે સાચા તે સંતને સેવજો રે
સંત તો મુક્તિના દેનાર...હંસલો...
ભક્તિ તણું ભાથું તમે બાંધજો રે
ત્યાં નથી વાણીયા કેરા હાટ...હંસલો...
માટે ભાવે ભજો ભગવાનને રે
એનો ઉતારે ભવજળ પાર...હંસલો...

## ચમકે ચમકે ચાંદલીઓ....

ચમકે ચમકે ચાંદલીયો ચમકે છે
ત્યાં તો બોલે પાવાપુરી મોર . ચાંદલીયો
ત્યારે જનમ્યા વીરકુમાર... ચાંદલીયો

ત્યાં તો સોનારૂપાના પારણા
એ તો ઝુલાવે ત્રિશલામાત... ચાંદલીયો

ત્યાં તો ચોસઠ ઈન્દ્ર આવે છે
પ્રભુને મેરૂ શિખર લઈ જાય... ચાંદલીયો

પ્રભુ આઠ વરસના થાય છે
એ તો બડા વ્યાક્રણ ભણી જાય... ચાંદલીયો

જ્યારે યોવનવય પ્રભુ પામે છે
એ તો પરણે યશોદા નાર... ચાંદલીયો

જ્યારે માતપિતા સ્વર્ગે પહોંચ્યા
ત્યારે દિક્ષાનો ઉદય થાય... ચાંદલીયો

કેવળ લઈ પ્રભુ મુક્તિ પહોંચ્યા
બન્યા ચોવીસમાં જીનરાય... ચાંદલીયો

## હરજો કરજો નૈયા પાર

હરજો કરજો નૈયા પાર, મહાવીર તારો છે આધાર
મારા જીવનનો તું સાર...મહાવીર તારો છે આધાર
જુઠ્ઠી છે આ જગની માયા, જુઠ્ઠી છે આ કાચી કાયા
જુઠ્ઠો જાણ્યો છે સંસાર......મહાવીર......
જીવન આ લાગે છે ખારું, નામ તમારું લાગે પ્યારું
તમે છો સાચા તારણહાર......મહાવીર......
મારી અરજી ઉરમાં ધરજો, સંકટ મારા દૂરે કરજો
તમે છો આશાના એક તાર......મહાવીર......
મારી નૈયા નિર્ભય કરજો, પ્રભુ તમે સુકાની બનજો
હરજો અજ્ઞાનના અંધકાર......મહાવીર......
સુંદર ગુણ તમારા ગાતા, વીર પ્રભુને મળવા જાતાં
સુનો જાણ્યો છે સંસાર......મહાવીર......

*

## "મહાવીર સ્વામીનું હાલરડું"

સાખી : હે...બાળને લાડ લડાવતી'તી માડી
ઘોડીઆની દોરી વાણતી'તી, સુર મધુર મધુર
સુણાવીને ઉરના અમૃત સીંચતી'તી,....
હે....વીર થજે, ગંભીર થજે, તું આશીષ એવા આપતી'તી,
લવી લવી નીજ લાજના લોચન,
વ્હાલ ભરીને નીહાળતી'તી......

## પહેલી બાજુ

( Kadva Fal Chhe Krodhana )

કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે;
રીસતણાં રસ જાણીએ, હરાહર તોલે.
ક્રોધે ક્રોડ પૂરવતણું, સંજમ ફલ જાય;
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય.
સાધુ ઘણો તપીઓ હતો, ધરતઃ મન વૈરાગ;
શિષ્યના ક્રોધથકી થયો, ચંડકોશીઓ નાગ.
આગ ઊઠે જે ઘરથકી, તે પહેલું ઘર બાળે;
જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પરજાળે.
ક્રોધતણી ગતિ એહવી, કહે કેવલતાણી;
હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી.
ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગળે માહી;
કાયા કરજો નિર્મળી ઉપશમ રસે નાહી.

*

## બીજી બાજુ

RE JIV ! MAN NA KIJIYE

રે જીવ ! માન ન કીજીએ, માને વિનય ન આવે રે;
વિનય વિના વિદ્યા નહિ, તો કિમ સમકિત પાવે રે;
સમકિત વિણ ચારિત્ર નહિ, ચારિત્ર વિણ નહિ મુકિત રે;
મુકિતનાં સુખ છે શાશ્વતાં તે કિમ લહીએ જુકિત રે;
વિનય વડો સંસારમાં, ગુણમાંહે અધિકારી રે;
માને ગુણ જાયે ગળી. પ્રાણી જોજો વિચારી રે;
માન કર્યું જો રાવણે તો તે રામે માર્યો રે;
દુર્યોધન ગર્વે કરી, અંતે સવિ હાર્યો રે;
સૂકાં લાકડાં સારીખો, દુઃખદાયી એ ખોટો રે;
ઉદયરત્ન કહે માનને, દેજો દેશવટો રે.

## વીરને પારણે ઝુલાવે

( રાગ : મેરી પ્યારી બહનીયા )

વીરને પારણે ઝુલાવે શ્રી ત્રિશલામાતા,
હે તે હવરાવે રે હરખાતા,
ગીત ગાતા અમીરસ પાતા...(૨)...

પચરંગી રત્નો પારણે જડેલા,
હીરા મોતીને માણેક મઢેલા,
રેશમી દોરી ખેંચી હળવે હિચોળતા,
વ્હાલા અંતરમાં રે ઉભરાતા... ગીત...

દીન દુ:ખીઆના દુ:ખ દૂર કરજે,
જીવ દયાને તું દિલમાં ધરજે,
અહીંસા ધર્મનો ધ્વજ લહેરાવી,
સાચા જ્ઞાનનો થાજે દાતા... ગીત...

ધીર વીર ને ગંભીર તું થાજે,
સ્નેહના સહુને નીર તું પાજે,
મુક્તિની મંગળ માળા વેરીને,
સૌ ચુકવીને કર્મના ખાતા... ગીત...

# પ્રભુજી જાવું પાલીતાણા

પ્રભુજી જાવું પાલીતાણા શહેર કે,
મન હરખે ઘણું રે લોલ...
પ્રભુજી સંઘ આવે ઘણી રાંકે
સિદ્ધગીરી ભેટવા રે લોલ...
પ્રભુજી આવ્યું પાલીતાણા શહેર કે
તળેટી શોભતી રે લોલ...
આવ્યો હિંગળાજીનો હાડો કે
કેડે હાથ દઈ ચઢો રે લોલ...
પ્રભુજી આવ્યો શાળા કુંડ કે
પગલા ભરીએ રે લોલ...
પ્રભુજી આવી રાત્ર પોળ કે
સામા મોતી વરસે રે લોલ...
પ્રભુજી આવી વાઘણ પોળ કે
ડાબા ચક્રેશ્વરી રે લોલ...
ચક્રેશ્વરી જીનશાસન રખવાળ કે
સંઘની છાયા કરે રે લોલ...
પ્રભુજી આવી હાથણ પોળ કે
સામા જગધણી રે લોલ...
પ્રભુજી આવ્યો મુલ ગંભારો કે
આદિનાથ ભેટીએ રે લોલ...
આદિનાથ ભેટતા દુઃખ જાય કે
શિવ સુખ પામીએ રે લોલ...

## રાગ છે મારે ને ત્યાગ

( રાગ : માર દિયા જાય, યા છોડ દિયા જાય )

રાગ છે મારે ને ત્યાગ છે તારે,
કેમ કરીને ગાવા વિતરાગને મારે

તારો વાસ છે મુક્તિના મહેલમાં,
મારે રહેવાનું સંસારી જેલમાં,
તારા સુખની શી વાત, મારે દુઃખ દિનરાત,
વેર છે તારે. ને પ્રેમ છે તારે...કેમ...

મારે માથે છે કર્મના ભારા,
તારે માથે છે દયાના ભારા,
આવા કર્મનો તાપ, મારે કરવો પસ્તાવ,
માન છે મારે, ને વૈરાગ છે તારે...કેમ...

મોહમાયાની મારે ઉપાધી,
તારે રહેતી સદા એ સમાધી,
મારે કાજળ શી રાત, તારે નીત્ય પ્રભાત,
ભોગ છે મારે, ને જોગ છે તારે...કેમ...

*

## મંગલ મંદિર ખોલો....

મંગલ મંદિર ખોલો, દયામય! મંગલ મંદિર ખોલો.
જીવન-વન અતિ વેગે વટાવ્યું, દ્વાર ઊભો શિશુ ભોળો-દયા૦ ૧
તિમિર ગયું ને જ્યોત પ્રકાશ્યો, શિશુને ઉરમાં લ્યો લ્યો-દયા૦ ૨
નામ મધુર તુમ રટ્યો નિરંતર, શિશુ સહ પ્રેમે બોલો-દયા૦ ૩
દિવ્ય તૃષાતુર આવ્યો બાળક, પ્રેમ અમીરસ ઢોળો-દયા૦ ૪

# 'મહાવીર સ્વામીનુ' સ્તવન'

વિષ ધરીને વિષધર સુતો, ચંડકોશીયા નામી...
મહાભયંકર એ મારગમાં, વિચરે મહાવીર સ્વામી...

જાશો મા પ્રભુ પંથ વિકટ છે,
ઝેર ભર્યા એક નામ નીકટ છે...
હાથ જોડીને વિનવે વીરને,
લોક બધાં ભય પામી...
...મહાભયંકર એ...

આવી ગંધ જ્યાં માનવ કેરી,
ડંશ દિધો ત્યાં થઈને વેરી,
હિંસા અને અહિંસા વચ્ચે,
લડાઈ ભીષણ જામી...
...મહાભયંકર એ...

દુધ વહ્યું જ્યાં પ્રભુને ચરણે
ચંડકોશીયો આવ્યો શરણે...
કંઈક સમજ તું કંઈક સમજ તું,
કંકે કરૂભા આણી...
...મહાભંયકર એ...

વેરથી વેર શમે નહી જગમાં,
પ્રેમથી પ્રેમ વધે જીવનમાં,
પ્રેમ ધર્મનો પરીચય પામી,
નાગ રહ્યો શીરનામી...
....મહાભયંકર એ...

## 'મહાવીર સ્વામીનું હાલરડું....'

સુઈ જા રે... સુઈ જા... ઓ મારા બાળ.
ત્રિશલા ઝુલાવે ગીત ગાઈને રસાળ
ગીતમાંથી નીતરે છે, અમૃતનું વ્હાલ...
ત્રિશલા ઝુલાવે ગીત ગાઈને રસાળ.
મીઠાં મીઠાં હાલરડાં ગાવું તારે કાજે....
જાગવાનું ઘણું છે તું સુઈ જા ને આજે....
અવનવી ઉગશે રે...આવતી રે હાલ....ત્રિશલા...
દુનિયાના રંગમાં થઈશ મા રાગી....
એક દિવસ સંસાર દે જે તું ત્યાગી....
ત્યારે ધરમની માંડજે નીશાળ....ત્રિશલા...
દુનિયામાં નામ અમર તું કરજે....
જિન શાસનની જ્યોતિ તું બનજે....
મેળવજે તું મુકિતનું માળ....ત્રિશલા...
વ્હાલા વર્ધમાન તું થાજે મહાન....
રાજાઓના રાજા તને દેશે ધાવું માન....
દીન દુઃખીયાની તું લેજે સંભાળ....
જો જે સારી દુનિયા તારા ગાશે ગુણગાન....
સાચા રે જ્ઞાનનું દેજે તું દાન... જો જે સારી દુનિયા...
મુરખ મન મારું મારું શીદ કરે....
ફોગટ ભવ ભ્રમણા કરતો ફરે....
તારું ધાર્યું થાતું હોય તો ઈચ્છા વીણ કેમ મરે
પાપની શ્રદ્ધા ભરીને પાપી, ભરી નરક અવતરે....ફોગટ...
મરણ કાળ જબ આવે પાસ તબ, કાળ આયખું ચડે,
આતમ પાય જોઈ પરભવ, કામ કહી નકીં કરે....ફોગટ...
માનની શ્રુદ્ધિ તારી જાણી, ભ્રમણા ભાઈ ફરી હરે...
બુદ્ધિ સાગર આતમ જાને, વંછીત પારજ કરે....ફોગટ...

# શા માટે ?

( તર્જ :—ચાંદ સી મહેબૂબા હો—'હિમાલયકી ગોદમેં' )

ચાર દિવસના ચાંદરણા પર જૂઠી મમતા શા માટે ?
જે ના આવે સંગાથે, — એની માયા શા માટે ?

આ વૈભવ સાથે ના આવે, પ્યારાં સ્નેહી પણ ના આવે
તું ખૂબ મથે જેને જાળવવા, એ જોબન સાથે ના આવે,
અહીંનું છે અહીંયા રહેવાનું, એની દોસ્તી શા માટે ?
જે ના આવે સંગાથે....

મેં બાંધેલી મહેલાતો ને, દોલતનું કાલે શું થાશે ?
જાવું પડશે જો અણધાર્યું, પરિવારનું ત્યારે શું થાશે ?
સૌનું ભાવિ સૌની સાથે, એની ચિંતા શા માટે ?
જે ના આવે સંગાથે....

સુંવાળી દોરીના બંધન, આજે સૌ પ્રેમ થકી બાંધે,
પણ તૂટે તંતુ આયુષ્યનો, ત્યારે કોઈ એને ના સાંધે,
ભીડ પડે ત્યાં તડતડ તૂટે, એવા બંધન શા માટે ?
જે ના આવે સંગાથે...

# જ્યાં વસે છે તું

( તર્જ :-બસ યહી અપરાધ-'પહચાન' )

તું મને ભગવાન એક વરદાન આપી દે,
જ્યાં વસે છે તું મને ત્યાં સ્થાન આપી દે.

હું જીવું છું એ જગતમાં જ્યાં નથી જીવન,
જિંદગીનું નામ છે બસ બોજ ને બંધન,
આખરી અવતારનું મંડાણ બાંધી દે,
જ્યાં વસે છે તું...

આ ભૂમિમાં ખૂબ ગાજે પાપના પડઘમ,
બેસુરી થઈ જાય મારી પુણ્યની સરગમ,
દિલરૂબાના તારનું ભંગાણ સાંધી દે,
જ્યાં વસે છે તું...

જેમ તનમાં જ્યાં લગી છે સૌ કરે શોષણ,
જેમ જાતાં કોઈ અહિંયા ના કરે પોષણ,
મતલબી સંસારનું જોડાણ કાપી દે,
જ્યાં વસે છે તું....

# મળ્યા મને પરમાતમા

(તર્જ : મૈં તો ભૂલ ચલી બાબુલકા–'સરસ્વતીચંદ્ર')

મારો ધન્ય બન્યો આજે અવતાર,
કે મળ્યા મને પરમાતમા.
કરું મોંઘો ને મીઠો સત્કાર,
કે મળ્યા મને પરમાતમા.
મારો ધન્ય બન્યો...

શ્રદ્ધાના લીલુડાં તોરણ બંધાવું,
ભક્તિના રંગોથી આંગણ સજાવું,
હો સજે હૈયું સોનેરી શણગાર,
કે મળ્યા મને પરમાતમા.

પ્રીતિના મઘમઘતા ફૂલડે વધાવું,
સંસ્કારે ઝળહળતા દીવડા પેટાવું,
હો કરે મનનો મોરલિયો ટહુકાર,
કે મળ્યા મને પરમાતમા.

ઉરના આસનિયે હું પ્રભુને પધરાવું,
જીવન આખું એના ચરણે બિછાવું,
હો હવે થાશે આતમનો ઉદ્ધાર,
કે મળ્યા મને પરમાતમા.

*

# પાવન થાઉં

( તર્જ : ઝીલમીલ સિતારોંકા આંગન-'જીવનમૃત્યુ' )

હરદમ તમારા હું ગુણ ગાઉં,
કીર્તન કરૂં ને પાવન થાઉં,
ભક્તિ કેરા રંગે સ્વામી ! હું રંગાઉં,
હરદમ તમારા...

આંખ જ્યાં મીંચું ત્યાં, સ્વામી ! તમને હું નિહાળું છું,
રૂડું રૂડું રૂપ તમારૂં નીરખીને હરખાઉં છું,
દર્શન થતાં તો હું અંજાઉં, કીર્તન કરૂં ને...

કાનમાં ગૂંજે છે, સ્વામી ! બોલ તમારા ઉપકારી,
સૂના સૂના જીવનમાં જાગે છે મીઠી ઝંકારી,
ચિંતનની ધારામાં હું ભીંજાઉં, કીર્તન કરૂં ને...

શ્વાસ જ્યાં લઉં ત્યાં, સ્વામી ! તમે હૃદયમાં આવો છો,
બૂરી બૂરી વાસનાઓ ત્યાંથી દૂર કરાવો છો,
અર્પણ તમોને હું થઈ જાઉં, કીર્તન કરૂં ને...

# જાવું મારે એકલડું

(તર્જ : મા મુઝે અપને આંચલમેં છૂપા લે-'છોટાભાઈ')

ના, નહી માગું હું કોઈ સહારો, નિર્ધાર છે મારો,
કે જાવું મારે એકલડું.

સિંહ બની ચડવો છે મુક્તિ-મિનારો, નિર્ધાર છે મારો,
કે જાવું મારે એકલડું.

શ્રદ્ધા-સંકલ્પ મારા સાચા રે સંગાથી,
શંકા ને બીક મેં કાઢી મનમાંથી.
લાગે મને લેવો આરામ અકારો, નિર્ધાર છે મારો,
કે જાવું મારે એકલડું.

પહોંચવું જરૂર મારે આખરી મુકામે,
આવે ભલે આંધી-તોફાન સામે,
ખૂબ લડું જીતું ને ઝાલું કિનારો, નિર્ધાર છે મારો,
કે જાવું મારે એકલડું.

પંથ બને કાંટાળો એ જ મને પ્યારૂં,
મુક્તિ મળે સ્હેજે, હું ના સ્વીકારૂં,
થાવું નથી ભિક્ષુ કે રાંક-બિચારો, નિર્ધાર છે મારો,
કે જાવું મારે એકલડું.

## પ્રવાસીને

(તર્જ : બહારોં ફૂલ બરસાઓ–'સુરજ')

ભટકવું કયાં લગી તારે ? પ્રવાસી ! પંથ બદલી લે,
પહોંચવા મુક્તિના દ્વારે, પ્રવાસી ! પંથ બદલી લે.

ઘડીભર તું વિચારી જો મજલ તેં કેટલી કાપી ?
કયાં યે દેખાય છે મંઝિલ ? નજરથી આજ લે માપી,
નયનનાં તેજ પોકારે, પ્રવાસી ! પંથ બદલી લે.

ફૂલો પથરાયેલા દેખી તારૂં મન દોડે લલચાતું,
એ કાગળનાં બનેલા છે તને ના કેમ સમજાતું ?
ભરમ આ ભાંગશે કયારે ? પ્રવાસી ! પંથ બદલી લે.

એ મારગ છે સુંવાળો પણ, ખીણો આવે છે અંધારી,
લપસવાનું સહેલું છે, ઉગરવું થઈ જાશે ભારી,
હજી પણ ચેત અત્યારે, પ્રવાસી ! પંથ બદલી લે.

*

## BHAJAN

Sab milke aaj jai kaho Shri Veer Prabhu ki,
Mastak jhuka ke jai kaho Shri Veer Prabhu ki,

Vighnon ka nash hota hai lene se nam ke,
Mala sada japte raho Shri–Veer Prabhu ki... 1

Gyani bano dani bano balvan bhi bano,
Akalanksam banke kaho jai Veer Prabhu ki... 2

Hokar swatantra Dharma ki raksha sada karo,
Nirbhaya bano aur jai kaho Shri Veer Prabhu ki. 3

Tujhko bhi agar Moksha ki ichha hui hai 'das'
Us vaani pe shradha karo Shri Veer Prabhu ki... 4

# પુન્યોદય

(તર્જ : મૌસમ હૈ આશિકાના–'પાકીઝા')

હું કેવો ભાગ્યશાળી !
ભગવાનની ભૂમિને આ ભવમાં મેં નિહાળી,
હું કેવો ભાગ્યશાળી !

માતા થકી વિખૂટો, બાળક ભમે અટૂલો,
એવી રીતે પડ્યો'તો, આ વિશ્વમાં હું ભૂલો,
જુગજુગથી ઝંખતો'તો, એ ધરતી આજ ભાળી,
હું કેવો ભાગ્યશાળી !

અજગર કોઈ બને છે, કોઈ પશુ બને છે,
કોઈ બને કબુતર, જંતુ કોઈ બને છે,
માનવજન્મ પામ્યો, જે જીવને લે ઉગારી,
હું કેવો ભાગ્યશાળી !

ભટકી રહ્યાં છે જ્યાં ત્યાં, માનવજીવો અભાગી,
કયા મારગે જવું તે, છે જેમની ઉપાધિ,
કેડી છે મારી સામે, ભગવાને જે બતાવી,
હું કેવો ભાગ્યશાળી !

# સુણો ચંદાજી

સુણો ચંદાજી, સીમંધર પરમાતમ પાસે જાજો;
મુજ વિનતડી, પ્રેમ ધરીને એણી પેરે તુમ સંભળાવજો,
ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇંદ્ર પાયક છે;
જ્ઞાન દરિસણ જેહને ક્ષાયક છે. સુણો૦ ૧

જેની કંચનવરણી કાયા છે; જસ ધોરી લંછન પાયા છે;
પુંડરીગિણી નગરીનો રાયા છે. સુણો૦ ૨

બાર પર્ષદામાંહિ બિરાજે છે; જસ ચોત્રીશ અતિશય છાજે છે;
ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે. સુણો૦ ૩

ભવિજનનને જે પડિબોહે છે, તુમ અધિક શીતલ ગુણ સોહે છે;
રૂપ દેખી ભવિજન મોહે છે. સુણો૦ ૪

તુમ સેવા કરવા રસીયો છું પણ ભરતમાં દૂર વસીયો છું,
મહામોહરાય કર ફસીયો છું. સુણો૦ ૫

પણ સાહિબ ચિત્તમાં ધરીયો છે, તુમ આણાખડગ કર ગ્રહીયો છે,
પણ કાંઈક મુજથી ડરીયો છે. સુણો૦ ૬

જિન ઉત્તમ પૂંઠ હવે પૂરો, કહે 'પદ્મવિજય' થાઉં શૂરો;
તો વાધે મુજ મન અતિ નૂરો. સુણો૦ ૭

# શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો રે;
સાંભળીને આવ્યો હું તીરે, જન્મ મરણ દુઃખ વારો,
સેવક અરજ કરે છે રાજ, અમને શિવ સુખ આપો. એ આંકણી० (૧)

સહુકોનાં મનવાંછિત પુરો, ચિંતા સહુની ચૂરો,
એહવું બિરૂદ છે રાજ તમારૂં, કેમ રાખો છો દૂરે? સે० (૨)

સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો,
કરૂણા-સાગર કેમ કહેવાશો, જો ઉપગાર ન કરશો. સે० (૩)

લટપટનું હવે કામ નહીં છે, પ્રત્યક્ષ દરિશન દીજે;
ધુમાડે ધીજું નહીં સાહિબ, પેટ પડયા પ્રતિજે. સે० (૪)

શ્રી શંખેશ્વર મંડણ સાહેબ, વિનતડી અવધારો,
કહે 'જિનહર્ષ' મયા કરી મુજને, ભવસાગરથી તારો. સે० (૫)

*

# શ્રી સિદ્ધાચલજીની સ્તુતિ (૧)

શ્રી શત્રુંજય તીરથ સાર, ગિરિવરમાં જેમ મેરૂ ઉદાર,
ઠાકુર રામ અપાર. મંત્રમાંહે નવકાર જ જાણું;
તારામાં જેમ ચંદ્ર વખાણું, જલધર જલમાં જાણું;
પંખીમાંહે જેમ ઉત્તમ હંસ, કુલમાંહે જેમ ઋષભનો વંશ,
નાભીતણો એ અંશ, ક્ષમાવંતમાં શ્રી અરિહંત,
તપશુરામાં મહામુનિવંત, શત્રુંજય ગિરિ ગુણવંત. (૧)

# શ્રી આદીશ્વર પ્રભુનું સ્તવન

## ( ૧ )

પ્રથમ જિનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધી રે કાય.
કલ્પવૃક્ષ પરે તાસ ઇંદ્રાણી, નયન જે ભૃંગ પરે લપટાય. ૧

રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જેહ આસ્વાદ;
તેહથી પ્રતિહત તેહ, માનું કોઈ નવિ કરે, જગમાં તુમશું રે વાદ. ૨

વગર ધોઈ તુજ નિરમળી કાયા કંચનવાન;
નહિં પ્રસ્વેદ લગાર તારે તું તેહને, જે ધરે તાહરૂં ધ્યાન. ૩

રાગ ગયો તુજ મન થકી, તેહમાં ચિત્ર ન કોય;
રૂધિર અમિષથી રાગ ગયો તુજ જન્મથી, દૂધ સહોદર હોય. ૪

શ્વાસોશ્વાસ કમળ સમો, તુજ લોકોત્તર વાત,
દેખે ન આહાર નિહાર ચર્મચક્ષુ ધણી, એહવા તુજ અવદાત. ૫

ચાર અતિશય મૂળથી, ઓગણીશ દેવના કીધ,
કર્મ ખપ્યાથી અગ્યાર, ચોત્રીશ એમ અતિશયા, સમવાયાંગે પ્રસિદ્ધ ૬

જિન ઉત્તમ ગુણ આવતાં ગુણ આવે નિજ અંગ,
'પદ્મવિજય' કહે એહ સમય પ્રભુ પાળજો,
જેમ થાઉં અક્ષય અભંગ. પ્રથમ૦ ૭

# ઋષભ જિનેશ્વર

( ૨ )

( કરમ પરીક્ષા કરણકુમાર ચાલ્યો—એ દેશી )

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઔર ન ચાહું રે કંત.
રીઝ્યો સાહેબ સંગ ન પરિહરે રે ભાંગે સાદિ અનંત. ઋષભ૦ ૧

પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોય,
પ્રીત સગાઈ રે નિરૂપાધિક કહી રે, સોપાધિક ધન ખોય. ઋષભ૦ ૨

કોઈ કંત કારણ કાષ્ટ ભક્ષણ કરે રે, મીલશું ને કંત ધાય,
એ મેળો નવિ કહિએ સંભવે રે, મેળા ઠામ ન ઠાય. ઋષભ૦ ૩

કોઈ પતિરંજન અતિઘણું તપ કરે રે, પતિરંજન તન તાપ,
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે રંજન ધાતુ મિલાપ. ઋષભ૦ ૪

કોઈ કહે લીલા રે અલખ અલખતણી રે,
લખ પુરે મન આશ, દોષ રહિતને લીલા નવિ ઘટે રે,
લીલા દોષ વિલાસ. ઋષભ૦ ૫

ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ.
કપટ રહિત થઈ આતમ અરપણા રે. 'આનંદઘન' પદ રેહ. ઋષભ૦ ૬

( ૩ )

જગજીવન જગ વાલ હો, મારૂદેવાનો નંદલાલ રે;
મુખ દીઠે સુખ ઉપજે. દર્શન અતિહિ આનંદ લાલ રે. જગ૦ ૧

આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશી સમ ભાલ લાલ રે;
વદન તે શરદ ચંદલો, વાણી અતિહિ રસાલ લાલ રે. જગ૦ ૨

લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલ રે;
રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહીં પાર લાલ રે. જગ૦ ૩

ઇંદ્ર ચંદ્ર રવિ ગિરિતણા, ગુણ લઈ ઘડીયું અંગ લાલ રે;
ભાગ્ય કિહાં થકી આવીયું. અચરિજ એહ ઉત્તંગ લાલ રે. જગ૦ ૪

ગુણ સઘળા અંગે કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે,
વાચક 'જશવિજયે' થુણ્યો; દેજો સુખનો પોષ લાલ રે. જગ૦ ૫

*

## શ્રી શાંતિનાથ જિન સ્તવન

શાંતિ જિનેશ્વર સાચો સાહિબ, શાંતિકરણ અનુકુલમેં હો જિનજી,
તું મેરા મનમેં તું મેરા દિલમેં, ધ્યાન ધરૂં પલ પલમેં
સાહેબજી, તું મેરા...૧

ભવમાં ભમતાં મેં દરિશન પાયો, આશા પૂરો એક પલમેં
હો જિનજી, તું મેરા...૨

નિર્મલ જ્યોત વદન પર સોહે નિકસ્યો, જ્યું ચંદ બાદલમેં
હો જિનજી, તું મેરા...૩

મેરો મન તુમ સાથે લીનો, મીન વસે જ્યું જલમેં
સાહેબજી, તું મેરા...૪

'જિનરંગ' કહે પ્રભુ શાંતિ જિનેશ્વર, દીઠોજી દેવ સકલમેં
હો જિનજી, તું મેરા...૫

# માતા મરુદેવીના

માતા મરુદેવીના નંદ દેખી તાહરી મૂરતિ મારૂં મન લોભાણુંજી;
મારૂં દિલ લોભાણુંજી. દેખી૦ ૧

કરૂણાનાગર કરૂણાસાગર, કાયા કંચનવાન;
ધોરી લંછન પાઉલે કાંઈ, ધનુષ્ય પાંચસેં માન. માતા૦ ૨

ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર,
જોજન-ગામિની વાણી મીઠી વરસંતી જળધાર. માતા૦ ૩

ઉર્વશી રૂડી અપચ્છરા ને, રામા છે મનરંગ;
પાયે નેપૂર રણઝણે કાંઈ, કરતી નાટારંભ. માતા૦ ૪

તુંહી બ્રહ્મા, તુંહી વિધાતા. તુંહી જગ તારણહાર,
તુજ સરીખો નહીં દેવ જગતમાં, અરવડીઆ આધાર. માતા૦ ૫

તુંહી ભ્રાતા તુંહી ત્રાતા, તુંહી જગતનો દેવ;
સુરનર કિન્નર વાસુદેવા, કરતા તુજપદ સેવ. માતા૦ ૬

શ્રી સિદ્ધાચલ તીર્થ કેરો, રાજા રૂષભ જિણંદ;
કીર્તિ કરે 'માણેકમુનિ' તાહરી, ટાળો ભવભય ફંદ. માતા૦ ૭

# શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન (૧)

આવો આવો પાસજી મુજ મળીયા રે,
મારા મનના મનોરથ ફળીયા. આવો આવો૦

તારી મૂરતિ મોહનગારી રે,
સહુ સંઘને લાગે છે પ્યારી રે,
તમને મોહી રહ્યા સુર નરનારી. આવો૦ ૧

અલબેલી મૂરત પ્રભુ તારી રે,
તારાં મુખડા ઉપર જાઉં વારી રે,
નાગ–નાગણીની જોડ ઉગારી. આવો૦ ૨

ધન્ય ધન્ય દેવાધિદેવા રે,
સુર લોક કરે છે સેવા રે,
અમને આપોને શિવપુર મેવા. આવો૦ ૩

તમે શિવરમણીયના રસીયા રે,
જઈ મોક્ષપુરીમાં વસીયા રે,
મારા હૃદય કમળામાં વસીયા. આવો૦ ૪

જે કોઈ પાર્શ્વતણા ગુણ ગાશે રે,
ભવ ભવનાં પાતિક જાશે રે,
તેના સમકિત નિર્મલ થાશે. આવો૦ ૫

પ્રભુ ત્રેવીશમાં જિનરાયા રે,
માતા વામાદેવીના જાયા રે,
અમને દરિશન દ્યોને દયાલા. આવો૦ ૬

હું તો લળી લળી લાગું છું પાય રે,
મારા ઉરમાં તે હરખ ન માય રે;
એમ 'માણેકવિજય' ગુણ ગાય. આવો૦ ૭

## શ્રી મહાવીર સ્વામીનું સ્તવન (૧)

ગિરુઆ રે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મ્હારી નિર્મલ થાયે કાયા રે. ગિ૦ ૧

તુમ ગુણ ગંગાજળે, હું ઝીલી નિર્મલ થાઉં રે;
અવર ન ધંધો આદરૂં, નિશદિન તોરા ગુણ ગાઉં રે. ગિ૦ ૨

ઝીલ્યા જે ગંગાજલે, તે છિલ્લર જલ નવિ પેસે રે;
જે માલતી ફૂલે મોહીયા, તે બાવળ જઈ નવિ બેસે રે. ગિ૦ ૩

એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે;
તે કેમ પર સુર આદરે, જે પરનારી વશ રાચ્યા રે. ગિ૦ ૪

તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;
વાચક 'યશ' કહે માહરે, તું જીવ જીવન જીવ આધારો રે. ગિ૦ ૫

*

## સિદ્ધારથના રે નંદન (૨)

સિદ્ધારથના રે નંદન વિનવું, વિનતડી અવધાર
ભવમંડપમાં રે નાટક નાચીયોં, હવે મુજ દાન દેવરાય
હવે મુજ પાર ઉતાર. સિદ્ધા૦ ૧
ત્રણ રતન મુજ આપો તાતજી, જેમ નાવે રે સંતાપ,
દાન દિયંતા રે પ્રભુ કોસીર કીસી ?
આપો પદવી રે આપ. સિદ્ધા૦ ૨
ચરણ અંગુઠે રે મેરુ કંપાવીયો, મોડયાં સુરના રે માન,
અષ્ટ કર્મના રે ઝઘડા જીતવા દીધાં વરસી રે દાન. સિદ્ધા૦ ૩
શાસન નાયક શિવસુખ દાયક, ત્રિશલા કુખે રતન,
સિદ્ધારથનો રે વંશ દીપાવીયો, પ્રભુજી તમે ધન્ય ધન્ય. સિદ્ધા૦ ૪
વાચકશેખર કીર્તિવિજય ગુરુ, પામી તાસ પસાય,
ધર્મતણા એહ જિન ચોવીશમા,
'વિનયવિજય' ગુણ ગાય. સિદ્ધા૦ ૫

# આરતી શ્રી મહાવીર સ્વામી કી

જય મહાવીર પ્રભો, સ્વામી જય મહાવીર પ્રભો,
કુન્ડલપુર અવતારી, ત્રિશલાનંદ વિભો...ૐ જય મહા૦ પ્રભો.
સિદ્ધાર્થ ઘર જન્મે, વૈભવ થા ભારી,
સ્વામી વૈભવ થા ભારી.
બાલ બ્રહ્મચારી વ્રત, પાલ્યો તપધારી....ૐ જય મહા૦ પ્રભો.
આતમજ્ઞાન વિરાગી, સમદૃષ્ટિ ધારી.
માયા મોહ વિનાશક, જ્ઞાન જ્યોતિ જારી....ૐ જય મહા૦ પ્રભો.
જગમેં પાઠ અહિંસા, આપહી વિસ્તારાયો.
હિંસા પાપ મિટાકર, સુધર્મ પરિચારયો...ૐ જય મહા૦ પ્રભો.
યહી વિધિ ચાંદનપુરમેં, અતિશય દરસાયો.
ગ્વાલ મનોરથ પુરયો, દૂધ ગાય પાયો....ૐ જય મહા૦ પ્રભો.
પ્રાણદાન મંત્રીકો, તુમને પ્રભુ દિના.
મંદિર તીન શિખરકા, નિર્મિત હૈ કીના....ૐ જય મહા૦ પ્રભો.
જયપુર નૃપ ભી તેરે અતિશય કે સેવા.
એક ગ્રામ તિન દોનો, સેવા હિત યહ ભી....ૐ જય મહા૦ પ્રભો.
જો કોઈ તેરે દર પર ઈચ્છા કર આવે.
ધન સુત સબકુછ પાવે, સંકટ મિટ જાવે...ૐ જય મહા૦ પ્રભો.
નિશ દિન પ્રભુ મંદિરમેં ઝગમગ જ્યોતિ જરે.
હરિ સાદ ચરણોમેં, આનંદ મહીં ભરે....ૐ જય મહા૦ પ્રભો

## ARATI SHRI MAHAVEER SWAMI KI

Om jai Mahaveer Prabho,
Swami jai Mahaveer Prabho,
Kundalpur Avatari Trishalanand Vibho
...Om jai Mahaveer Prabho

Siddharath ghar janme, vaibhav tha bhari,
Bal Brahmchari vrata, palyo tapadhari
...Om jai Mahaveer Prabho

Atam Gyan viragi samdrishti dhari,
Maya Moh vinashak Gyan jyoti jari
...Om jai Mahaveer Prabho

Jag main path ahimsa, aaphi vistaryo,
Himsa pap mitakar, sudharma paricharyo
...Om jai Mahaveer Prabho

Yahi vidhi Chandanpur main atishay darshayo,
Gwal manorath pooryo doodh gay payo
...Om jai Mahaveer Prabho

Pranadan mantri ko, tumne Prabhu deena,
Mandir teen shikhar ka nirmit hai keena
...Om jai Mahaveer Prabho

Jaipur nrip bhi tere, atishay ke seva,
Ek gram tin deeno seva hit yah bhi
...Om jai Mahaveer Prabho

Jo koi tere dar par iccha kar ke ave
Dhan sut sab kuch pave sankat mit jave
...Om jai Mahaveer Prabho

Nish din Prabhu mandir main Jagmag jyoti jare
Hari sad Charno main anand mod bhare
...Om jai Mahaveer Prabho.

## MAN KI BHAVANA ( BHAJAN )

Mahaveer Swami main kya chahata hun
Fakat aapka asara chahata hun
Mili tumko padavi jo Nirvana pad ki
Ki Tujh jaisa main bhi hua chahta hun
...Mahaveer 1

Phansa hun main chkkar main avaganan ke
Ki ab is se hona riha chahata hun
...Mahaveer 2

Daya kar daya kar tu mujh par dayalu
Daya chahata hun daya chahata hun
...Mahaveer 3

Bura hun bhala hun adham hun ki 'paapi'
Kshama kar tu mujh pe kshma chahata hun.
...Mahaveer 4

## "પવિત્ર ઝરણું"

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે... (૨)
ગુણથી ભરેલા ગુણીજન દેખી હૈયું મારૂં નૃત્ય કરે ... (૨)
એ સંતોના ચરણ કમલમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે... (૨)
દિન કુર ને ધર્મ વહોણા દેખી દિલમાં દર્દ રહે... (૨)
કરૂણા ભીની આંખોમાંથી. અશ્રુનો શુભ શ્રોત રહે... (૨)
માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઉભો રહું... (૨)
કરે ઉપેક્ષા એ મારગની તોયે સમતા ચિત્ત ધરું... (૨)
વીર પ્રભુની ધર્મ ભાવના, હૈયે સૌ માનવ લાવે... (૨)
વેર ઝેરનાં પાપ તજીને, મંગલ ગીતો એ ગાવે... (૨)
મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું......

*

## "ભકિત ભાવનું"

( તર્જ : મૈત્રીભાવનું )

ભકિતભાવનું સોણિત રામણું, મુજ જીવનમાં વહ્યાં કરે;
માનવતા સૌ ધરો જીવનમાં, હૈયું છલકતું નિત્ય રહે.
ભકિત ભાવનું......

દ્વાર તમારે દુઃખી જો આવે, અંતરમાં તમ પ્રિત ધરો;
કોઈ ગરીબડા દર્દ વહાવે, માનવતા તમ ચિત્ત ધરો;
દાન દયા ને શીલ સંયમનો. દિપ જલાવે અંધકારે;
દિવ્ય દિપકનાં તેજ ઝલકશે. માનવતા ઉપકારે.
ભકિત ભાવનું......

અશ્રુભીના લોચનીયાં નીરખી, અંતરમાં સમભાવ ધરો;
માર્ગ મહીં જે અટવાયો તરસી, માર્ગ બતાવો આદરથી,
વાણી પાત્ર હતી મહાવીરની, પાત્ર એવું હૈયે ધરો.
પ્રેમ ધરો માનવ અંતરમાં પ્રેમ નિરંતર વહ્યા કરે.
ભકિત ભાવનું......

## શ્રી આદિજિન આરતી

જય જય આરતી આદિજિણંદા,
નાભિરાયા મરુદેવીકો નંદા...જય જય...

પહેલી આરતી પૂજા કીજે,
નરભવ પામીને લાહો લીજે...જય જય...

દુસરી આરતી દિન દયાળા,
ધુલેવા નગરમાં જગ અજવાળા...જય જય....

તીસરી આરતી ત્રિભુવન દેવા
સુરનર ઈન્દ્ર કરે તોરી સેવા...જય જય...

ચોથી આરતી ચઉગતિ ચુરે,
મન વાંછિત ફળ શીવસુખ પૂરે...જય જય...

પંચમી આરતી પુન્ય ઉપાયા.
મુળચંદ ઋષભ ગુણગાયા...જય જય...

*

## શ્રી મંગલ દીવો

દીવો રે દીવો મંગલીક દીવો,
આરતી ઉતારીને બહુ ચિરંજીવો,
સોહામણું ઘેર પર્વ દીવાળી,
અંબર ખેલે અમરા બાળી...દીવો...

દીપાળ ભણે એણે કુલ અજુવાલી,
ભાવે ભગતે વિઘ્ન નિવારી...દીવો...

દીપાલ ભણે એણે એ કળીકાળે
આરતી ઉતારી રાજા કુમારપાળે...દીવો...

અમ ઘેર મંગલીક તુમ ઘેર મંગલીક,
મંગલીક ચતુર્વિધ સંઘને હોજો...દીવો....

## JAY JAY AARTI

Jaya jaya aarti Aadi Jinanda,
Nabhi raya Marudevi ko nanda;

Paheli aarti puja kije,
Janam janam ko lavho lije;

Dusari aarti din-dayala,
Dhuleva nagar mahen jaga ujiyala;

Teesari aarti tribhuvana deva,
Sura nara Indra kare tori seva;

Chauthi aarti chau gati chure,
Mana vanchhit phala shiva sukh pure;

Panchami aarti punya su payo,
Mulachanda Rishabha guna gayo;

Kara jodi sevak guna gave,
Jo nara-nari amar pada pave;

Jo koi aarti bhane re bhanave,
Man vanchhit phala shiva sukh pave.

## DIVO RE DIVO....

Divo re divo prabhu mangalic divo,
Aarti utarana bahu chiranjivo;

Sohamano gher parav Diwali,
Ambar khele amara–wali;

Dipal bhane ane kula ajuwali,
Bhave bhagate vighana niwari;

Dipal huvo ane a kali–kale
Aarti utari raja Kumarpale;

Ama ghere mangalic, tuma ghere mangalic,
Mangalic chaturvidha sangh ne hojo...
Divo re...

✻

## દેખી શ્રી પાર્શ્વતણી

દેખી શ્રી પાર્શ્વતણી મુરતિ અલબેલડી, ઉજ્જવળ ભયો અવતાર રે;
મોક્ષગામી ભવથી ઉગારજો. શિવધામી ભવથી ઉગારજો. દેખી૦ ૧

મસ્તકે મુગટ સોહે, કાને કુંડળીઆ, ગલે મોતનકા હાર રે,
મે.ક્ષગામી ભવથી ઉગારજો. દેખી૦ ૨

પગલે પગલે તારા ગુણો સંભારતાં, અંતરના વિસરે ઉચાટ રે;
મોક્ષગામી ભવથી ઉગારજો. દેખી૦ ૩

આપના દરિશને આતમા જગાડ્યો, જ્ઞાન દીપક પ્રગટાવ રે;
મોક્ષગામી ભવથી ઉગારજો. દેખી૦ ૪

આતમા અનંતા પ્રભુ આપે ઉગરીઆ, તારો સેવકનો ભવપાર રે;
મોક્ષગામી ભવથી ઉગારજો. દેખી૦ ૫

# "ચંદનબાલા-વિનંતિ"

પુણ્યમય સતીયો થકી, ઉજ્જવલ છે ઇતિહાસ
ચંદનબાલા સાધ્વી, ચંદન સમ સુવાસ......
રાજકુમારી એ હતી, વૈભવનો નહિ પાર,
કર્મબળે બહુ દુઃખ સહ્યા, પલ્લટી ગઈ ઘટમાળ.......
બાકુળા વ્હોરાવતા. બેઠી ઉંબર માંય,
વિનવે કોઇ અતિથિને, આવો આંગણા માય...
આવો આવો દેવ, મારા સુના સુના દ્વાર, મારા આંગણા સુના.
રોતી રોતી ચંદનબાલા વિનવે છે આજ.
મારા આંગણા સુના....આવો.
માથે મુંડી પગમાં બેડી, આંખે અશ્રુધાર
ઉપવાસી ત્રણ ત્રણ દિનની...(૨)
કાં મુખે ગણે નવકાર, મારા આંગણા સુના....આવો.
બાકુળાના ભોજન મળિયા, પણ નહીં મનડું માને.
કોઈ અતિથિને ભોજન દઈને...(૨)
પછી જ ખાવું મારે, મારા આંગણા સુના... આવો.
કૌશંબી નગરીની માંહી, યોગી એક વિચરતા.
પાંચ માસ ને પચીસ દીનથી...(૨)
ભિક્ષા કાજે ફરતા, મારા આંગણા સુના....આવો.
બાળા ભોજન દે છે, ત્યાં તો યોગી પાછા ફરીયા.
અહો પ્રભુ શું ઓછું આવ્યું...(૨)
દળદળ આસું પડીયા, મારા આંગણા સુના... આવો.
આસુંડા દીઠા કે, તુરત બાકુળા વ્હોરાવ્યા.
તેજ ક્ષણે ચમકાર થયોને, તૂટી પગની બેડી.
માથે સુંદર વાળ થયાને....(૨)
વર્ષી સુખની હેલી, મારા આંગણા સુના....આવો.
આવો આવો તીર, હું છું કયારની અધીર.
મારા આંગણા સુના... આવો.

# પૈસા કે પ્રભુ

( તર્જ :-મેરે મનકી ગંગા-'સંગમ' )

પત્થર જેવા પૈસા ને સોના જેવા સ્વામી
એમાં કોણ તમને પ્યારૂં, બોલો પૈસા કે પ્રભુ?
છે કોણ તમને પ્યારૂં, બોલો પૈસા કે પ્રભુ?
પૈસા....પૈસા

પૈસો તમને પ્યારો છે પણ એને કોઈ નથી પ્યારૂં.
બેઘડી દિલને બહેલાવે ને ત્રીજી ઘડીએ અંધારૂં.
સુખદુ:ખમાં સાચા સંગાથી, પૈસા કે પ્રભુ?
કોણ તમને પ્યારૂં...પૈસા....પૈસા

મળશે તો પણ પૈસાથી તો સંસારી સુખ મળવાના.
નીત નીત નવલી તૃષ્ણા જાગે એવા સુખ શું કરવાના?
સઘળા દુ:ખથી મુક્તિ આપે, પૈસા કે પ્રભુ?
કોણ તમને પ્યારૂં...પૈસા...પૈસા

સાચા દિલથી એક જ વેળા સંભારો ત્યાં પ્રભુ આવે
જીવનભર પૈસાને પૂજો તો ય સદા એ તડપાવે.
સહેલું ને સુખદાયી સાધન પૈસા કે પ્રભુ?
કોણ તમને પ્યારૂં...પ્રભુ...પ્રભુ

આત્મા ને પરમાત્મા જ્યારે એકબીજાને અપનાવે,
શાંતિ ને સંતોષ તણો ત્યાં શાશ્વત સંગમ સર્જાવે.
સિદ્ધિના દ્વારે પહોંચાડે, પૈસા કે પ્રભુ?
કોણ તમને પ્યારૂં....પ્રભુ....પ્રભુ....પ્રભુ

# પાંચગતિ

( તર્જ : દનડા હંભારો ખમ્મા....'લોકગીત' )

દુઃખડાં નિવારો મારા જનમમરણનાં, પરમાતમા !
કેવાં કેવાં દુઃખડાં સ્વામી ! મેં સહ્યાં નારકીમાં,
એક રે જાણે છે મારો આત્મા. એ...જી...રે
લબકારા કરતી કાળી વેદનાઓ સહેતાં સહેતાં
વરસોના વરસો, સ્વામી ! મેં વિતાવ્યાં ત્રાસમાં,
એ...ઈ રે મલકનું જ્યાં પુરું થયું આઉખું ત્યાં
થયો રે જનમ મારો જાનવરના લોકમાં
દુઃખડાં નિવારો મારા....

કેવાં કેવાં જુલ્મો વેઠ્યાં જનાવર બનીને, સ્વામી !
એક રે જાણે છે મારો આતમા. એ...જી...રે
ઓજે અળખામણો ને લાકડીના માર ખાતાં
વહેતી'તી આંસુડાની ધાર મારી આંખમાં,
એ...ઈ રે મલકનું જ્યાં પુરું થયું આઉખું ત્યાં
થયો રે જનમ મારો દેવતાના લોકમાં.
દુઃખડાં નિવારો મારા....

કેવાં કેવાં મંથન, સ્વામી ! મેં કર્યાં દેવલોકે,
એક રે જાણે છે મારો આત્મા, એ....જી...રે...

## "મહાવીર તારી મુરતી"

( રાગ :—શ્યામ તેરી બંસી...'ગીત ગાતા ચલ' )

મનડું મોહે છે તારી મુરતીમાં વીર,
જીવન ઝુકાવ્યું પ્રભુ મેં તો લગીર...
મહાવીર તારી મુરતી, સોહે છે મંદિર...(૨)
ત્રિસલાના વીર, મારા મનમાં મંદિર...(૨)
કોણ જાણે મનડું, કંઈ ગાવે છે ગીત,
અંતરમાં જાગી કંઈ, પ્રભુ કેરી પ્રીત...(૨)
પ્રભુ તારું ગીત વગાવે, હૈયું નવનીત,
ત્રિસલાના વીર, મારા મનમાં મંદિર...
પ્રભુ તારી વાણીનાં, વરસાવો નીર,
માનવના હૈયામાં, તરસાવો પ્રીત...(૨)
ભાવના સૌ ભાવે, તારી ભકિતમાં લીન...(૨)
ત્રિસલાના વીર, મારા મનના મંદિર...

✲

## આજ મારા દહેરાસરમાં

આજ મારા દહેરાસરમાં, મોતીડે મેહ વરસ્યાં રે;
મુખડુ દેખી પ્રભુ તમારું, હૈડાં સૌનાં હરખ્યા રે. આજ૦

ઝગમગ ઝગમગ જ્યોતિ ઝળકે, વરસે અમીરસ ધારા રે;
રૂપ અનુપમ નીરખી વિકસે અંતરભાવ અમારા રે. આજ૦

વીર પ્રભુની માયામાંથી, ભકિત કેરા રંગ જમાયા;
ચરણ કમળની સેવા પામી, ભકતે પ્રભુ ગુણ ગાયા રે. આજ૦

ભવ અનંતનો બંધન તૂટ્યો, ભ્રમણા ભાંગી ગઈ;
વિજય વર્યો શિવપુરને પંથે, મતલબ પૂરી થઈ રે. આજ૦

# રવિવારીયો ભગત

( તર્જ : જીંદગી એક સફર હૈ સુહાના–'અંદાઝ' )

હું તને ભજું છું રવિવારે,
બાકી કયાં છે સમય પ્રભુ! મારે ?
પૈસો મારો પરમેશ્વર,
પૂજું એને હું પલપલ
તારી પૂજા કરૂં રવિવારે, બાકી કયાં છે...

એમ તો હંમેશા મંદિરે આવું,
આવું એવો પાછો સિધાવું,
બેઘડી બેસું છું રવિવારે, બાકી કયાં છે...

ગામતરે જો જાવું પડે,
યા મહેમાનો આવી ચડે,
તારો વારો બીજા રવિવારે, બાકી કયાં છે...

ભકિત મારી રીઝવે તને,
મળવા આવે તું જો મને,
આવજે તું કોઈ રવિવારે, બાકી કયાં છે...

ઓચ્છવ રાખો રવિવારે,
ઉછામણી તો રવિવારે,
વરઘોડા તો રવિવારે,
ગુરૂજી ! આવો રવિવારે,
જાવો તો પણ રવિવારે,
તો આ મોટા ભગત ત્યાં પધારે,
બાકી કયાં છે સમય બીજા વારે ?

હું તને ભજું છું...

# આતમ ઝંખે છૂટકારો

( તર્જ : ચંદન સા બદન—'સરસ્વતીચંદ્ર' )

બંધન બંધન ઝંખે મારું મન,
પણ આતમ ઝંખે છૂટકારો,
મને દહેશત છે આ ઝગડામાં,
થઈ જાય પુરો ના જન્મારો,
બંધન બંધન....

મધુરા, મીઠા ને મનગમતા,
પણ બંધન અંતે બંધન છે,
લઈ જાય જનમના ચકરાવે,
એવું દુઃખદાયી આલંબન છે,
હું લાખ મનાવું મનડાને
પણ એક જ એનો 'ઉંહકારો',
બંધન બંધન....

અકળાયેલો આતમ કે' છે,
મને મુકતભૂમિમાં ભમવા દો,
ના રાગ રહે ના દ્વેષ રહે,
એવી કક્ષામાં મને રમવા દો,
મિત્રાચારી આ તનડાની
એ ચાર ઘડીનો ચમકારો,
બંધન બંધન....

વરસો વીત્યાં વીતે દિવસો,
આ બે શકિતના ઘર્ષણમાં,
મને શું મળશે વિષ કે અમૃત,
આ ભવસાગરના મંથનમાં ?
કયારે પંખી આ પિંજરાનું,
કરશે મુકિતનો ટહુકારો ?
બંધન બંધન....

# " કેટલું કમાણા "

જીંદગીમાં કેટલું કમાણા રે, જરા સરવાળો માંડજો,
સમજુ સજ્જન ને શાણા રે, જરા સરવાળો માંડજો...

મોટર વસાવી તમે બંગલા બંધાવ્યા,
ખૂબ કિધા એકઠા નાણાં રે...જરા સરવાળો.

દેશ ફર્યા તમે વિદેશ વિચર્યા,
ટેબલ ઉપર ખૂબ લીધાં ખાણા રે...જરા સરવાળો.

ઉગ્યાથી આથમતા ધંધાની ઝંખના,
ઉથલાવ્યા આમતેમ પાના રે...જરા સરવાળો.

ખાધું પીધું ને તમે મોઝ બહુ માણી,
તૃષ્ણાના પૂરમાં તણાણા રે...જરા સરવાળો.

ડાહ્યા થઈને તમે પુછાણા પંચમાં,
મોટા થઈને ગણાંણાં રે...જરા સરવાળો.

લાવ્યા'તાં કેટલું ને લઈ જવાના કેટલું,
આખરે તો લાકડા ને છાણાં રે...જરા સરવાળો.

જૈન ધર્મને જેણે નહિ જાણ્યો,
સરવાળે મીંડા મુકાણાં રે...જરા સરવાળો.

## "મહાવીર બોલો પ્રભુ"

(રાગ : ગોવિંદ બોલો, હરિ ગોપાલ બોલો)

મહાવીર બોલો પ્રભુ પારસ બોલો
ત્રિસલાના નંદન મહાવીર બોલો
વામાના નંદન પારસ બોલો
ઋષભ બોલો પ્રભુ અજીત બોલો
મરુદેવી જાયા ઋષભ બોલો
સંભવ બોલો પ્રભુ અભિનંદન બોલો
પાંચમા શ્રી સુમતિનાથજી બોલો
સુપાર્શ્વ બોલો પદ્મ પ્રભુજી બોલો
શીખરજી વાસી ચન્દ્રપ્રભુજી બોલો
શીતલ બોલો તમે શ્રેયાંસ બોલો
ચંપા પુરી વાસી પ્રભુ વાસુપુજય બોલો
વિમલ બોલો પ્રભુ અનંત બોલો
પંદરમાં ધર્મનાથજી બોલો
શાંતિનાથ બોલો પ્રભુ કુંથુનાથ બોલો
અઢારમાં અરનાથજી બોલો
ભોયણીના વાસી મલ્લિનાથજી બોલો
અગાસી વાસી મુનિસુવ્રત બોલો
એકવીસમા નેમિનાથજી બોલો
ગીરનાર વાસી નેમિનાથજી બોલો
પારસ બોલો તમે જય જય બોલો

# નવકાર મંત્રનો મહીમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂરવનો સાર,
એના મહીમાનો નહી પાર,
એનો અર્થ અનંત ઉદાર....

સુખમાં સમરો દુ:ખમાં સમરો,
સમરો દિવસ ને રાત,
જીવતા સમરો, મરતા સમરો,
સમરો સૌ સંગાત....સમરો મંત્ર...

જોગી સમરે, ભોગી સમરે,
સમરે રાજા રંક,
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિ:શંક...સમરો મંત્ર...

અડસઠ અક્ષર એના જાણો,
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર...સમરો મંત્ર...

નવપદ એના નવનિધિ આપે.
ભવોભવનાં દુ:ખ કાપે,
વિરવચનથી હૃદયે સ્થાપે,
પરમાતમ પદ આપે....સમરો મંત્ર...

## આજનો લ્હાવો લીજીએ

આજનો લ્હાવો લીજીએ રે, કાલ કોણે દીઠી છે.
અવસર આ વહી જાય રે... કાલ૦
આઉખું ઓછું થાય છે રે... કાલ૦
ચેતવું હોય તો ચેતજો રે... કાલ૦
દેવ ગુરુ ધર્મ પીછાણજો રે... કાલ૦
નવી નવી આંગીઓ રચાવજો રે.... કાલ૦
ભાવના રૂડી ભાવજો રે... કાલ૦
તમે સંઘપતિ થઈને આવજો રે... કાલ૦
અમને વ્હેલું કહાવજો રે... કાલ૦
હાથે તે સાથે આવશે રે... કાલ૦
'વિજય' સદા શિવ લાવશે રે... કાલ૦

*

## વધાઈ

( રાગ : માલકૌંશ )

મારા પ્રભુની વધાઈ વાગે છે,
જગપતિની વધાઈ વાગે છે.

શરણાઈ સુર નોબત બાજે,
ધનન ધન ઢોલ ગાજે છે.
મારા પ્રભુની...

ઇંદ્ર-ઇંદ્રાણી મીલ મંગળ ગાવે,
મધુર ધ્વનિ લહેરાવે છે.
મારા પ્રભુની...

સેવક પ્રભુજીને અરજી કરે છે,
ચરણોની સેવા પ્યારી લાગે છે.
મારા પ્રભુની...

# પ્રભુ ગુણ ગાવો ભાવ ધરી

પ્રભુ ગુણ ગાવો ભાવ ધરી...(૨)
આવો હૈયે ઉમંગ ભરી...(૨)
પ્રભુ ગુણ ગાવો ભાવ ધરી....

જીનવટનાં ગુણ —ગાતાં ગાતાં...(૨)
ભવસાગર છે જાવું તરી...(૨)

સુખ કર દુખ હર સ્વામી હમારો...(૨)
રાગ દ્વૈષ નહીં દીલમાં જરી...(૨)
હો પ્રભુ ગુણ ગાવો ભાવ ધરી.

પતિતપાવન પ્રેમ સ્વરૂપ એ...(૨)
પુંજતા પાપો જાય ખરી...(૨)

નિરમળ વદન કમળ જીનવટનું...(૨)
દર્શન કરતાં આંખ ઠરી...(૨)
હો પ્રભુ ગુણ ગાવો ભાવ ધરી.

# પચ્ચીસો વર્ષો પૂર્વે

પચ્ચીસો વર્ષો પૂર્વે એક પૂણ્ય પ્રકાશ તણો પ્રગટયો,
જુગ જુનો અંધકાર વિધારતી ભારત ભાગ્ય રવિ ચમકયો,
કોયલ–મોર કરે કલશોર ને વાયુ વસંતનો વાઈ રહ્યો,
ક્ષત્રીય કુંડની કુંજ મહીં ત્રીશલા કુંખે પુત્રનો જન્મ થયો.
ઘર ઘરમાં આનંદ છવાયો, ઘર ઘરમાં આનંદ...(૨)

ત્રીશલા માતા કુંખે જનમયો જાણે પુનમનો ચંદ્ર,
હો ઘર ઘરમાં આનંદ...

ઘરને ગોખે દીવા પ્રગટીયા, કેસર કંકુ રંગ ઉધ્રડીયા,
ધરતી કેરા અંતર તલથી, પ્રસરી ધુપ સુગંધ,
હો ઘર ઘરમાં આનંદ...

ઘર ઘરમાં આનંદ છવાયો, ઘર ઘરમાં આનંદ.
કુંજે કુંજે કોયલ બોલે, મસ્ત બની મોરલીયા ડોલે,
મંજુલ કંઠે મીઠાં ટહુકે ગાતી પંખી સંગ.
હો ઘર ઘરમાં આનંદ...

ઘર ઘરમાં આનંદ છવાયો, ઘર ઘરમાં આનંદ.
સરખી સહેલી....છે થઈને ઘેલી....છે
રૂમ ઝુમ રૂમ ઝુમ નરતન કરતી
ગજવે રૂડાં આંગણાં.

હસી હસીને....એ લળી લળીને....રે...
ધન્ય ધન્ય કહી ત્રીશલા માને આપે છે વધામણાં

અંગે અંગે અતી ઉમંગે, નરનારી નીજ બાળક સંગે,
ધન ધન નાચે તાલ મૃંદગે ગાતા મધુરા છંદ,
હો ઘર ઘરમાં આનંદ....

ઘર ઘરમાં આનંદ છવાયો, ઘર ઘરમાં આનંદ.

# ઓમ્ નમો અરીહંતાણં

ઓમ્ નમો અરીહંતાણું, ઓમ્ નમો સિદ્ધાણંમ્,
ઓમ્ નમો આયરીણાંમ્, ઓમ્ નમો ઉવજ્જાયાણંમ,
નમો લોએ સવ્વ સાઉણંમ્ એસો પંચ્ચ નમુક્કારો
સવ્વ પાવ્વ પણાસણો, મંગલાણંચ સંવ્વેસીમ્
પઢમમ્ હવઈ મંગલમ્.......આ...આ....

ચત્તારી મંગલમ્
અરીહંતા મંગલમ્
સીદ્ધા મંગલમ્
શાહુ મંગલમ્
કેવલી પન્નતો ધમ્મો મંગલમ્....

ચત્તારી લોગુત્તમા
અરીહંતા લોગુત્તમા
સીદ્ધા લોગુત્તમા
શાહુ લોગુત્તમા
કેવલી પન્નતો ધમ્મો લોગુત્તમા...આ...આ...

ચત્તારી શરણું પવજ્જામિ
અરીહંતે શરણમ્ પવજ્જામી
સીધ્ધે શરણમ્ પવજ્જામી
શાહુ શરણમ્ પવજ્જામી
કેવલી પન્નતં ધમ્મં શરણું પવજ્જામી....આ..આ....

મંગલમ્ ભગવાન વીરો
મંગલમ્ ગૌતમ પ્રભુ
મંગલમ્ સ્થુલભદ્રાન્યા:
જૈનો ધર્મોસ્તુ મંગલમ્....(૨)

# પ્રભુજી વંદન લે તું હમારા

પ્રભુજી વંદન લે તું હમારા...(૨)
ફુલડે ફુલડે હસાવાં તારા
કોકિલ કંઠે ગીત રસીલાં

કલકંતા ઝરણામાં નારા
ઝાંઝર ઝલકંતા...... આ....

વંદન લે તું હમારા
પ્રભુજી વંદન લે તું હમારા

આંગણુ આંગણુ પગલાં તારા
ગીરી શિખરે સિંહાસન ઢાળ્યાં
સાગર છોળે નાવણુ તારા
જલથલ ઉભરંતાળ....... આ...

વંદન લે તું હમારા
પ્રભુજી વંદન લે તું હમારા

*

## નૈયા ઝુકાવી મેં તો

નૈયા ઝુકાવી મેં તો જોજે ડૂબી જાય ના
ઝાંખો-ઝાંખો દીવો મારો જોજે રે બુઝાય ના....(૨)

સ્વારથનું સંગીત ચારે કોર ગાજે
કોઈ નથી કોઈનો દુનિયામાં આજે
તનનો તંબુરો જોજે બેસુરો થાય ના...
ઝાંખો-ઝાંખો દીવો મારો જોજે રે બુઝાય ના....

પાપ ને પુણ્યનાં ભેદ રે ભુંસાતા
રાગ ને દ્વેષ આજે ઘટ ઘટ ઘુંટાતા
જોજે આ જીવતરમાં ઝેર રે પથરાય ના...
ઝાંખો-ઝાંખો દીવો મારો જોજે રે બુઝાય ના...

શ્રદ્ધાનાં દીવડાને જલતો રે રાખજે
નીશ દિન સ્નેહ કેરું તેલ તેમાં નાખજે
મનનાં મંદિરે જોજે અંધારું થાય ના...
ઝાંખો-ઝાંખો દીવો મારો જોજે રે બુઝાય ના...

# અમાસની અંધારી રાતે

અમાસની અંધારી રાતે મહાન જ્યોત બુઝાઈ
ધરતી પર અંધકાર છવાયો માનવ ગયાં મુઝાઈ
ત્યાં તો ગાજ્યાં દેવ દુંદુભી દીવ્ય વાણી સંભળાઈ
આનંદ હો હે લોકો પૃથ્વીનાં વીરે મુકિત પાઈ
જ્યોતમાં જ્યોત મળી ગઈ જ્યારે રાત થઈ ગઈ કાળી

ઘર ઘરમાં દીવડાં પ્રગટાવ્યાં અંતરને અજવાળી
એનું નામ દીવાળી એનું નામ દીવાળી.

પાવાપુરીમાં પ્રભુએ જ્યારે છેલ્લી આંખડી ઢાળી
દેવ દુંદુભી થયાં ગગનમાં તારક દીપ પ્રજાળી

એનું નામ દીવાળી એનું નામ દીવાળી.

અમાસને રાતે રે ભગવંતે કર્યું પ્રયાણ
નાશવંત આ દેહ તજીને પામ્યા પદ નિર્વાણ
ધરતી પરનો સુરજ આથમ્યો હીદત થઈ અંધીયારી

ઘર ઘરમાં દીવડાં પ્રગટાવ્યાં અંતરને અજવાળી
એનું નામ દીવાળી એનું નામ દીવાળી.

અંતિમ ઘડીએ ગુરુ ગૌતમને દૂર કર્યા ભગવાને
મોહરૂપી અંધકાર ટળ્યો ને ઝળહળ્યા કેવળજ્ઞાને
જીવનને મૃત્યુથી જેણે જગને દીધું ઉજાળી

ઘર ઘરમાં દીવડાં પ્રગટાવ્યાં અંતરને ઉજવાળી
એનું નામ દીવાળી એનું નામ દીવાળી

પચીસો વર્ષો વીત્યાં પણ જ્યોત હજુ ઝગમગતી
જુગ જુગ સુધી રહેશે દુનિયા દીપાવળી ઉજવતી
પરમ પાવની પ્રેમળ જ્યોતિ દેતી પાપ પખાળી

ઘર ઘરમાં દીવડાં પ્રગટાવ્યાં અંતરને ઉજવાળી
એનું નામ દીવાળી એનું નામ દીવાળી

# ત્રીસ ત્રીસ વર્ષની માયા રે

ત્રીસ ત્રીસ વર્ષોની માયા રે વિસારી....(૨)
મહાવીર લેતા વિદાય...મહાવીર લેતાં વિદાય....

ધ્રુસકે ધ્રુસકે રોયે બાંધવને પ્રેમી....(૨)
વિજોગ નહી રે ખમાય...મહાવીર લેતાં વિદાય.....

સુનાં સુનાં મંદિરને સુની સુની મેડીઓ....(૨)
સુની આ સૃષ્ટિ જણાય....મહાવીર લેતાં વિદાય....

સુનાં રે થયા અમ અંતરનાં આંગણા....(૨)
તુમ વીણ કેમ રે જીવાય....મહાવીર લેતાં વિદાય....

વીર કહે ભાઈ શોક ના કરશો
પાછા વળી હૈયે ધીરજ ધરશો
કાળની ગતિ ના સુકાય...મહાવીર લેતાં વિદાય....

ભાઈ કહે વીરને કર જોડી
ચાલ્યાં તમે તો પ્રીતડી તોડી
જુદાઈ ના જીરવાય....મહાવીર લેતાં વિદાય ....

વીર કહે આ તો પંખીનો મેળો
કોઈ જાય વહેલો કોઈ જાય મોડો
વેળા એ સૌ ઉડી જાય....મહાવીર લેતાં વિદાય....

એમ કહી પ્રભુ આગળ વધતાં
ધીમે ધીમે અમે પાછા રે વળતાં
કિંતુ ના ઉપડે પાય...મહાવીર લેતાં વિદાય....
મહાવીર લેતાં વિદાય.....

# આનંદ શ્રાવક

## ( કાવ્ય-વાર્તા )

ભગવાન મહાવીરનો પરમ ભકત શ્રાવક આનંદ એના જીવનનો એક ભવ્ય પ્રસંગ અહીં રજુ થાય છે.

આનંદ શ્રાવક જેટલો ધનાઢ્ય એટલો જ ધર્મિષ્ઠ. તે હજુ તો ભર જુવાનીમાં છે. છતાં પ્રભુભકિતમાં રાતદિવસ ડૂબેલો રહે છે.

દૂર દેશાવરમાં તેનો ધંધો વિકસેલો છે, છતાં પણ તેનું મન તો ભગવાનનાં ચરણમાં રમતું રહે છે. દિવસે દિવસે તેની વૈરાગ્યની ભાવના તીવ્ર બનતી ગઇ. તેણે વેપાર-ધંધો સમેટી લીધો અને સાધનાની પરાકાષ્ટાએ પહોંચ્યો ત્યારે તેણે સંથારો કરી દીધો, અણસણ સ્વીકારી લીધું અને આત્મધ્યાનમાં લીન બની ગયો.

જોગાનુજોગ તે સમયે તેના ગામમાં ભગવાન મહાવીરનાં પગલાં થયા. આનંદ શ્રાવકનું હૃદય પુલકિત થઈ ઉઠયું.

એક દિવસ મધ્યાહ્નનો સમય હતો. ગુરુદેવ ગૌતમ ગોચરી વ્હોરવા નીકળ્યાં હતાં. ત્યાં રસ્તામાં અનેક સ્ત્રી–પુરુષોને જતાં જોઈ પૂછ્યું તો જાણવા મળ્યું કે આનંદ શ્રાવકે અણસણ લીધું છે અને બધાં તેની શાતા પૂછવા જઈ રહ્યાં છે. ગુરુદેવ ગૌતમ પણ તેઓની સાથે આનંદને ત્યાં પધાર્યા.

ગોચરી લઈને પાછા વળતાં (૨)
ગૌતમ ગણધરે સુણ્યો વચન
કે આનંદ શ્રાવકે લીધું અનસન (૨)

સંસારીની શાતા પૂછવાં (૨)
ચાલ્યાં મુનિ જેનું મોટું છે મન
કે આનંદ શ્રાવકે લીધું અનસન (૨)

અણધાર્યા આંગણે આવ્યાં ગુરુને જોઈને આનંદ મલકે (૨)
માથે ચડાવી ગુરુ ચરણ રજ, આંખડી ભાવથી છલકે (૨)
બે કર જોડી આનંદ બોલે (૨)
પાવન કીધું રંકનું ભવન કે આનંદ શ્રાવકે લીધું અનસન (૨)
શાતા કુશળતાં પૂછી ગુરુએ આશીષ ઉરની દીધી (૨)
મન માંગી અભિલાષા અચાનક આવીને પૂરી કીધી (૨)
અંતિમ ઘડીએ દર્શન દઈને (૨)
ઉજાળી દીધું રંકનું ભવન કે આનંદ શ્રાવકે લીધું અનસન.
ગોચરી લઈને પાછા ફરતાં...

આ વિધી પતી ગયા પછી આનંદ શ્રાવકને કાંઈ પૂછવું છે ગુરુદેવની આજ્ઞા માગી...

નમ્ર બનીને આનંદ પૂછે, ઉત્તમ દેજો કૃપા નિધાન,
સંસારમાં રહીને ગૃહસ્થને ઉપજી શકે શું અવધિજ્ઞાન ?
ગૌતમ બોલ્યાં ગૃહસ્થને પણ જરૂર ઉપજે અવધિજ્ઞાન,
હે આનંદ કહો શું તમને એવું ઉપજ્યું અવધિજ્ઞાન ?
કર જોડીને આનંદ બોલ્યાં (૨)
અવધિજ્ઞાનનું લાધ્યું રતન, કે આનંદ શ્રાવકે લીધું અનસન...

આનંદ કહે ગુરુદેવ આપનાં પસાયથી મને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું છે. વિશેષ વર્ણન કરે છે...

ઉત્તર દક્ષિણ પૂરવ પશ્ચિમ, દૂર દૂર પડતી દૃષ્ટિ,
પાંચસે પાંચસે જોજન કેરી, ભાળી શકું છું સૃષ્ટિ.

હવે ગૌતમસ્વામી અહીં આનંદ શ્રાવકથી વિચારમાં જુદા પડે છે...

અવધિજ્ઞાન મળે શ્રાવકને પણ ના એટલું દેખે
સર્વ દિશામાં પાંચસે પાંચસે જોજન સુધીનાં પેખે
વાત અસત્ય વધ્યા હો આનંદ, લાગ્યો દોષ મહાન
અવધિજ્ઞાન ભલે આવ્યું પણ
જો જે ના આવે અભિમાન

પ્રાયશ્ચિત કરો હે શ્રાવક—(૨)
દોષ ભરેલાં બોલ્યાં વચન
કે આનંદ શ્રાવકે લીધું અનસન

જ્યારે ગુરુદેવે પ્રાયશ્ચિતની વાત કરી ત્યારે નમ્રતાથી પણ દઢતાપૂર્વક આનંદ શ્રાવકે કહ્યું...

સત્ય વચન કહેવામાં ગુરુજી કરવું પડે શું પ્રાયશ્ચિત ?
સાચાને પણ શિક્ષા દેવી એવી શું શાસનની રીત ?

ગૌતમ સ્વામી વિચારમાં પડી ગયાં, કહે હવે તો ભગવાન મહાવીરની સલાહ લેવી પડશે. ત્યાં બેઠેલા લોકોને પણ થયું કે આનંદે આ નાના મોઢે મોટી વાત કરી લાગે છે.

ગુરુદેવ ગૌતમ ઉપાશ્રયે આવ્યાં. ગોચરીના પાત્ર બાજુમાં મૂકીને આનંદ શ્રાવક સાથે થયેલ વાર્તાલાપની વાત કરી, તથા સત્ય હકીકત જણાવવા વિનંતી કરી.

હવે ન્યાય કરે ભગવાન—(૨)
ભેદભાવ નથી જેને હૈયે, જેને સર્વ સમાન રે
હવે ન્યાય કરે ભગવાન—(૨)
ગંભીર વદને વીર વધ્યાં કે આનંદ સાચું કહે છે.
અવધિજ્ઞાને ગૃહસ્થ પણ દૂર દૂર એટલું જોઈ શકે છે.

પ્રાયશ્ચિત તમોને ગૌતમ બોલ્યાં અસત્ય વાણી
જ્ઞાની થઈને વાત ચાલી કેમ રહી અણજાણી
ક્ષમા યાચવી રહી તમારે—(૨)
આનંદને આપીને માન
હવે ન્યાય કરે ભગવાન—(૨)

ભગવાનનાં મુખેથી ખુલાસો સાંભળવા અનેક શિષ્યો ત્યાં બેઠાં હતાં.

જ્યારે ભગવાને કહ્યું કે ગૌતમ આનંદ સાચો છે. ભૂલ તમારી છે. પ્રાયશ્ચિત તેણે નહિ પણ તમારે કરવું પડશે.

આ સાંભળીને ત્યાં બેઠેલાં શિષ્યોનાં મનમાં થયું કે ખુદ ભગવાન ઉઠીને તેમના શિષ્યને હલકો પાડી રહ્યાં છે? અને કદાચ ગૌતમ સ્વામીની ભૂલ હોય તો ખાનગીમાં કયાં પ્રાયશ્ચિત નથી અપાતું...

પરંતુ—

મારું એ સાચું નહીં પણ જેને સાચું એ છે મારું
એવા ગૌતમ સ્વામી કેરું દૂર થયું અંધારું
ગોચરી એમની એમ મૂકીને આવ્યાં આનંદ દ્વારે
મિચ્છામી દુક્કડં બોલીને નીજની ભૂલ સ્વીકારી (૨)
કેવો ન્યાય પ્રભુ મહાવીરનો નમ્રતા ગૌતમની કેવી. (૨)
આનંદ જેવા શ્રાવકની પણ શ્રદ્ધા ભકિત કેવી. (૨)
તેથી તો આ સત્ય ધર્મનું (૨)
જગમાં સ્થાન મહાન રે
હવે ન્યાય કરે ભગવાન (૨)

*

# પથ્થરને પારસ કરનારા

પથ્થરને પારસ કરનારા
કથીરને કાંચન કરનારા
પ્યારા પારસનાથ...હો પ્યારા પારસનાથ. (૨)

જીવનની જ્યોતિર્ધરનારા
અંતરનું તિમીર હરનારા
પ્યારા પારસનાથ...હો પ્યારા પારસનાથ.

પથ્થર જેવો પામર પ્રાણી, નહિ ઘડતર કે ઘાટ. (૨)
અંધારે અંધારે ભટકું, ના મળતી કોઈ વાટ. (૨)

ઘર ઘટનાં જીવતર ઘડનારાં
આંતર શત્રુને હરનારાં
પ્યારા પારસનાથ... હો પ્યારા પારસનાથ.

ભડભડતી ઓલ્યાં જોગીની આગમાં નાગને બળતો દીઠો. (૨)
મુંગા રે જીવને મૃત્યુ ટાણે, મંત્ર સુણાવી દીધો. (૨)

ઝેર હલાહલ જીરવનારા
નયનોથી અમૃત વરસાવનારાં
પ્યારા પારસનાથ...હો પ્યારા પારસનાથ.

હું છું અનાથ, મારે થવું સનાથ, મને દેજો રે સાથ હો ત્રિભુવનના નાથ.
ભવારથીમાં ભૂલો પડયો છું, ઝાલજો મારો હાથ. (૨)
ભૂલ્યાને મારગ દેખાડનારા
ડૂબેલાને ઉગારનારા
પ્યારા પારસનાથ... પ્રભુ પ્યારા પારસનાથ.

## ઓમ નમો અરિહંતાણં એ મંત્ર સદા સમરતો જા

ૐ નમો અરિહંતાણં, એ મંત્ર સદા સમરતો જા
આવ્યો છે તો આ સંસારે, જન્મ સફળ તું કરતો જા (૨)

મન વાણી, કાયા વશ રાખી, મમતાનો બોજો દૂર રાખી
ધન દીધું તો ધણીએ તુજને, દાન સુપાત્રે દેતો જા...આવ્યો

જગમાં તું મહાન કહેવાયો, આશા કરી આંગણિયે આવ્યો
દીન દુખિયાનાં દુઃખડાં તારા, કર્ણપટ પર ધરતો જા....આવ્યો

હુંપદની ગ્રંથિને છોડી, માયાના ગઢને તું ભેદી
કર્મને તોડી મોક્ષના પંથે, હળવે હળવે સરતો જા....આવ્યો

સદ્ગુરુજીનું શરણું ગ્રહી લે, દુઃખ પડે તો દુઃખડાં સહી લે
માનવભવ મળ્યો છે તુજને ભવસાગરથી તરતો જા....આવ્યો

*

## ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ

( રાગ : તને સાચવે સીતા સતી )

ભકિત કરતાં છૂટે મારા પ્રાણ, પ્રભુ એવું માંગું રે.
રહે જનમો જનમ તારો સાથ, પ્રભુ એવું માંગું રે.

તારું મુખડું મનોહર જોયા કરું
રાત ને દિન હું ગુણ તારા ગાયા કરું.
રહે અંતસમય તારું ધ્યાન...પ્રભુ એવું માંગું રે

મારી આશા નિરાશા કરશો નહીં
મારા અવગુણ હૃદયમાં ધરશો નહીં.
શ્વાસે શ્વાસે રટું તારું નામ...પ્રભુ એવું માંગું રે

મારા પાપ ને તાપ સમાવી લેજો
મને મોક્ષનો માર્ગ બતાવી દેજો.
દેજો આવીને દર્શન દાન...પ્રભુ એવું માંગું રે

# મંમણ શેઠ

## ( વાર્તાગીત )

પંડિત વીરવિજયજી મહારાજે અંતરાય કર્મની પૂજામાં આનો ઉલ્લેખ કર્યો છે....

મૂનીવરને મોહક પડીલાવી, પછી કરી ઘણી નીંદના રે
શ્રેણીક દેખે પાઉસ નીશીથે, મંમણ શેઠ વીલંબના રે.
જીનરાજ કું સદા મેરી વંદના રે....

કથા આમ બને છે. એક શેઠની વાત છે.... ગામમાં કોઈ તહેવારનો પ્રસંગ હતો. સૌને ત્યાં સુંદર ભોજન બન્યાં હતાં. આ શેઠને ત્યાં પણ લાડુ બનાવેલ હતાં. ઘરમાં પતિ–પત્ની બે જણ. શેઠ જમવાં બેઠાં હતાં. જમવાની શરૂઆત કરે ત્યાં જ બારણામાં ધર્મલાભનો અવાજ સંભળાયો. બે મુનિવરો ગોચરી માટે પધાર્યા. શેઠે આવકાર આપીને બંને મુનિનાં પાત્રમાં એક એક લાડુ મૂકયાં. મુનિ આશીર્વાદ આપી વિદાય થયાં. શેઠે જમવાનું શરૂ કર્યું... બે જણાની રસોઈ...તેમાં બે મુનિવરોને વ્હોરાવ્યું. એક ટુકડો લાડુનો મોંમાં મૂકયો અને લાડુ એટલાં સ્વાદિષ્ટ બન્યાં હતાં, એટલાં સ્વાદિષ્ટ બન્યા હતાં કે મુનિવરોને વ્હોરાવવાં પડયાં તે શેઠને ના ગમ્યું. તેને દુઃખ થયું...આવાં સરસ લાડુ મહારાજને આપવાં પડયાં, મહારાજ થોડા મોડાં આવ્યાં હોત તો સારું હતું...એમ તેને લાગ્યું. આમ સાધુ મહારાજની નીંદા કરી....કથા કહે છે કે આ કારણે શેઠ બીજાં જન્મમાં **મંમણ શેઠ** નામે પ્રસિદ્ધ થયાં. મંમણ શેઠનું વર્ણન આ પ્રમાણે થાય છે....

એક હતો શેઠ એનું મંમણ નામ (૨)
કરે ઘણી વેઠ એ મેળવવાં દામ (૨)

રાત ને દિવસ એજ એનું કામ (૨)
કહે કંજુસ એને આખું રે ગામ. (૨)
એક હતો શેઠ......

ચમડી ભલે ને તૂટે
પણ દમડી ના છૂટે (૨)
દાડમાં એનાં બસ એક જ કામ...એક હતો શેઠ...

પેટ ભરીને જમે નહીં,
ઘરનાંને ભૂખ્યાં રાખે,
ઘી દૂધ સાકર જેવી વસ્તુ
કદી નહી એ ચાખે
ત્રાસી ગયું રે કુંટુંબ તમામ...એક હતો શેઠ...
ફાટયાં તૂટયાં વસ્ત્રો એવાં
ઘેલાં જેવો વેશ
કોડી ખરચે જો કોઈ ઘરમાં
કરતો મોટો કલેશ
લુખું સુકું ભોજન એનું
ભાગ્યે મળતી છાશ
જે દિન (જે દી) કમાણી થાય નહી (૨)
તે દિન કરતો ઉપવાસ
પૈસા ખાતર થતો એ ગુલામ...એક હતો શેઠ...

ચમડી તૂટે પણ દમડી ના છૂટે એવો આ મહાકંજુસ શેઠ. છતે પૈસે ભિખારી એવો આ મહાકંજુસ શેઠ. ખાય નહી અને ખાવાં પણ ના દે.

કથા એમ કહે છે કે તેને ત્યાં ફક્ત તેલ અને ચોખાનું ભોજન થતું.

ઘરનાં બધાં પણ ત્રાસી જાય પણ કરે શું. એક દિવસ સાંજે શેઠ દુકાન બંધ કરીને ઘેર આવ્યાં. મોં પર ઉદાસીનતા છે. કોઈ મોટું દુઃખ આવી પડયું હોય તેમ નિશાસા નાખે છે તેની પત્નિને ચિંતા થઈ...પૂછે છે....

પત્નિ પૂછે પ્રેમથી સ્વામી કેમ ઉદાસ,
શું ચોર લુંટારા ભેટીયાં, શીદ નાખો નિશ્વાશ.

શેઠ જવાબ આપે છે :

એ ચોર લુંટારા ના મળ્યાં અને ધંધે નહી નુકશાન,
દીઠો એક દાનેશ્વરી....દેતો અઢળક દાન.

રસ્તામાં એક ઉદાર અને દાનેશ્વરી વ્યક્તિને જોઈ. તેણે તો આજનો લ્હાવો લીજીયે રે....કાલ કોણે દીઠી છે. તેમ સમજીને છૂટા હાથે દાન દેવાં માંડયું હતું. કોઈ ખાલી હાથે જાય જ નહીંને....

આ જોઈને શેઠને તો એમ જ થયું કે જાણે પોતાની જ લક્ષ્મી લુંટાવા માંડી છે. તેનો જીવ બળીને ખાખ થઈ ગયો. દાન આપનાર ઉદારતાથી દાન આપે અને તેનાં ( કંજુસનાં ) પેટમાં તેલ રેડાય...

એક દિવસ આવી ઘટનાં બની....ચોમાસાનાં દિવસો હતાં. રાજગ્રહી નગરીમાં જાણે બારે મેઘ તૂટી પડયાં હોય તેમ મુશળધાર વરસાદ વરસતો જ રહ્યો.

આભ થયું ઘનઘોર....
વરસે મુશળધાર....(૨)
ગડ ગડ વાદળ ગરજી ઉઠે, વીજળીનાં ચમકાર....
આભ થયું ઘનઘોર...

તાંડવ નૃત્ય કરે મેઘરાજા
તાંદુર-મોર વગાડે વાજાં. (૨)

નદીનાળાં છલકાઈ રહ્યાં ને,
જળ જળ બંબાકાર....(૨)
આભ થયું ઘનઘોર...
વરસે મુશળધાર...

સતત ત્રણ ચાર દિવસ સુધી માણસ પશુ, પંખી કોઈ બહાર નીકળવાની હિંમત ના કરી શકે તેવો મુશળધાર વરસાદ વરસતો રહ્યો.

મધરાતનો **સમય** હતો, નદીને કાંઠે આવેલ મહેલમાં શ્રેણીક મહારાજા અને ચેલના રાણી ચિંતાતુર નજરે બેઠાં છે, મેઘરાજાને ખમૈયા કરવાની પ્રાર્થના કરી રહ્યા છે. ત્યાં એક વિજળીનો ઝબકારો થયો. તેનાં ક્ષણીક પ્રકાશમાં ચેલનાં રાણીએ જોયું કે એક માણસ માત્ર લંગોટીભેર વરસતાં વરસાદમાં નદીમાંથી લાકડાં ખેંચીને બહાર મૂકે છે અને પાછો લેવા જાય છે. રાણીને દયા આવી...

આવી કાળી મેઘલી રાતે, પેલું કોણ નદીએ જાય...(૨)
પૂછી રહી ચેલના રાણી, ગોખે બેઠાં શ્રેણીક રાય...(૨)
હશે કોઈ રે દુ:ખીયારો, હશે કોઈ ભૂખ્યો બિચારો...(૨)
પૂર આવ્યું છે રે નદીમાં, લાકડાં લેવાં જાય...
આવી કાળી મેઘની રાતે પેલું કોણ નદીએ જાય...
મને બીક લાગે છે ભારી, નદીમાં ન જાયે તણાઈ
દુ:ખ એનું દૂર કરો રે, **નહિ તો** લાજ આપણી જાય.
આવી કાળી મેઘલી રાતે....

રાણીનાં કહેવાથી રાજાએ પેલાં ભિખારી જેવાં લાગતાં માણસને બોલાવી મંગાવ્યો. એ કોણ હશે ? એ હતાં પેલા **મંમણ શેઠ.**

વરસાદમાં દુકાન બંધ રહી તેથી કમાવાનો આ તુકકો સુઝી આવ્યો.

રાજા સાથે આ પ્રમાણે વાર્તાલાપ થાય છે :

મંમણ શેઠને પૂછી રહ્યા છે. શ્રેણીક કરૂણા લાવી (૨)
આવી કાળી રાતે મજૂરી, શીદ કરે અહીં આવી
મંમણ શેઠને....

એક બળદ છે મારી પાસે કરવી એની જોડી
બીજા બળદની જોડી માટે કરવી દોડાદોડી
દયા લાવીને શ્રેણીક બોલ્યાં, બીજો બળદ હું આપું. (૨)
એમાં શી વિસાત છે મોટી તારાં દુઃખડાં ભાંગું (૨)

મંમણ શેઠને બળદશાળામાં લઈ ગયો સેવક ત્યારે
સેંકડો બળદ જોઈ વળ્યો પણ એનું મન ના માને
પાછો આવીને રાજા પાસે ઉભો રહ્યો કર જોડી (૨)
ક્ષમા કરો નથી પાસે તમારી મારાં બળદની જોડી (૨)

નવાઈ પામીને રાજા પૂછે કેવો બળદ છે તારો
ખાતરી કરવી હોય તમારે, મારે ઘેર પધારો (૨)

મંમણના કહેવાથી રાજા એમ સમજ્યાં કે આ કોઈ ગરીબ ખેડૂત હશે અને કદાચ ખેતી કરવામાં અનુકૂળતા નહિ આવતી હોય તેથી તેને બીજા બળદની જરૂર પડી છે. તેથી તેમણે બળદશાળામાંથી તરત જ બળદ આપવાની સેવકને આજ્ઞા કરી.

પરંતુ મંમણ કહે મહારાજ માફ કરજો. મારે જે બળદની જરૂર છે, એવો બળદ તમારી પાસે નથી. આ સાંભળીને રાજાને આશ્ચર્ય થયું. મંમણે કહ્યું : મહારાજ, આપ ખુદ મારે ઘેર આવીને ખાત્રી કરી જુઓ.

મારા જેવો બળદ આપની પાસે નથી...
રાજાએ તે માગણી મંજૂર કરી...
વળતે દિવસે રાજારાણી મંમણને ઘેર જાય,
ગરીબ ભિખારી ધારી લીધો તો એ ધનવાન દેખાય
બળદશાળાને બદલે એ તો માળા ઉપર લઈ જાય....
સાચો જીવતો બળદ મળે ના, બનાવટી દેખાય....

હીરા માણેક રત્ન ભરેલા મોતી ઝગમગ થાય.
આવો અદ્ભુત બળદ જોઈ શ્રેણિકને વિસ્મય થાય.
બીજો બળદ તૈયાર થાય છે ફક્ત શીંગડા બાકી (૨)
ફાટી આંખે જોઈ રહ્યાં, બંને રાજાને રાણી (૨)
લાખો રૂપિયાની આ જોડી તો યે રહ્યો ભિખારી
મંમણ બોલે આ બીજાની કરી રહ્યો તૈયારી... (૨)

રાજાએ જોયું કે મંમણે સાચી વાત કરી છે. આ કોઈ જીવતો બળદ ન હતો. હીરા–મોતી–રત્નથી ભરેલ અમૂલ્ય છતાં બનાવટી બળદ હતો. અને એણે જ્યારે કહ્યું કે બીજો પણ બળદ તૈયાર થઈ રહ્યો છે. માત્ર શીંગડા જ બાકી છે. ત્યારે રાજાને આવાં કંજુસ લોભી મંમણ પર અત્યંત ક્રોધ આવી ગયો. અને તેના પર ધિક્કાર વરસાવ્યો...

શ્રેણિક રાજા દે ફીટકાર (૨)
કંજુસ મખ્ખીચુસ મંમણને દે લાખો ધિક્કાર (૨)
શ્રેણિક રાજા...

આટ આટલું દ્રવ્ય પડયું છે (૨)
તો યે હૃદયમાં દુઃખ ભર્યું છે (૨)
લોભને થોભ મળે ના જીરીયે (૨)
એ મુરખ સરદાર (૨)
શ્રેણિક રાજા....

એક દીન જાવાનું સહુ છોડી (૨)
નહીં ઉગારે બળદની જોડી (૨)
ખાલી હાથે જવાનું સૌને (૨)
કંઈક કરી લે વિચાર (૨)
શ્રેણિક રાજા....

ખાધું નહીં ખવરાવ્યું નહીં ને...ના દીધું કાંઈ દાન,
લોભી મંમણ શેઠ મરીને પડયો નરકની ખાણ... (૨)

વીરવિજયજી મહારાજે ફરી પાછા આ મંમણને, બાર વ્રતની પૂજામાં સંભાર્યો છે.

ભાગ્યે મળ્યાં ભગવંત, અવસર પામી વ્રત આદરો રે
ગયો નરકે મંમણશેઠ સાંભળી લો પછી ઓસરું રે (૨)

# ગીત તમારા ગાઈએ

ગીત તમારાં ગાઈએ પણ, ગુણ ગ્રહણ ના કરીએ (૨)
નામ તમારું જપીએ કિંતુ, કામ તમારું ના કરીએ.
...ગુણ ગ્રહણ ના કરીએ.

પ્રભુ તમારે ચરણે ધરીએ વિધવિધ ફૂલ સુગંધી
કિંતુ રાગ ને દ્રૂષથી કરીએ જીવનને દુર્ગંધી
પ્રેમ કરૂણાનાં પુષ્પોની સુવાસ ના કદી ધરીએ
...ગુણ ગ્રહણ ના કરીએ.

પ્રભુ તમારું પૂજન કરીએ, પૂજ્ય થવાને કાજે
પૂજ્યને બદલે પામર રહીએ કહેતાં મુખડું લાજે
માળાનાં મણકાં ગણીએ પણ મનને સ્થિર ના કરીએ.
...ગુણ ગ્રહણ ના કરીએ.

સવિ જીવ કરું સાશન રસીયાં એવું સૂત્ર હમારું
સાધટમીકનું દુઃખ દેખી ના પીગળે હૃદય હમારું
સામાયિક કરીએ પણ દીલમાં સમતાં ભાવ ન ધરીએ.
...ગુણ ગ્રહણ ના કરીએ.

ધરમનું સાચું તત્ત્વ સમજીએ એવી શક્તિ દેજો
ભાવ જોડીએ ક્રિયાકાંડમાં એવી ભક્તિ દેજો
આપજો એવું જ્ઞાન કે જેથી આભાને ઓળખીયે...
...ગુણ ગ્રહણ ના કરીએ.

# મન મંદિરમાં પ્રભુ પધારો....

મારા મન મંદિરમાં પધારો (૨)
પ્રભુ વિનતડી અવધારો (૨)
મારા મન મંદિરમાં પધારો...

સુનાં સુનાં છે આંગણ મારા,
નિશદીન ઝંખે પગલાં તારા... (૨)
હૃદય સિંહાસન પર બેસીને (૨)
આશીર્વાદ ઉતારો
મારા મન મંદિરમાં પધારો....

જીવન વીણાંના તારે તારે,
તુજ શુભ નામ તણા ઝંકારે (૨)
રોમ રોમમાં જાગી ઉઠે (૨)
એવું ગીત ગજાવો (૨)
મારા મન મંદિરે પધારો...

મારી વિનતડી અવધારો...
મારા મન મંદિરે પધારો...

# જોગી થઈને જાય મહાવીર....

આ જગની માયા છોડી, અને વૈભવને તરછોડી...(૨)
જોગી થઈને જાય મહાવીર, જોગી થઈને જાય...(૨)

નળડાનાં સગપણ તોડી, મમતાથી મનડું મોડી...(૨)
જોગી થઈને જાય મહાવીર, જોગી થઈને જાય...(૨)

રાજપાટથી પરવારીને વાટ લીધી જંગલની
અંગે અંગે ભરી ભાવનાં દુનિયાનાં મંગલની...
નારીને વિષારી એણે તજ્યા સહુ સંસારી...(૨)
જોગી થઈને જાય મહાવીર, જોગી થઈને જાય...(૨)

વનવગડાનાં ઘોર ભયંકર મારગ એણે વીંધ્યા
હસતે મુખડે કષ્ટ સહીને એણે ભીંખડા પીંધાં
અન્ન અને જળ ત્યાગી એ તો મુક્તિનો અનુરાગી...(૨)
જોગી થઈને જાય મહાવીર, જોગી થઈને જાય...(૨)

ચંદનબાળા, ચંડકોશીયા એણે લીધાં ઉગારી
જીવો ને જીવવા દો એવો મંત્ર રહ્યા લલકારી

સતનું સંગીત ગાયું એણે પ્રેમનું અમૃત (અમરત) પાયું...(૨)
જોગી થઈને જાય મહાવીર, જોગી થઈને જાય...(૨)

આ જગની માયા છોડી અને વૈભવને તરછોડી...(૨)
જોગી થઈને જાય મહાવીર, જોગી થઈને જાય...(૨)

# ઇલાચીકુમાર

## ( કાવ્ય-વાર્તા )

ઢોલકાં વાગે, ઢોલકાં વાગે, ઢોલકાં વાગે રે (૨)
રૂમક રૂમક, ઝનક ઝનક ઘુંઘરુ વાગે રે (૨)
ઢોલકાં વાગે...

હે...મીઠી મીઠી મોરલી વાગે...
મીઠી મીઠી મોરલી વાગે...થનક થનક ઝાંઝર વાગે રે...
સુની સુની નાદ કહીં લોક જાગે રે....ઢોલકાં વાગે....ઢોલકાં વાગે...

એ...આવો આવો લોક સહુ, નાના મોટાં થોક સહુ,
ગામ કેરે ચોક સહુ,

લાડીનાં ખેલ જુઓ, ચાલાકીનાં ખેલ જુઓ....
ખેલ અલબેલ જુઓ, મોર અને ઢેલ જુઓ....
જુઓ જુઓ ભાઈ, જુઓ જુઓ ભાઈ, શાન મોરલી વાગે રે....
ઢોલકાં વાગે....

મીઠાં મીઠાં ગીત કોણ ગાય રે, આ નાચી નચાવી કોણ ગાય રે....
આ મુખડું કોનું મલકાય રે....

અંગ અંગ રંગ ભરી, આંખડી ઉમંગ ભરી,
ઘંટડી રવટે રણકાય રે, આ મુખડું કોનું મલકાય રે....

નમણી નટ કન્યા તણાં નખરાંનો નહીં પાર,
મુગ્ધ થયો એક માનવી નામ ઈલાચીકુમાર.

આવી સ્ત્રી પત્નિ તરીકે હોય તો...?

ઓ માડી મોરી રે મને ગમી ગઈ ગોરી, મને ગમી ગઈ ગોરી,

પેલા નટની છોરી, જાણે પ્રેમ ચકોરી (૨)

મારું ચિતડું લીધું ચોરી... મને ગમી ગઈ...

માતપિતા સમજાવે (૨)

લાડકવાયા લાલને માતા,

લાલચ લાખ બતાવે... માતપિતા સમજાવે...

કહેતો વીરા તને એક આ નારી

પરણાવી આપું સુંદર નારી

ઉત્તમ કુળમાં અંધ બનીને, શીદને કલંક લગાડે.

લાખ કરોડની આ આબરૂને વીરા, શીદને આગ લગાડે.

માતપિતા સમજાવે...

મોહ વશે થઈ અંધ ઈલાચી ના સમજ્યો તલભાર

મધરાતે એ ઘરથી નીકળી આવ્યો નટને દ્વાર

ઓ સુણ વેપારી મુરખભારી, બાળકનાં નહિ ખેલ

છોરી અમારી ભોળી બિચારી એમ મળે નહિ પ્રેમ

ગલીએ ગલીએ ઘુઘરાં બાંધી કરવાં પડશે ખેલ

ગાઈ બજાવી લોક રીઝાવી, રહેવું થશે મુશ્કેલ

....બાળકનાં નહિ ખેલ.

પૂરે પૂરો વિચાર કરીને આવ્યો છું તમ દ્વાર

નારી કાજે નાચીશ ઘર ઘર એક જ છે નિર્ધાર

નવાં નવાં કાંઈ ખેલ કરીને, નવાં નવાં કાંઈ વેશ ધરીને
નટવર મસ્ત બનીને નાચે ઈલાચીકુમાર ઈલાચીકુમાર
ઉંચી ઉંચી દોરી ઉપર, આશા કેરી દોરી ઉપર
નટવર મસ્ત બનીને નાચે ઈલાચીકુમાર, નાચે ઈલાચીકુમાર
ઢોલક લઈને ધમ ધમ કરતી, મીઠાં ગીતો ગાતી (૨)
પ્રેમ ભરેલો પ્રીતમ નિરખી. ઘેલી ઘેલી થાતી (૨)
ઈલાચીકુમાર... ઈલાચીકુમાર
ઈલાચીકુમાર... ઈલાચીકુમાર

કાંઈક સમય વિતી ચુક્યો કહે ઈલાચીકુમાર......
પરણાવો ઝટ પ્રેમદા વાર કરો ન લગાર.......
હે....ઇ નારી એમ મળે નહિ, જમાડશો અમ નાત રે
કે ધનનાં જો ઢગલા કરો પછી જ લગનની વાત
...કોઈ રાજદરબારે જાઓ...(૨)

ખુબ ખેલ કરીને રીઝાવો કોઈ રાજદરબારે જાઓ
અઢળક લઈ વરદાન પછીથી વરરાજા થઈ આવો
....કોઈ રાજદરબારે.

ઢમક ઢમક ધમ ઢોલક વાગ્યાં
ઝનક ઝનક ઝન ઝાંઝર વાગ્યાં
ઉઠો ઉઠો નટરાજ આજ તો ભાગ્ય હમારાં જાગ્યાં (૨)
થર થર થઈ થઇ કરતો ચડીયો દોરી પર ઉમંગે
દીન તણી અભાગી દોરી ખેલે ખૂબ તરંગે
ઘડીક જુએ રાજાની સામે, ઘડીક પ્રીયાની સામે
પણ રાજા તો તાકી તાકીને જુએ છોકરી સામે

જાત જાતનાં ખેલ બતાવી ઉતરી આવી ઉભો
જોનારાએ રાજી રાજી થઈ વધાવી લીધો,
સૌએ વધારી લીધો....

દાન તણી આશાએ નીચો, નમી કરે સલામ....
પણ રાજા તો બોલ્યો ભાઈ, મેં નહી નીરખ્યું કામ....
મોટા માણસોને હજાર ઉપાધીઓ હોય

એ ખેલ કરે ફરીવાર
નીરાશ થઈને ખેલ કરતા ચૂકી જાય પળવાર
તો આ નટડીને હું પામું રાજા કરે વિચાર...
એ ખેલ કરે ફરીવાર....

એ...ઈ એ બીજી, ત્રીજી વાર પછી એમ
ચડીયો ચોથી વાર રે...
એ....ઈ જુદાં જુદાં બહાનાં ને કારણ
ચડતો પાંચમી વાર...

ઉપરથી જો પડે... ...પડીને મરે
તો કન્યા મળે એમ રાજાની ઈચ્છા
જલ્દી રાજા રીઝે, દાન જો દીયે
તો કન્યા મળે, એમ આ નટની ઈચ્છા

ખંત કરીને ખેલ બતાવવા ચડીયો પાંચમી વાર
ખેલ કરતા દૂર ચોકમાં દ્દષ્ટિ પડી પળવાર...

એણે દીઠા એક મુનીરાય....(૨)

મોહક લઈને આવી સુંદરી રૂપ રૂપનો અવતાર

ભાવ ધરીને મોહક લેતી હૈયે હરખ અપાર

એણે દીઠા એક મુનીરાય...

વિધવિધ વસ્તુ વ્હોરાવે પણ મુનિ કરે ઈન્કાર,

નીચે નયને મુનીવર બોલ્યાં વધુ ખપે ન લગાર (૨)

હવે ઈલાચી કરે વિચાર (૨)

ઉડી ગયો ત્યાં મોહ વિકાર (૨)

કયાં પામર હું ભોગ વિલાસી, ને કયાં આ મુનીરાય...

વિષયરંગમાં અંધ બની મેં મૂકી કુળની લાજ...

આગ્રહ કરતી રૂપસુંદરી તોય કરે ઇન્કાર...

દૃષ્ટિ ઊંચી કરી જુએ ના, કેવી સંયમ ધાર...

હવે ઈલાચી કરે વિચાર...

ભીખના ટુકડાં માગું તો પણ દેતો નથી ભૂપાળ

રૂપની પાછળ રહ્યો ભટકતો બમણી લાગી ભીષણ આગ

ધન્ય ધન્ય આ જીવતર મુનીનું, ધન્ય જીવન આ નાર

હો જો મુજ સરખા પાપીને લાખ લાખ ધિકકાર

લાખ લાખ ધિકકાર...

પશ્ચાતાપ થકી ઈલાચી ભૂલી ગયો પગથાર

એ જ ક્ષણે ને, એ જ સ્થળે ત્યાં ઉપજ્યું કેવળજ્ઞાન...

ઉપજ્યું કેવળજ્ઞાન...

ઉપજ્યું કેવળજ્ઞાન...

*

# પાપ બધાંથી થાય છે

પાપ બધાંથી થાય છે, પાપ બધાંથી થાય છે,
કિંતુ કોઈ કોઈ જ વીરલા, પાપ કરી પસ્તાય છે... પાપ બધાંથી

સ્થૂલિભદ્ર ને નંદિષેણે, ગણિકાના સંગ કીધાં,
રંગવિલાસે રંગાઈને, ઝેર વિષયનાં પીધાં
કિંતુ પશ્ચાત્તાપ કરીને (૨) મુક્તિએ પહોંચી જાય છે... પાપ બધાંથી

અરણિક મુનિ, અષાઢાભૂતિ, દીક્ષા લઈને છોડે
ધર્મનો રસ્તો મૂકી દઈને, કર્મથી જીવન જોડે.
ભૂલ સમજાતાં વાર જ સાચે રસ્તે આવી જાય છે... પાપ બધાંથી

માણસ માત્ર છે ભૂલને પાત્ર કો'ક દિ ભાન ગુમાવે,
સાન ઠેકાણે આવે ત્યારે જ્ઞાનની જ્યોત જગાવે.
બાહુબલિ અભિમાન ત્યજીને (૨) કેવળજ્ઞાની થાય છે... પાપ બધાંથી

દિલનો પશ્ચાત્તાપ હશે તો, પાપને બાળી દેશે,
અગ્નિપરીક્ષા દઈને અંતર, શુદ્ધ બનાવી લેશે.
દોરી ઉપર નાચ કરતા ૨) ઈલાચી તરી જાય છે... પાપ બધાંથી

પ્રતિક્રમણનો મંત્ર તેથી મહાવીર દેવે દીધો,
'ખામેમિ સબ જીવે' એવો પાઠ પઢાવી દીધો.
ખમે, ખમાવે સાચા ભાવે (૨) એના ફેરા ટળી જાય છે... પાપ બધાંથી

## અવિચલ સ્વામી

પ્રભુ આપ અવિચલ સ્વામી છો,
ગુણગામી છો, વિશ્રામી છો-
ને અક્ષય સુખના સ્વામી છો....(૨) અમને અક્ષયસુખ આપો ને૦

આ ભવવનમાં ભમતાં ભમતાં
બહુ કાળ ગયો રમતાં રમતાં
અંતે આવ્યાં તમને નમતાં....(૨) અમને શિવસુખ આપો ને૦

આ નાવ અમારી ભરદરિયે
તમે તારો તો સ્હેજે તરિયે
બીજે કયાં જઈને કરગરિયે?....(૨) અમને અભયસુખ આપો ને૦

તુજ મૂર્તિ છે મોહનગારી
ભક્તોનાં સંકટ હરનારી
પ્રભુ 'શ્યામ' જીવન અમ સુધારી...(૨) અમને મોક્ષસુખ આપો ને૦

*

## મારે નયન વસ્યા મહાવીર

મારે નયન વસ્યા મહાવીર
હે કાજળનું શું કામ
જીવનભર મેં સાજ બીછાવ્યા
તોયે નયણા નયન બુઝાવ્યા
આજ વસ્યા મહાવીર નયણે
અનુપમ શાંતિ ધામ રે...મારે કાજળનું.

પુરા જગથી દૂર બનીને
જીવનમુડી પ્રેમ બનીને
કુંજ કદંબનો મારગ લીધો
નિર્જન ને સૂમસામ રે...મારે કાજળનું.

# વિતરાગી પાસે રાગીની માંગણી

અમે રંગ રાગના રાગી,
અમે અંગ અંગ અનુરાગી.
અમે તારી કને શું માંગીએ વિતરાગી,
શું માંગીએ વિતરાગી ?... અમે તારી

અમે નથી તૃષ્ણ કાંઈ ત્યાગી,
અને નથી લગન કાંઈ લાગી.... અમે તારી

સો હજાર કે લાખ,
કરોડો મળે તો ય નહીં શાંતિ,
સોનું, રૂપું, હીરા હોય
પણ દિલમાં સદા અશાંતિ,
નીંદરમાં પણ દ્રવ્ય દેખીને,
ઝબકી જઈએ જાગી... શું માંગીએ૦

રાજપાટ ને ખાટ સુવાળાં,
બધું હતું તુજ પાસે,
લાડી, વાડી ને ગાડી કેરાં
વૈભવ ભર્યા વિલાસે.
સાચું પૂછો તો અમે માંગીએ,
તેં જે દીધું ત્યાગી.... શું માંગીએ૦

મોક્ષ નગરનો પંથ મૂકીને,
મોહનગરમાં વસીએ,
અર્થ વગરનું જીવન અમારું,
અર્થ વગરનું હસીએ,
સ્વાર્થ ભરેલાં શમણાં કેરી,
ભ્રમણા ગઈ છે ભાંગી... શું માંગીએ૦

# આદેશ્વર દાદાને દરબાર

હાલને ભેરૂ, હે હાલને ભેરૂ, શત્રુંજય તીરથ રળિયામણું (૨)
ઊંચા ઊંચા ડુંગર ઉપર આદિનાથનું બેસણું (૨)
....હાલને ભેરૂ.

મૂરતિ મોહનગારી, લાગે છે પ્યારી પ્યારી.
વારી જાઉં બલિહારી, પૂનિત ને પાવનકારી.
હે ...દર્શન કરે, દુઃખડાં ઘટે, સુખનું વ્હાયે વ્હાણું (૨)... હાલને ભેરૂ.

મરૂદેવી નંદના નામની રઢ લાગી છે, હો રઢ લાગી છે,
તારી ભક્તિથી, ભવોભવની ભાવઠ ભાંગી છે હો ભાવઠ ભાગી છે.
હે... નિશદિન તારાં ગુણ હું ગાઉં (૨)
શું કરું નજરાણું ? (૨)...હાલને ભેરૂ.

હે... હાલો જઈએ રે દાદાને દરબાર (૨)
લ્હાવો લઈએ રે દાદાને દરબાર (૨)
હે... ખરચતાં નાણું, આવું નહીં મળે ટાણું,
આજે થઈ જાયે બેડો પાર....હાલો જઈએ રે.

# મહાવીર સ્વામીનું પારણું

## ( દોહરો )

ભરત ક્ષેત્રમાં શોભતો, ક્ષત્રી કુંડ સુખ ધામ
રાય સિધ્ધારથ આંગણે, દેવી ત્રીશલા નામ
ઉત્તમ તેની કુક્ષીએ, જન્મ્યા વીર જીણંદ
તોરણ બાંધ્યા ઘરે ઘરે ત્રિભુવન ભયો આનંદ
ઉત્સવ નગર વિષે થતાં, ગીત મધુરા ગાય
ઘર ગોખે દીવડા ઝગે, મંગલ સૂર બજાય,
રાસલડે રમવા મલે, સર્વ સહેલી સાથ
રૂમઝૂમ નૃત્ય કરી સહુ, ઝુલાવે જગનાથ.
ઝુલો ઝુલો વીર મારા પારણીયામાં ઝુલો
રૂડા હાલરડામાં ઝુલો.

સોના કેરું પારણું ને, ઉપર જડીયા હીરા
રેશમને દોરે માત હિંચોળે, ઝુલો મારા વીરા
મારા પારણીઆમાં ઝુલો (૧)

ઇંદ્ર ઇંદ્રાણી મળી હુલરાવે, સુર નર નારી આવે
મધુર કંઠે ગાય હાલરડાં, વીરને સ્નેહે ઝુલાવે
મારા પારણીઆમાં ઝુલો (૨)

ઝાકે ભરીયું આંગડીયું ને, જરીની ટોપી માથે
લાવ્યાં રમકડાં રમવા કાજે, મેવા મીઠાઈ સાથે
મારા પારણીઆમાં ઝુલો (૩)

માતા ત્રિશલા હળવે હળવે, મુખથી એમ વદંતી
મોટો થાજે ભણવા જાજે, આશિષ દેઈ હસંતી
મારા પારણીઆમાં ઝુલો (૪)

પરણાવીશ હું નવલી નારી, બહુ ગુણવંતી તુજને
માત પિતાના કોડજ પૂરજે, હોંશ હૈયે છે મુજને
મારા પારણીઆમાં ઝુલો (૫)

જૈન શાસનમાં તું એક પ્રગટયો, આંગણ મારે દીવો
કર્મને કાપી ધર્મને સ્થાપી, અમૃત રસને પીવો
મારા પારણીઆમાં ઝુલો (૬)

ધર્મ દેશના આપી જગને, ઉધ્ધારજે જગ પ્રાણી
આત્મ સાધના સાધી વરજે, વિજય શીવ પટરાણી
મારા પારણીઆમાં ઝુલો (૭)

ઝુલો વીર મારા પારણીઆમાં ઝુલો

# વગડાની વાટે

વગડાની વાટે મળતાં વીરને, લોકે ઘણું સમજાવ્યું,
જાશો મા પ્રભુ ત્યાં ગયેલું, કોઈ પાછું નથી આવ્યું. (૨)
કાળની સામે ફાળ ભરો મા, કોઈ હજી નથી ફાવ્યું,
જાશો મા...

એમ ડરીને પાછા ફરે તો, મહાવીર કોનું નામ ? (૨)

હિંસા નથી જેના હાડમાં, એને ડરવું પડે શું કામ ?
ભીરુતા હરવા નિર્ભયતાનું તેજ નવું પ્રગટાવ્યું...

નાગનું મંગળ વંછી પ્રભુએ, જંગલમાં ડગ માંડયા,
દૂરથી માનવીની ગંધ પારખી ખૂબ ફૂંફાડા માર્યા,
મોતને રસ્તે મક્કમ પગલે, હસતે મુખ ઝંપલાવ્યું...

વીરને સામેથી આવતા ભાળી, નાગ દોડયો ધસમસતો,
ઝેરભર્યા કંઈ ડંખ દીધા પણ, કેમ નથી આ ખસતો,
કરુણા આવી વીર પ્રભુએ, વેણ મીઠું સંભળાવ્યું...

જાદુ ભરેલા કોઈ મદારીની જાણે મોરલી વાગી. (૨)
નાદ સુણીને નાગનો આતમ, પળમાં ઊઠયો જાગી,
ઝેરનું મારણ ઝેર નહિ પણ, પ્રેમ થકી અજમાવ્યું...

જ્ઞાનની જ્યોતે ચંડકૌશિકનો, જીવનદીપ જલાવ્યો.
વેર અને ઝેર મીટાવી દઈને, મુક્તિનો પંથ બતાવ્યો,
એ પંથમાંથી પણ કોઈ પાછું, સંસારમાં નથી આવ્યું...

## અમે કરીએ એવા કામ....

અમે કરીએ એવા કામ (૨)
લાજ આવે-ને લેતાં તારું નામ (૨)
અમૃત દીધું પણ નહીં પીધું (૨)
ઝેરના ભરીએ જામ....
અમે કરીએ...

ભાવ વિનાની કરીએ ભક્તિ
છુપાવી છે તન મનની શક્તિ (૨)
કામ કલેશમાં રાગ દ્વેષમાં (૨)
વીતે આયુ તમામ...
અમે કરીએ....

સંત સમાગમથી દૂર રહીએ
આગમ વાણી કદી ન સુણીએ (૨)
મનને ઘોડે તન આ દોડે (૨)
એને નથી લગામ...
અમે કરીએ....

ધનને ખાતર ધર્મ વેચીએ
કુટીલ કર્મથી કીર્તિ લઈએ (૨)
તનનાં ઉજળા, મનનાં મેલા (૨)
ખોટો ડોળ તમામ...
અમે કરીએ....

# વર્ધમાનનાં બાળસાથીઓનું ગીત

માડી તારા કુંવરની કરવી શી વાત
ત્રીશલા તારા કુંવરની કરવી શી વાત
સહુમાં અનેરી એની જાત....ભલેરી એની ભાત...
માડી તારા કુંવરની કરવી શી વાત
ત્રીશલા તારા કુંવરની કરવી શી વાત...

એક દિન અમે બાળ સૌ રમ્મત રમતાં'તા,
ગમ્મત કરતાં'તા...
આવ્યો ત્યાં એક માનવી (૨)
વર્ધમાનને એની પીઠ પર બેસાડી
રમતો રમાડે નવી (૨)
ધીમે ધીમે રૂપ બદલાવી, સૌને ગભરાવી
ઊંચો ઊંચો થઈ જાય....
રાક્ષસ જેવી કાયા કરીને, મોટો થતો મધમાતો (૨)
ત્યાં તો તારા બાળે પરચો બતાવ્યો
મારીને જોરથી લાત
માડી તારા કુંવરની કરવી શી વાત....ત્રીશલા....

એક દિન અમે બાળ સૌ રમ્મત રમતાં'તા

ગમ્મત કરતાં'તા

નીકળ્યો ત્યાં મોટો સાપ (૨)

સાપને દેખી અમે નાસવા રે લાગ્યાં

બોલી ઉઠ્યા બાપ રે બાપ (૨)

ત્યાં તો તારો લાડલો ફાળ ભરી દોડ્યો ને

ઝાલી દીધો પળમાંય

દોરડાંની જેમ એણે પકડીને ફેંક્યો,

ધ્રુજ્યો નહિ એનો હાથ....માડી તારા

લાડકડો તારો સાથી હમારો, રૂપે ગુણે રળિયાત

દિવસ ને રાત એની છાયા હશે તો...માયા હશે તો

બીજાની શી પંચાત...

માડી તારા કુંવરની કરવી શી વાત...

*

# જિનજીની વાણી

સીમંધર મુખથી ફૂલડાં ખરે, એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.

વાણી ભલી મન લાગે રળી, જેમાં સાર સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર૦

ગૂંથ્યા પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.

ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર, ગૂંથ્યો સમયસારનો સાર રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર૦

સ્યાદ્‌વાદ કેરી સુવાસે ભરેલો, જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.

વંદું જિનેશ્વર, વંદું હું કુંદ કુંદ, વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે....સીમંધર૦

હૈડે હજો, મારા ભાવે હજો, મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.

જિનેશ્વ દેવની વાણીના વાયરા, વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે....સીમંધર૦

## મહાવીર નામનો ડંકો

(રાગ : એ કે લાલ દરવાજે તંબુ)

મહાવીર નામનો ડંકો, જગમાં વાગીયો રે લોલ.
વર્ધમાનનો ડંકો, જગમાં વાગીયો રે લોલ.

સિદ્ધારથનો બેટો, માતા ત્રિશળાજીનો જાયો
પસ્યો બતાવ્યો એણે, તેથી મહાવીર એ કહેવાયો
એણે કાર્યો એવાં કીધા જેથી જગમાં બધે પંકાયો...મહાવીર

ખીર રાંધી ગોવાળે, એને ખીલા ઠોકયા કાને
તો પણ ઉભો રહ્યો, એ તો કાઉસગ્ગના શુભ ધ્યાને
સમતા રાખી મોટી તેથી સમતાધારી કહેવાયો...મહાવીર

ચંદનને ઉગારી, ચંડકોશીયાને ઉગાર્યો
ગૌતમજીનો ગર્વ, ક્ષણભરમાં એણે ઉતાર્યો
ભકિત ભાવથી કરજો, જેનો ડંકો જગમાં વાગ્યો...મહાવીર

જૈન સોસાયટી આવે, અને ભાવના તારી ભાવે
પૂંજાઓ ભણાવે, તને અક્ષતે વધાવે
દીન દુઃખીયાનો બેલી થાજે, સેવક દ્વારે આવ્યો...મહાવીર

## મન મંદિરીયું મને ગમતું રાજ

( રાગ : અચકો મચકો કારેલી )

મન મંદિરીયું મને ગમતું રાજ, અલક મલક મુખ મલકે છે
મંદિરમાં પ્રભુ મને ગમતા રાજ, અલક મલક મુખ મલકે છે

હીરા મોતીની તો આંગી છે
મારા પ્રભુજી વિતરાગી છે
એની મુદ્રા ભુપતી જેવી છે
દર્શનથી સુ–મતી જેવી છે

બીજા દેવો નથી ગમતા રાજ, અલક મલક મુખ મલકે છે

મંદિરમાં ભકતો આવે છે
ભકિતની ધૂન મચાવે છે
કર્મો બંધનને વિસારે છે
ભકિત મંડળ ગીત ગાવે છે

હું તો પાયે પડીને વિનવું આજ, અલક મલક મુખ મલકે છે

જૈન સોસાયટી આવે છે
મહાવીરનો જયકાર બોલે છે
નવકારની ધૂન મચાવે છે
પૂજા ને ભાવના કરાવે છે

મોક્ષ મારગડો બતાવજે આજ, અલક મલક મુખ મલકે છે.

# "વાતમાં રે વાતમાં"

વાતમાં રે વાતમાં, પારકી પંચાતમાં
ગુમાવ્યા દિવસ ને રાત, જીવલડા...વાતમાં રે

પાપની તે પૂંજી ભરી
સામું નહીં જોયું કદી
કેમ કરી ઉતરશો પાર જીવલડા...વાતમાં રે

ખાધું નહીં ન ખાવા દીધું
વિષનું તે પ્યાલું પીધું
એળે ગયો અવતાર જીવલડા...વાતમાં રે

ખૂબ ખૂબ મજા માણી,
જીંદગી ના જીવી જાણી
ખૂબ ખૂબ કીધું તોફાન જીવલડા...વાતમાં રે

વીર રસ ચાખ્યો નહીં
જીવનમાં જાગ્યો નહીં
સેવક કરી લે વિચાર જીવલડા...વાતમાં રે

# એક રે દિવસ એવો આવશે

એક રે દિવસ એવો આવશે—(૨)
ઊંચા રે મંદિરે ઊંચાં માળીયા
સોડ તાણીને સૂતો રે....
હો...કાઢો રે કાઢો રે એને સૌને રે કહે
જાણે જનમ્યો ન્હોતો રે....

એક રે દિવસ એવો આવશે—(૨)
સોના ને રૂપાનાં સાંકળા
વળી પહેરણ નવાં નવાં વાઘાં....
હો...ધોળું રે વસ્તર એનાં કર્મનું
એ તો શોધવાને ચાલ્યાં રે....એક રે

કોનું રે સગું કોનું સાગવું કોનાં માતને સાથજી....
હો...અંતકાળે જીવી જાવું એકલું
સાથે પુણ્ય ને પાપજી....એક રે

સગી રે નારી રે એની કામિની
ઉભી ડગમગ જુવે રે....
હો...આરે કાયામાં હવે કાંઈ રે નથી
એકી ધ્રુસકે રોવે રે....એક રે

વ્હાલાં રે વ્હાલાં રે તમે શું રે કરો
વ્હાલાં વળાવીને વળશે....
હો...વ્હાલાં તે વન કેરાં લાકડાં
ભેગાં આવીને બળશે....એક રે

નહીં રે ઝાંપો નહીં તુંબડી
નહીં તરવાનો આરો રે....
હો...ઉદય રતન મુનિ એમ રે કહે
મને ભવજલ પાર ઉતારો રે...
એક રે દિવસ એવો આવશે....(૨)

( ગરબો )

# સોનાની વાટકીમાં કેસર લઈને

( રાગ :—"ખમ્મા મારા નંદજીનાં લાલ...." )

સોનાની વાટકીમાં કેસર લઈને (૨)
એની ચાલ્યાં દાદાને દ્વાર, જાય એ તો પૂંજન કરવાં (૨)
સાથે મળી સહીયરો એ ચાર, જાય એ તો પૂંજન કરવાં (૨)
સોનાની વાટકીમાં કેસર લઈને (૨)
એની ચાલ્યાં દાદાને દ્વાર જાય...

નિર્મળ નીરનાં કળશો ભરીને (૨)
સોનાનો થાળ એ તો કરમાં ધરીને (૨)
એની ચાલ્યાં દાદાને દ્વાર, જાય એ તો પૂંજન કરવાં (૨)
સોનાની વાટકીમાં કેસર લઈને (૨)
એની ચાલ્યાં દાદાને દ્વાર જાય...

કેસર, વરખને, ફુલડાંનો હાર લીધો (૨)
દાદાને ચરણે એને ધરી દીધો (૨)
એની ચાલ્યાં દાદાને દ્વાર, જાય એ તો પૂંજન કરવાં (૨)
સોનાની વાટકીમાં કેસર લઈને (૨)
એની ચાલ્યાં દાદાને દ્વાર જાય....

ધૂપ દીપક, એની અક્ષતો ન મૂકતાં (૨)
નૈવેદ્ય, ફળનો થાળ એની મૂકતાં (૨)
એની ચાલ્યાં દાદાને દ્વાર, જાય એ તો પૂંજન કરવાં (૨)
સોનાની વાટકીમાં કેસર લઈને (૨)
એની ચાલ્યાં દાદાને દ્વાર જાય....

મધુરા રાગે સહુ એની ગીતો ગાતી (૨)
મુખ જોઈ દાદાનું એ તો મલકાતી (૨)
એની ચાલ્યાં દાદાને દ્વાર, જાય એ તો પૂંજન કરવાં (૨)
સોનાની વાટકીમાં કેસર લઈને (૨)
એની ચાલ્યાં દાદાને દ્વાર જાય....

# મનનાં મંદિરે આવો એવી હું આશ કરું....

મનનાં મંદિરે આવો એવી હું આશ કરું (૨)
હૃદયનાં આંગણે આવો (૨)
એવી હું આશ કરું....
મનનાં મંદિરે આવો....

તારા નામે, તરી જાશે, અનંતા નર ને નારી (૨)
ભવો ભવથી ભમું છું હું, કૃપા નહીં મળી તારી
તારી કૃપા મળે રે સદા, એવી હું આશ કરું
મનનાં મંદિરે આવો....

દુઃખિયાનો, તું દિલાસો, બેસહારાનો સહારો છે (૨)
તારું એક નામ. આપે આરામ, ભવોથી તારનારું છે
ભવો ભવથી હું પાર તરું, એવી હું આશ કરું
મનનાં મંદિરે આવો....

તમે તો નાથ, છતાં હું અનાથ, કયારે દેશો પ્રભુજી સાથ (૨)
જાવું તે પાર, નૈયા મજધાર, હવે ઝાલો પ્રભુજી હાથ
ઉતારો પાર એ કિરતાર, એવી હું આશ કરું
મનનાં મંદિરે આવો એવી હું આશ કરું
હૃદયનાં આંગણે આવો, એવી હું આશ કરું
મનનાં મંદિરે આવો....

## જપી લે જપી લે જપી લે મહાવીર

જપી લે જપી લે જપી લે મહાવીર
ઓ માય ન જીવ લે જપી લે મહાવીર
મંદિરમાં પુજારી આવે પૂંજા કરી જાય
એ કોણ જાણે ક્યારે આવશે (૨)
એ તો ના કહેવાય....
જપી લે જપી લે જપી લે મહાવીર....

મંદિરમાં પુજારી આવે આંગી રચી જાય
એ કોણ જાણે ક્યારે આવશે (૨)
એ તો ના કહેવાય....
જપી લે જપી લે જપી લે મહાવીર...

મંદિરમાં મારીડો આવે, ફૂલડા વીણી જાય
એ કોણ જાણે ક્યારે આવશે (૨)
એ તો ના કહેવાય....
જપી લે જપી લે જપી લે મહાવીર...

મંદિરમાં શ્રાવક આવે પૂંજા કરી જાય
એ ત્રણ જણાં ક્યારે આવશે (૨)
એ તો ના કહેવાય....
જપી લે જપી લે જપી લે મહાવીર...

## શક્તિ નથી પણ ભકિત કરવાં આવું છું ભગવાન....

શકિત નથી પણ ભકિત કરવાં આવું છું ભગવાન...(૨)
સ્નેહ ભરેલું સંગીત ગાવું...(૨)
છેડું મીઠી તાન...
શકિત નથી પણ...

રગ રગમાં છે રાગ દ્વેષ પણ ગાવું છું વૈરાગ
શ્રદ્ધા છે કે એક-દિવસ આ દૂર થશે અનુરાગ
આશા છે કે અંતરમાંથી...(૨)
ઉતરશે અભિમાન...
શકિત નથી પણ...

તારે શરણે આવી બેઠાં કાંઈ જ્ઞાની અજ્ઞાની
દુ:ખીયાને ભરીયાં કીધાં તે અંતર કરુણા આણી
હું પણ તારે શરણે આવું...(૨)
દેજે સમકિત દાન...
શકિત નથી પણ...

સુનું મારું મંદિર આ તો એક દીન ઉજવળ થાશે
એક દિન તારાં પ્રેમ ભરેલાં...પાવન પગલાં થાશે
નીરંતર હું મસ્ત બનીને...(૨)
ગાવું તારા ગાન...
શકિત નથી પણ...

# પાંચગતિ

દુઃખડા નિવારો મારા, જન્મ મરણના પરમાત્મા (૨)....દુઃખડા૦

કેવા કેવા દુઃખડા સ્વામી, મેં સહ્યા નારકીમાં,
એક રે જાણે છે મારો આત્મા, એ જી રે
લબકારા કરતી કાળી વેદનાઓ સહેતા સહેતા
વરસોના વરસો સ્વામી, મેં વિતાવ્યા ત્રાસમાં

એ ઈ રે... મલકનું જ્યાં પૂરું થયું આયખું ત્યાં
થયો રે જનમ મારો જાનવરના લોકમાં...દુઃખડા૦

કેવા કેવા જુલ્મો વેઠયાં જનાવર બનીને સ્વામી
એક રે જાણે છે મારો આતમા એ જી રે.
બોજો અળખામણો ને લાકડીના માર ખાતાં
વહેતી'તી આંસુડાની ધાર મારી આંખમાં

એ ઈ રે....મલકનું જ્યાં, પૂરું થયું આયખું ત્યાં
થયો રે જનમ મારો દેવતાના લોકમાં...દુઃખડા૦

કેવા કેવા મંથન સ્વામી મેં કર્યા દેવલોકે
એક રે જાણે છે મારો આતમા એ જી રે.
રિદ્ધિ ને સિદ્ધિ તો યે તમારા વિજોગે સ્વામી
જન્મારો ગાળ્યો જાણે ઘોર કારાવાસમાં

એ ઈ રે....મલકનું જ્યાં, પૂરું થયું આયખું ત્યાં
થયો રે જનમ મારો માનવીના લોકમાં....દુઃખડા૦

કેવા કેવા નાટક સ્વામી હું કરું આ જનમમાં
એક રે જાણે છે મારો આતમા...એ જી રે.
મનડાની માયા કાજે કરવા પડે છે સ્વામી
ડગલે ને પગલે નવલાં રૂપ આ સંસારમાં

એ ઈ રે...મલકનું જ્યાં, પૂરું થયું આયખું ત્યાં
તેડાવો ત્યાં તમારી પાસ પંચમ લોકમાં...દુઃખડા૦

કેવા કેવા વર્ણન સ્વામી, મેં સુણ્યાં એ મલકના
અધીરો બન્યો છે મારો આતમા એ જી રે.
જન્મ-જરા-મૃત્યુ કેરા, દુઃખડાને બદલે સ્વામી
રહેવાનું ત્યાં તો સુખના શાશ્વતા સહવાસમાં

એ ઈ...ચાર રે ગતિના ફેરા હવે નથી કરવા મારે
કરવો છે કાયમનો વસવાટ પંચમ લોકમાં...દુઃખડા૦

*

## પ્રેમનો સંદેશો

તારા પ્રેમનો સંદેશો મારા જીવનમાં ઉતારું
એવી શક્તિ મને તું પ્રભુ આપજે (૨)

તારા અગણિત ગુણને હું રાતદિ સંભારું
એવી ભક્તિ મને તું પ્રભુ આપજે (૨)

મૈત્રી હોજો પ્રાણીમાત્રથી કોઈની સાથે ન લડવું.
મીઠાં વેણ સરે મુજ મુખથી કોઈને કહેવું ન કડવું.

મોહ, મમતાને મારું અને સમતાને ધારું
એવી શક્તિ મને તું પ્રભુ આપજે.

તારું ધ્યાન નહીં ચૂકાય એવા જ્ઞાનની અભિલાષા.
આવે મને અભિમાન એવા માનની નહીં આશા.

તારા ગાનમાં થઈને ગુલતાન હું લલકારું,
એવી શક્તિ મને તું પ્રભુ આપજે.

જીવન બને સંવાદી એવા સંગીતની હો સાધના.
ગીતે ગીતે પ્રીત વહેતી એવી હો આરાધના.

તારા સ્નેહની સરિતાને હું જગમાં પ્રસારું
એવી યુક્તિ મને તું પ્રભુ આપજે.

# પાર્શ્વપ્રભુનું સ્તવન

એક હતી અજવાળી પૂનમ ને, બીજી રાતડી કાળી
પારસનાથને એવા મળ્યા, ધરણેન્દ્ર અને મેઘમાળી
ઉપકારી ઉપકાર ભૂલે ના, વેરી ભૂલે ન વેર
એક ધરે અમૃતની પ્યાલી. બીજો હળાહળ ઝેર...

એક ભાવથી ભક્તિ કરે ને (૨)
બીજો રહે જીવ બાળી
...પારસનાથને.

એક દિવસ વટવૃક્ષની નીચે પાર્શ્વપ્રભુ ધરે ધ્યાન
ભાન ભૂલી મેઘમાળી લાવે આંધી ને તોફાન...
પરભવનો ઉપકાર વિચારી (૨)
નાગ રહ્યો ફેણ ઢાળી
...પારસનાથને.

સમતા સાગર પાર્શ્વપ્રભુને, નહીં માન અપમાન
હોય મિત્ર કે શત્રુ ભલેને, એને સર્વ સમાન

સમદૃષ્ટિથી એઉ જણાને (૨)
રહેતા નાથ નિહાળી
...પારસનાથને.

# ગૌતમ સ્વામીનો વિલાપ

વીર નિર્વાણુની વાત સુણીને, ગૌતમ કરે વિલાપ (૨)
વજ્રાઘાત થયો અંતરમાં ને સળગ્યો સંતાપ...વીર૦

નાનકડા બાળકની માફક, ધ્રુસકે ધ્રુસકે રડતાં
'વીર' વીર' કહી વ્યાકુળ થઈને (૨) ગૌતમ ડૂસકાં ભરતાં
કરુણ રૂદનથી વનવગડાનાં વૃક્ષો કંપી રહેતાં
એક એક પોકારે જાણે, ડુંગર ડોલી ઊઠતાં (૨)
અંગે અંગ અગન પ્રગટાવે, પ્રભુ વિરહનો તાપ...વીર૦

પ્રભુ તમે જ કહ્યું'તું જે દિ', થાશે મુજ નિર્વાણ (૨)
તે જ દિને હે ગૌતમ તુજને, મળશે કેવળજ્ઞાન (૨)
અંતિમ ઘડીએ દૂર કર્યો ને, ચાલ્યાં દઈને થાપ
ગૌતમ કરે વિલાપ... ગૌતમ કરે વિલાપ...
જ્યોત વિહોણા દીપક જેવું થઈ ગયું જીવન મારું
વીર વિહોણા આ ગૌતમના અંતરમાં અંધારું (૨
પુણ્ય બધું પરવારી ગયું ને (૨) પ્રગટ થયું રે પાપ...વીર૦

રડી રડીને શાંત થયા પછી ગૌતમ ચડયા વિચારે
પ્રભુ શરીરના રાગ થકી તો, રઝળું છું સંસાર
મોહ નિવારણ કરવા કાજે, વીરે કરુણા કીધી
પ્રતિબોધ કરવાને બહાને, આંખ ઉઘાડી દીધી
પશ્ચાત્તાપ થયો પળમાં ને, સમજાયું નિજનું અજ્ઞાન (૨)
ત્યાં તો લખલખ તેજે પ્રગટયું ગુરુ ગૌતમને કેવળજ્ઞાન (૨)
ગુરુ ગૌતમને કેવળજ્ઞાન, ગુરુ ગૌતમને કેવળજ્ઞાન.

# "હું કોણ છું ?"

જન્મથી હું જૈન છું, કર્મથી નથી.
કર્મથી હું કોણ છું એની ખબર નથી...જન્મથી હું જૈન છું.

ભાગ્યથી આ જન્મ મળ્યો, જૈન કેરા કુળમાં
એને હું ભૂલથી મેળવતો ધૂળમાં
જીવન રંગાયું છે (૨)
વિષય કષાયથી...કર્મથી હું કોણ છું.

દેવ-ગુરુ-ધર્મનો સુયોગ છે મળ્યો
સંત-પંથ-ગ્રંથ કેરો સાથ પણ મળ્યો
સહજમાં જ સાંપડયું (૨)
એની કદર નથી...કર્મથી હું કોણ છું.

જાતથી 'હું જૈન છું' ગર્વથી કરું
કિંતુ જૈનત્વથી દૂર તો રહું
જે જીતે તે જૈન છે (૨)
રાગ દ્વેષથી...કર્મથી હું કોણ છું.

મહાવીરના ધર્મમાં કિંમત છે ગુણની
ધર્મથી કળાય જાત બ્રાહ્મણ કે શુદ્રની
ધર્મ વિના કુળનું (૨)
મૂલ્ય કંઈ નથી....કર્મથી હું કોણ છું.

## મુક્તિ મળે કે ન મળે

મુક્તિ મળે કે ના મળે, મારે ભક્તિ તમારી કરવી છે...મુક્તિ
મેવા મળે કે ના મળે, મારે સેવા તમારી કરવી છે...મુક્તિ
મારો કંઠ ના હોય મધુરો ભલે (૨)
મારો સૂર બસૂરો હોય ભલે
શબ્દો મળે કે ના મળે (૨) મારે કવિતા તમારી કરવી છે...મુક્તિ
હું પંથ તમારો છોડું નહીં (૨)
ને દૂર દૂર ક્યાંયે દોડું નહીં.
પુણ્ય મળે કે ના મળે (૨) મારે પૂજા તમારી કરવી છે...મુક્તિ
આવે જીવનમાં તડકા છાયા (૨)
સુખના દુઃખના પડે પડછાયા
કાયા રહે કે ના રહે (૨) મારે માયા તમારી કરવી છે...મુક્તિ

*

## મારી આજની ઘડી

મારી આજની ઘડી છે રળીયામણી
હાં રે મને વ્હાલો માળ્યાની વધામણી જી રે...મારી૦ (૧)
હાં રે હું તો ધ્યાન ધરું છું પ્રભુ તારું
હાં રે મારા અંતરમાં થયું અજવાળું જી રે...મારી૦ (૨)
હાં રે મેં તો મોતીના સાથીયા પુરાવીયા
હાં રે મેં તો પ્રેમે પ્રભુને વધાવીયા જી રે...મારી૦ (૩)
હાં રે તારી ભક્તિ કરવાને કાજે આવીયો
હાં રે તારા દર્શન કરવાને કાજે આવીયા જી રે...મારી૦ (૪)

# ચંદનબાળા

## ( કથાગીત )

જેની ચંદન જેવી સુવાસ રે, એ છે ચંદનબાળા,
એનો અદ્‌ભુત છે ઈતિહાસ રે, એ છે ચંદનબાળા.

ચંદનબાળા—એનું ખરું નામ વસુમતી-ચંપાપુરી નગરીની રાજકુમારી. એના પિતા દધિવાહન રાજા અને માતાનું નામ રાણી ધારિણી. રાજા ઘણો પ્રજાપ્રેમી, ન્યાયી ને ધર્મનિષ્ઠ હતો. પ્રજા સુખી સમૃદ્ધ ને આનંદથી રહેતી હતી.

ધનવૈભવમાં પૂરી, અને ધર્મપ્રસંગે શૂરી
હતી એક નગરી ચંપાપુરી, હતી એક નગરી ચંપાપુરી.

દધિવાહન રાજાની છાયા, પ્રજા પ્રતિ મમતા ને માયા
સુખશાંતિ ને આબાદીમાં નહીં કોઈ વાત અધૂરી,
હતી એક નગરી ચંપાપુરી.

ધર્મધ્યાન ને કર્મજ્ઞાનમાં લીન બને નરનારી,
સાધુસંત સન્માન પામતાં આ નગરીમાં ભારી.
એવી આ નગરીમાં એક દિ કાળે હુલાવી છુરી,
કાળે હુલાવી છુરી, હતી એક નગરી ચંપાપુરી.
ઘોર ભયંકર શોર મચ્યો, પ્રલયંકર આંધી ઊતરી.
ગડગડ ગરજ્યાં વાદળનાં દળ જાણે વીજળી તૂટી.
તનનન કરતાં ધસી આવતાં તીયા તોપનાં ગોળા,
કૌશામ્બીની સેના ત્રાટકી, જાણે તીડનાં ટોળાં.
ચોગરદમ ચંપાનગરીની આગ ભીષણ ચંપાઈ,
નિર્બળ ને નિર્દોષ પ્રજાની કિકિયારી સંભળાઈ.

રાજમુગટ રણમાં રોળાયો, લોક રહ્યું છે ભાગી,
લૂંટાલૂંટ ભયાનક ચાલી ધનભંડારો ભાંગી.

ચીસાચીસ પડી ઘાયલની ચંપાનગરી માથે,
મહારાણી ધારિણી નાઠી લઈ નિજ પુત્રી સાથે.

શાંતિપૂર્વક જીવતી નિર્દોષ ચંપાપુરી પર પડોશી કૌશામ્બી નગરીનો રાજા એક દિવસ યુદ્ધ કરવા ત્રાટક્યો. ભયંકર યુદ્ધમાં રાજા દધિવાહન મરાયા. અંધાધૂંધીને લૂંટફાટ ચાલી. ધારિણી રાણી પુત્રી વસુમતીને લઈ પ્રાણ ને આબરૂ બચાવવા મહેલમાંથી નાસી છૂટયા દૂર જંગલમાં છૂપાઈ રહ્યા.

આ રાજમહેલની રાણી, આ રાજમહેલની રાણી.
માંગ્યા મેહ વરસતાં જેને, મળે ન ટીપું પાણી....આ રાજમહેલ.

પળ પહેલાં જ્યાં દાસદાસીઓ કરતાં જેની સેવા
નિરાધાર થઈ રઝળે વનવન મળે ન ઝૂંપડી રહેવા.
રડી રહી ચોધારે આજે નયણે આંસુ આણી....આ રાજમહેલ.

જીતેલા કૌશામ્બીના સૈનિકોમાંથી કોઈની દાનત ચંપાપુરીના રાણી ને કુંવરીને મેળવવાની થઈ. મહેલમાં બધે શોધી વળ્યો, કોઈ ન મળ્યું. પગેરું શોધતાં મા દીકરીને વનમાંથી શોધી કાઢયાં. બળજબરીથી એઉને ઊંટ પર નાંખી ગામમાં લઈ આવવા નીકળે છે...રાણીના માથે દુ:ખનો પાર નથી. એની કેવી કરૂણ દશા....!

ઘરથી નીકળી વનમાં પેઠી, વનમાં લાગી લા'ય રે
રાણીને માથે દુ:ખનાં ડુંગરિયા ખડકાય....રાણીને માથે.

કાળાં કાળાં વાદળાં ઘેરાય રે,
રાણીને માથે દુ:ખના ડુંગરિયા ખડકાય....
પગલું શોધી શોધીને, આવ્યો રે શિકારી
માતા–પુત્રી બન્નેને રહ્યો પડકારી
ઊંટ પર નાંખ્યા મા દીકરીને,
દૂર હંકારી જાય રે....રાણીને માથે.

રસ્તામાં સૈનિક દુઃખી ને નિરાશ રાણીને મીઠાં વચનોથી આશ્વાસન આપે છે. પોતાને ત્યાં એને બધું સુખ આપવાનું કહે છે. રાણી આખી વાત ને એનો સાર સમજી જાય છે. કર્મ કર્યા હોય તે ભોગવવા તૈયાર છે પણ શીલનો ભોગ આપવા કરતાં પોતાનો પ્રાણ જ ત્યજી દેવાનું યોગ્ય માની....

શીલની રક્ષા કાજ રાણીએ કાઢી દીધાં પ્રાણ
થઈ ગયો રે નિરાશ શિકારી, જોઈ બલિદાન મહાન....

માતાના મૃત્યુથી નાની વસુમતી એકદમ હબક ખાઈ જાય છે. પોતે હવે સાવ એકલી નિરાધાર બની ગઈ. છતાં મનને હિંમતથી ધીરજ રાખવા કહે છે.

ધરજે તું ધીર, મનડા ધરજે તું ધીર
સ્થિર થઈને સમરી લેજે પ્રભુ મહાવીર. (૨)
ભવોભવનાં પાપો ભોગવવાનાં, લેખ લખ્યા તે ના મિથ્યા થવાનાં
જોજે ના નયણેથી વહી જાય નીર....
સ્થિર થઈને સમરી....

જૂના જમાનામાં જીતેલા રાજ્યના સૈનિકો હારેલા રાજ્યની મિલ્કત માણસો વગેરે લૂંટી લાવતા. એમનું વેચાણ કરી શકતા. આ પ્રમાણે

એક જગ્યાએ આવું લીલામ ચાલતું હતું ત્યાં આ સૈનિક વસુમતીને ગુલામ તરીકે વેચી પૈસા કમાવાનું નક્કી કરે છે.

આ ચાલે છે લિલામ, આ ચાલે છે લિલામ
જેની પાસે દામ હોય, એનું અહીં કામ

કૌશામ્બીને ધામ બજારે આવ્યું લોક તમામ
ચીજવસ્તુની માફક થાય માણસનું લિલામ

ઘરનાં કરશે સઘળાં કામ માજી દેશે એંઠા દામ
તમને સંપૂર્ણ આરામ, બોલો છે કોઈનામાં હામ?

કૌશામ્બીના બજારમાં હી વસુમતી વેચાણી
શેઠ ધનાવહ ઘરમાં લાવે હરખે મૂળા શેઠાણી.

એ વખતે ત્યાંથી ગામના શ્રીમંત શેઠ ત્યાંથી પસાર થતા હતા. નાની કુલિન, બાલાનું લિલામ થતું જોઈ ભાવિભાવ એમને વાત્સલ્યભાવ ઉભરાયો. સૈનિકને મોં માંગ્યાં પૈસા આપી બાલાને પોતાના ઘેર લઈ આવ્યાં. પોતાને કોઈ સંતાન નહતું તેથી જાણે શેઠ-શેઠાણીના હરખનો પાર નથી. પુત્રી જેવી કરીને રાખી વસુમતીને.

સૂનાં સૂનાં ઘરમાં ગાજે રે કલ્લોલ,
ઓછાં ઓછાં થઈને બોલે મીઠા બોલ.

હે...શીતળ ચંદન જેવા એનાં લાગે છે બોલ મર્માળાં
તેથી જ હોંશથી નામ એનું પાડયું ચંદનબાળા
પાડયું ચંદનબાળા

દંપતિના દિલડામાં ઉમંગ અણમોલ
ઓછાં ઓછાં થઈને બોલે મીઠાં બોલ.

ચંપાપુરીની રાજકુમારી આજ બની દાસી રે
આજ બની ગઈ દાસી રે.

દાસી થઈને રહી છતાંય કદી ન થાતી ઉદાસી રે
આજ બની ગઈ દાસી.

માતપિતાનું નામ કુળ ને જ્ઞાન છુપાવી રાખ્યાં
ભૂતકાળનાં ખ્યાલ બધાંયે મનથી ઉતારી નાંખ્યાં
કળી ખીલીને ફૂલ બને એમ યૌવન રહ્યું વિકસી રે
આજ બની ગઈ દાસી.

પણ કુદરતની લીલા એવી અકળ છે. થોડો સમય શાંતિ ને આનંદમાં પસાર થાય છે. ઘરનાં સહુનાં કામમાં મદદરૂપ બની ચંદનબાળા બધાંની પ્રિય બની ગઈ છે પણ ફરી કર્મ ઉદયમાં આવે છે ને જીવનચક્ર પલટો લે છે.

બનવાકાળ તે બની રહ્યું, બનવાકાળ તે બની રહ્યું
ભાવિના ભીષણ ઓળાની, આગાહી કંઈ કરી રહ્યું
બનવાકાળ તે

કામપ્રસંગે એક દિવસ બપોરે શેઠ ઘેર આવે.
નોકર સહુ આરામ કરે તેથી બાળા પગ ધોવરાવે.
ત્યાં જ અચાનક નીચે નમતાં, વાળની લટ વિખરાઈ.
ઝટપટ શેઠે, લાકડી ટેકે, લટ ઊંચે ધરી રાખી.
નાનકડા નિર્દોષ પ્રસંગે, રજમાંથી ગજ બની ગયું.
બનવાકાળ તે બની ગયું, બનવાકાળ તે બની રહ્યું.
પાછળ આવતી શેઠાણીએ, આવું દૃશ્ય નિહાળ્યું
શંકા જાગી ઊઠી હૃદયમાં, દાળમાં કાળું લાગ્યું.

'પુત્રી નહીં પણ શોક્ય છે આ તો' અંતર એનું કહી રહ્યું.
એક જ ચિનગારી પડતામાં ચંદનનું વન બળી રહ્યું.
બનવાકાળ તે બની...

ચંદનબાળા નીચા નમી શેઠના પગ ધોઈ રહી હતી. નીચી નમેલી ચંદનાના વાળ નીચે પડી ભીના ન થાય એથી શેઠે લાકડીના ટેકાથી વાળ ઊંચે ધરી રાખ્યા. બીજી બાજુથી શેઠને ઘેર આવેલા જાણી બહાર આવે છે. યુવાન બાળા અને શેઠના નાના નિર્દોષ પ્રસંગમાં એને શંકા પડતાં કાંઈ પ્રેમચેષ્ઠા જેવું લાગે છે અને વ્હાલી ચંદનબાળા એને માટે કાંટા જેવી બની જાય છે. એ પુત્રીની જગ્યાએ શોક્ય થઈ જશે એમ માની એને દૂર કરવા નિશ્ચય કરે છે. મોકો મળ્યો, એક દિવસ....જ્યારે

શેઠ સિધાવ્યા ગામ, ત્યારે ઓલી શેઠાણી હરખાણી
અવસર હાથમાં આવ્યો જાણી મન માંહી મલકાણી.

દોષ વિનાની બાળા ઉપર રોષ ભયંકર કીધો,
કાળો ભમ્મર ચોટલો મોટો, એણે કપાવી દીધો.
લોખંડની કૂડી બેડીઓ એના હાથેપગે બંધાણી...શેઠ સિધાવ્યા.

એક અંધારે ઓરડે એને લઈ ગઈ ઘસડીને,
ભૂખી તરસી પૂરી દીધી બારણે તાળું જડીને.
મૃત્યુહવાલે મૂકી દઈને. પિયર જઈ સમાણી... શેઠ સિધાવ્યા.

નિર્દોષ ચંદનબાળા ભૂખી-તરસી બંધનમાં મૂકી ઓરડે પૂરી શેઠાણી પિયર જતાં રહ્યાં. માન્યું. થોડા દિવસમાં ચંદનબાળાનું

પ્રાણપંખી ઊડી જશે. ચંદનબાળા આવા માતાના કોપને સમજી ન શકતાં કર્મની ગતિને સમજી પ્રભુચિંતન કરે છે.

અંધારી ખોલીમાં બેઠી બાળા રે બિચારી (૨)
કયાંથી આવી રે આફત અણધારી,
અંધારી ખોલીમાં બેઠી બાળા રે બિચારી....

શાથી બન્યું રે આવું સમજ્યું સમજાય ના,
માતાજી રૂઠયા શીદને પામ્યું પમાય ના,
વાંકગુનો જાણું ના કાંઈ કરમની બલિહારી
અંધારી ખોલીમાં...

કર્મના ખેલ કેવા નિરાળા છે! ભાવિભાવ-તે શેઠ ઓચિંતા ચોથે દિવસે ઘેર પાછા આવે છે. ચંદનબાળાની બધી હકીકત જાણે છે ને આઘાત પામી રડી ઊઠે છે. તાળું તોડી ચંદનાને ઉંબરા સુધી લાવે છે. ઘરમાંથી બાફેલા અડદ એને ખાવા આપી, પોતે બજારમાં લુહારને બેડીઓ તોડવા માટે બોલાવવા દોડે છે.

શેઠ જુએ ને રુએ, શેઠ જુએ ને રુએ.
લાડકડીનું મુખ દેખી એની આંખ ચોધારે રુએ રે...શેઠ...

બેડી જડેલી, માથે મૂંડેલી, રોઈ રોઈ આંખ સૂજેલી,
ત્રણ ત્રણ દિનની ભૂખી ને તરસી મૃત્યુના મુખમાં ધસેલી,
વાંક વિનાની રાંકડીને જાણે નાંખી અંધારે કૂવે રે...શેઠ...

લુહારને બોલાવવા કાજે દોડયા શેઠ બજારે,
ચંદનબાળા લઈ બાકુળા આ ઊભી ઘરદ્વારે.

ચંદનબાળા ઇચ્છે છે કે કોઈ અતિથિ આંગણે આવે ને એમને ભિક્ષા આપું પછી હું ખાઉં. બાકળા લઈ કોઈ સંતની પ્રતિક્ષામાં ઊભી છે. ત્યાં—

કૌશામ્બી નગરીની માંહી યોગી એક વિચરતા
પાંચ માસ ને પચીસ દિનથી ભિક્ષા કાજે ફરતા

દ્વાર દ્વારથી એ ભિક્ષા વિણ શીદને પાછા ફરતા?
કોણ હશે એ મહા તપસ્વી આવો નિશ્ચય કરતા?

આવો આવો દેવ મારા સૂનાં સૂનાં દ્વાર મારા આંગણાં સૂનાં
આવો યોગીરાજ મહાવીર સ્વામી આવો આજ મારા આંગણ સૂનાં

બાળા ભોજન દે છે ત્યાં તો યોગી પાછા વળિયા
'અહો પ્રભુ શું ઓછું આવ્યું'? દડદડ આંસુ પડિયા
આંસુડા જોયા કે તુરત જ બાકુલા વહોર્યા... મારા આંગણાં સૂનાં

એ સમયે પ્રભુ મહાવીરે અપૂર્વ પ્રકારનો કહેવાય એવો અભિગ્રહ ધાર્યો હતો. એ અભિગ્રહ પ્રમાણેનો મેળ ન મળતાં એ પાંચ મહિના ને પચ્ચીસ દિવસથી ભિક્ષા માટે ઘેર ઘેર ફરતા હતા. ચંદનબાળાના બારણે એમના સર્વ સંકલ્પો પ્રમાણે મેળ પડવાથી તેના હાથે ભિક્ષા લે છે. પ્રભુને પારણાં થાય છે. દૈવી ચમત્કાર થાય છે. ચંદનબાળાનાં દુઃખો દૂર થાય છે. એના આત્માની ઉર્ધ્વગતિ શરૂ થાય છે. ચંદનબાળા પ્રભુ પાસે દીક્ષા લઈ મુક્તિ માર્ગે જાય છે.

ઓલી ચંદનબાળાને બારણે પ્રભુ આવી ઊભા છે પારણે

એનું જીવતર ધન્ય ધન્ય થાય...(૨)

એનાં દુઃખના દા'ડા વીત્યા રે, એણે દર્શન દેવના કીધાં રે...એનું

હે...રાજપાટ છોડીને રઝળેલી કુંવારીનું કિસ્મત ફરીથી ઊઘડી ગયું.

ભિક્ષા દીધી ને એણે દીક્ષા લીધી,

એનું જીવતર અનેરું ઉજળી રહ્યું.

એણે મારગ વીરનો લીધો રે

એણે મનખો ઉજ્જવળ કીધો રે...એનું

રાજકુમારી ચંદનબાળા, દાસી થઈ વેચાણી

ઘર ઘર માંહી આજ ગવાતી, એની કરૂણ કહાણી

પહેલી શિષ્યા પ્રભુ મહાવીરની નામ છે મંગલકારી

જિનશાસનની સન્નારી એનું જીવન પાવનકારી.

*

# પંખીડા તું ઉડી જાજે

પંખીડા તું ઉડી જાજે પાલીતાણા રે...
મારા વ્હાલાને કહેજે તારા ભક્તો આવે રે,
તારી પુજાને માટે શું શું ? લાવે રે,
કેશર લાવે, ચંદન લાવે, ફૂલ લાવે રે,
મારા વ્હાલાજીની પૂજા માટે ધૂપ લાવે રે...પંખીડા તું૦

પંખીડા તું ઉડી જાજે પાવાપુરી રે,
મારા મહાવીરને કહેજે તારા ભક્તો આવે રે,
તારી આંગીના માટે શું શું ? લાવે રે,
વરખ લાવે, બાદલું લાવે, ટીકા લાવે રે,
મારા વ્હાલાજીની આંગી માટે ટીલડી લાવે રે...પંખીડા તું૦

પંખીડા તું જલ્દી જાજે શંખેશ્વર રે,
ત્યાંથી તું આવી જાજે શિરપુર રે,
તારી ભક્તિ કરવાને કાજે કોણ આવે રે,
શ્રાવક આવે, શ્રાવિકા આવે, સાધુ આવે રે,
મારા વ્હાલાજીની ભક્તિ કરવા સંઘ આવે રે...પંખીડા તું૦

પંખીડા તું ઉડી જાજે તારંગા રે,
મારા અજિતનાથને કહેજે તારા ભક્તો આવે રે,
હે તારી ભાવનાને માટે શું શું ? લાવે રે,
ઢોલક લાવે, પેટી લાવે, મંજીરા લાવે રે,
મારા વ્હાલાજીની ભાવના માટે ખંજરી લાવે રે...પંખીડા તું૦

# ધુન જગાવો

ધુન જગાવો અરિહંતની રે
એ ભક્તિના રસિયા

ધુન જગાવો ને ત્યાગ વધારો (૨)
ત્યાગ વધારી ભક્તિ ભાવીયે રે
એ ભક્તિના રસિયા...ધુન જગાવો.

ધુન જગાવો ને પ્રેમ વધારો (૨)
પ્રેમ વધારી સિદ્ધિ પામીએ રે
એ ભક્તિના રસિયા... ધુન જગાવો.

ધુન જગાવો ને કર્મ ખપાવો (૨)
કર્મ ખપાવી સમક્તિ પામીએ રે
એ ભક્તિના રસિયા....ધુન જગાવો.

ધુન જગાવો ને ભાવના ભાવો (૨)
ભક્તિનો રસ તમે પીજો રે
એ ભક્તિના રસિયા....ધુન જગાવો.

*

# આપણે પ્રભુભકિતમાં રહીએ

હે...લોકો બોલે એને બોલવા દઈએ,
હે...વાતો કરે એને કરવા દઈએ.
....આપણે પ્રભુભકિતમાં રહીએ. (૧)

હે...કોયલ ને કાગડો એક જ રંગના ને કોયલ કોને કહીએ
હે...કોયલપણું જો જાણીયે તો મીઠા બોલા થઈએ
....આપણે પ્રભુભકિતમાં રહીએ. (૨)

હે...હંસલો ને બગલો એક જ રંગના હંસલો કોને કહીએ
હે...હંસપણું જો જાણીએ તો મોતીડા વીણતા થઈએ
....આપણે પ્રભુભકિતમાં રહીએ. (૩)

હે...ભગતને ઠગત બેઉ એક જ રંગના ને ભગત કોને કહીએ
હે...ભગતપણું જો જાણીયે તો ભવસાગર તરી જઈએ
....આપણે પ્રભુભકિતમાં રહીએ. (૪)

હે...જૈન સોસાયટી ભાવના ભાવતા ગુણલા તારા ગાતાં
હે...ગુણલા તારા ગાતાં ગાતાં એક રે તાન બની જઈએ
...આપણે પ્રભુભકિતમાં રહીએ. (૫)

# તમને કયા કયા તીરથ ગમશે રાજ

તમને કયા કયા તીરથ ગમશે રાજ
જૈન શાશન છે જયવંતો
તમે કયા કયા તીરથ જાશો રાજ
જૈન શાશન છે જયવંતો

અમે પાલીતાણા તીરથ જાશું રાજ....આદીશ્વર છે અલબેલા
અમે નવાણુ કરવા જાશું રાજ....પારીતાણા છે અલબેલું
તમને કયા કયા તીરથ ગમશે રાજ. (૧)

અમે શંખેશ્વર તીરથ જાશું રાજ....પારસનાથ છે અલબેલા
અમે અઠ્ઠમ કરવા જાશું રાજ....શંખેશ્વર છે અલબેલું
તમને કયા કયા તીરથ ગમશે રાજ. (૨)

અમે પાવાપુરી તીરથ જાશું રાજ... મહાવીર સ્વામી છે અલબેલા
અમે દિવાળી કરવા જાશું રાજ...પાવાપુરી છે અલબેલું
તમને કયા કયા તીરથ ગમશે રાજ. (૩)

અમે ડેટ્રોઈટ તીરથ જાશું રાજ...મુનીસુવ્રત છે અલબેલા
અમે ભાવના ભાવવા જાશું રાજ...ડેટ્રોઈટ છે અલબેલું
તમને કયા કયા તીરથ ગમશે રાજ. (૪)

# પ્રભુ રાખજે ઉઘાડા દ્વાર

પ્રભુ રાખજે ઉઘાડા દ્વાર
તારા બાળકડાંને કાજે

કોઈ પ્રભુ પ્રભુ કરતો આવે
કોઈ ભાવે પુષ્પ ચઢાવે
કોઈ પ્રેમ દીપક પ્રગટાવે
તું છે સૌનો તારણહાર
....તારા બાળકડાંને કાજે (૧)

કોઈ ટળવળતા સુખ માટે
કોઈ રોતા હૈયા કાજે
એ અમથી ન જોયું જાય
....તારા બાળકડાંને કાજે (૨)

પ્રભુ પારસનાથ અમારા
અમને પ્રાણ થકી છો પ્યારા
મોક્ષ માર્ગના દેનારા
....તારા બાળકડાંને કાજે (૩)

## તમે સહારા રે

તમે સહારા રે....મંગળધામના
હે મારે શરણાં તમારા લેવા
સહારા રે....મંગળધામના

કૃપાળુ દેવ મારી વાસના નીવારજો
ભૂલા પડેલાને પંથ બતાવજો
હે મારે દુઃખડા કોને જઈ કહેવા
સહારા રે....મંગળધામના (૧)

ભવના બજારે હું સુખ લેવા નીસર્યો
સુખના ભંડાર હું તો સાવ તને વીસર્યો
હે મારે કર્મોના ભાર છે સહેવા
સહારા રે....મંગળધામના (૨)

ભકિતના દીપથી હું આરતી ઉતારું
માંગુ છું એટલું સ્વીકારજો સ્નેહથી
હે મારે અંતરના આંસુડા ધોવા
સહારા રે....મંગળધામના (૩)

# શ્રી પર્યુષણ પર્વની સ્તુતિઓ

વરસ દિવસમાં અષાડ ચોમાસું, તેમાં વળી ભાદરવો માસ,
આઠ દિવસ અતિ ખાસ;
પર્વ પજુસણ કરો ઉલ્લાસ અઠ્ઠાઈધરનો કરો ઉપવાસ,
પોસહ લીજે ગુરૂ પાસ;
વડાકલ્પનો છઠ્ઠ કરીજે, તેહ તણો વખાણ સુણીજે,
ચૌદ સુપન વાંચીજે;
પડવેને દિન જન્મ વંચાય, ઓચ્છવ મહોચ્છવ મંગળ ગવાય,
વીર જિણેસર રાય. ૧

બીજે દિન દીક્ષા અધિકાર, સાંજસમય નિરવાણ વિચાર,
વીરતણો પરિવાર;
ત્રીજે દિન શ્રી પ્રાર્શ્વ વિખ્યાત, વળી નેમીસરનો અવદાત,
વળી નવ ભવની વાત;
ચોવીશે જિન અંતર તેવીશ, આદિ જિનેશ્વર શ્રી જગદીશ,
તાસ વખાણ સુણીશ;
ધવળ મંગળ ગીત ગહુંલી કરીએ,
વળી પ્રભાવના નિત અનુસરીએ,
અઠ્ઠમ તપ જયવરીએ. ૨

આઠ દિવસ લગે અમર પળાવો, તેહ તણો પડહો વજડાવો,
ધ્યાન ધરમ મન ભાવો;
સંવત્સરી દિન સાર કહેવાય, સંઘ ચતુર્વિધ ભેળો થાય,
બારસા સૂત્ર સુણાય;
સ્થવિરાવળી ને સામાચારી, પટ્ટાવળી પ્રમાદનિવારી,
સાંભળજો નરનારી;
આગમ સૂત્રને પ્રણમીશ, કલ્પસૂત્ર શું પ્રેમ ધરીશ,
શાસ્ત્ર સર્વે સુણીશ. ૩
સત્તર ભેદી જિન પૂજા રચાવો, નાટક કેરા ખેલ મચાવો,
વિધિશું સ્નાત્ર ભણાવો;
આડંબરશું દેહરે જઈએ, સંવત્સરી પડિક્કમણું કરીએ,
સંઘ સર્વને ખમીએ;
પારણે સાહમીવચ્છલ કીજે, યથાશક્તિએ દાનજ દીજે,
પુણ્ય ભંડાર ભરીજે;
શ્રી વિજયક્ષેમસૂરિ ગણધાર જસવન્તસાગર ગુરૂ ઉદાર,
જિણંદસાગર જયકાર. ૪

*

## KSHAMAPANA SUTRA

### ( Universal Friendship )

1 KHĀMEMI SAVVE JIVĀ
ખામેમિ સવ્વે જીવા

2 SAVVE JIVĀ KHAMANTU ME
સર્વે જીવા ખમંતુ મે

3 METTI ME મિત્ત મે

4 SAVVE BHUYESU સવ્વે ભુએસુ

5 VERAṀ MAJHAṀ વેરં મંજઝે

6 N KENAI ન કેણઈ

1 I grant forgiveness to all living beings.

2 And all living beings grant me forgiveness.

3–4 My friendship is with all living beings.

5–6 My enmity is totally non–existent.

દેહ મરે છે હું નથી મરતો, અજરામર પદ મારું,
સહજાનંદી શુદ્ધ સ્વરૂપી, અવિનાશી હું આત્મ સ્વરૂપ.

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે
ક્યારે થઈશું બાહ્યાંતર નિગ્રંથ જો
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને
વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો.

—શ્રીમદ્ રાજચંદ્ર

# વીરકુંવરની વાતડી

વીરકુંવરની વાતડી કેને કહીએ રે,
કેને કહીએ રે કેને કહીએ ?
નવિ મંદિર બેસી રહીએ....
હાં રે સુકુમાર શરીર...વીરકુંવરની

બાળપણાથી લાડકો નૃપ ભાવ્યો, મળી ચોસઠ ઇંદ્રે મ્હલાવ્યો
ઈંદ્રાણી મળી હલરાવ્યો, ગયો રમવા કાજ...વીરકુંવરની

છોરૂ ઉછાંછળા લોકનાં કેમ રહીએ ?
એની માવડીને શું કહીએ ?
કહીએ તો અદેખાં થઈએ,
નાસી આવ્યાં બાળ...વીરકુંવરની

આમલકી ક્રીડા વિષે વીટાણો, મોટો ભોરીંગ રોષે ભરાણો
વીરે હાથે ઝાલીને તાણ્યો, કાઢી નાંખ્યો દૂર....વીરકુંવરની

રૂપ પિશાચનું દેવતા કરી ચલિયો,
મુજ પુત્રને લઈ ઉછળિયો
વીરે મુષ્ટીપ્રહારે વઢિયો,
સાંભળીએ એમ....વીરકુંવરની

ત્રિશલામાતા મોજમાં એમ કહેતી, સખીઓને ઓળંભા દેતી
ક્ષણ ક્ષણ પ્રભુ નામ જ દેતી, તેડા આવે બાળ...વીરકુંવરની

વાર જોવંતા વીરજી ઘેર આવ્યા,
માતા ત્રિશલાએ નવરાવ્યા
ખોળે બેસીને હલરાવ્યા.
આલિંગન દેત....વીરકુંવરની

યૌવનવય પ્રભુ પામતાં પરણાવે, પછી સંજમ શું દિલ લાવે
ઉપસર્ગની ફોજ હટાવે, લીધું કેવળજ્ઞાન....વીરકુંવરની

કર્મસૂદન તપ ભાખિયું જિનરાજે,
ત્રણ લોકની ઠકુરાઈ છાજે
ફુલપૂજા કરી શિવ સાધે,
ભાવિ ને ઉપગાર....વીરકુંવરની

શાતા, અશાતા વેદનીય ક્ષય કીધું, આપે અક્ષય પદ લીધું
'શુભવીર' નું કાજ સીધ્યું, ભાગે સાદિ અનંત...વીરકુંવરની

*

## રાજમહેલને ત્યાગી

રૂડા રાજમહેલને ત્યાગી, પેલો ચાલ્યો રે જાય વિતરાગી (૨)
એનો આતમ રહ્યો છે આજ જાગી... પેલો ચાલ્યો રે....

નથી કોઈ એની સંગાથે, નીચે ધરતી આભ છે માથે
એ તો નીકળ્યો છે ખાલી હાથે, એને લગની અનેરી લાગી... પેલો

એણે મૂકી જગતની માયા, એની જુવાન છે હજુ કાયા
એણે મુક્તિનાં ગીતો ગાયાં, એણે ભવોભવ ભ્રમણા ભાંગી... પેલો

એને પગલે થાય અજવાળાં, એનાં વેણ મધુર મરમાળાં
એણે તારી છે ચંદનબાળા, સંસાર બન્યો છે બડભાગી... પેલો...

*

## મહાવીર મહિમા

મહાવીરનો મહિમા ન્યારો, મહાવીરનો મહિમા ન્યારો
એને ગાતાં નોવે આરો, એને ગાતાં નોવે આરો... મહાવીરનો

મહાવીર કોઈથી ડરે નહીં ને કોઈને નહીં ડરાવે
પોતે સહન કરી લે કિંતુ કોઈને નહીં સતાવે... મહાવીરનો
એ સહુને છે ચાહનારો...

થોડું બોલવું, થોડું ચાલવું, નિદ્રા એની થોડી
થોડું રે ભોજન, ઝાઝા તપસ્યા, જગમાં એની ન જોડી... મહાવીરનો
ડૂબતાનો તારણહારો...

મહાવીરના મુખમાંથી વહેતી ગંગા જેવી વાણી
પ્રેમભરેલાં વચનો કરતા પથ્થરને પણ પાણી
એ અમૃતનો ધરનારો....

મહાવીરનો મહિમા ન્યારો...

# પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન

હું છું અનાથ, મારો ઝાલજો રે હાથ,
મારો ઝાલજો રે હાથ
વિનવું છું હે પ્રભુ પારસનાથ (૨)

હું છું પ્રવાસી, નથી કોઈનો સંગાથ
નથી કોઈનો સંગાથ
વિનવું છું હે પ્રભુ પારસનાથ (૨)

સગાં સંબંધી સ્નેહીઓ સહુ, તોયે નિરાધાર
પ્રભુ તોયે નિરાધાર
એકલવાયો છું અવનીમાં, તારો છે આધાર
પ્રભુ તારો છે આધાર
જાવું છે દૂર દૂર દેજો રે સાથ
પ્રભુ દેજો રે સાથ... વિનવું છું

ભડભડતી આગમાંથી નાગને નીકાળ્યો,
નયનોથી વરસાવી સ્નેહ (૨)
સંસારતાપે હું યે બળું છું, ઉગારો લાવીને સ્નેહ
પ્રભુ ઉગારો લાવીને સ્નેહ
દીનબંધુ છો દીનોના નાથ,
પ્રભુ દીનોના નાથ... વિનવું છું

મુક્તિ નગરમાં જાવું છે મારે, વચમાં સાગર મોટો,
પ્રભુ વચમાં સાગર મોટો
આગળ જાઉં ત્યાં પાછો પડું છું, મારગ મળિયો ખોટો,
હો મને મારગ મળિયો ખોટો
તારજો રે હો ત્રિભુવનના નાથ,
હો ત્રિભુવનના નાથ... વિનવું છું.

# ખીલા ઠોકાણાં વીરનાં કાનમાં

ખીલા ઠોકાણા વીરના કાનમાં,
ઓલ્યો ભૂલ્યો રે ભરવાડ અજ્ઞાનમાં.

આંખડી ઢાળી આતમધ્યાને, ઊભા રહ્યા છે પ્રભુ વીર,
બળદ અમારા સાચવજે અલ્યા જોગીડા તું લગીર
હા કહી ના, ના કહી ના, વીર ઊભા છે નિજ ધ્યાનમાં.

બળદ બિચારા ચરવા લાગ્યા, નીકળ્યા દૂર ને દૂર
ભાળ્યા નહિ ભરવાડે જ્યારે, ક્રોધે ભરાયો ભરપૂર
કાન બળ્યા છે કે ખાલી કાણા, સમજાવું અબ ઘડી શાનમાં...

ખીલા ભારી લાવ્યો રબારી, ઘાલ્યા પ્રભુને કાન,
દુઃખ પડયું પણ દ્વેષ ન પ્રગટયો, સમતા ધરે ભગવાન
પ્રાણી માત્રમાં એક જ સરીખો પ્રેમ વસે છે જેના પ્રાણમાં...

ધ્યાન પૂરું થયે મહાવીર સ્વામીએ માંડયો ફરીથી વિહાર,
મુખ પર શાંતિ દીસે છતાં પણ તનમાં દુઃખ અપાર,
કોઈક ભાવિકે આ જોઈ લીધું આ. આવી હકીકત જાણમાં રે.

વૈદ્ય બોલાવ્યા ખીલા કઢાવ્યા, પીડા થઈ ગઈ દૂર,
ચીસ પડી ગઈ મોટી પ્રભુથી, પડઘા પડયા દૂર દૂર,
મહાન ગિરિવર ધ્રુજી ઊઠયા પણ વીર ઊભા છે નિજ ધ્યાનમાં.

# અમે ભકિત કરીએ રે આદિનાથ દાદાની

અમે ભકિત કરીએ રે આદિનાથ દાદાની (૨)
જય જય આદિનાથ પ્યારા જય જય આદિનાથ....અમે ભકિત૦

સદા વર્તે જય જયકાર પ્રભુના મંદિરમાં પ્રભુના મંદિરમાં
વાગે વીણા અને સિતાર પ્રભુના મંદિરમાં પ્રભુના મંદિરમાં
ગીતો ગાય મળી નરનાર પ્રભુના મંદિરમાં પ્રભુના મંદિરમાં
મળે મુકિતની પગથાર પ્રભુના મંદિરમાં પ્રભુના મંદિરમાં

આવો આવો, ગીતો ગાવો, ભકિત કેરી ધૂન મચાવો
મુકિત તણા દેનાર, પ્રભુજી મુકિત તણા દેનાર... અમે ભકિત૦

અરે દેવો છે નમસ્કાર, પ્રભુના ચરણોમાં, પ્રભુના ચરણોમાં
કરે ભકતો ભકિત અપાર, પ્રભુના ચરણોમાં, પ્રભુના ચરણોમાં
કરો વંદન વાર હજાર પ્રભુના ચરણોમાં, પ્રભુના ચરણોમાં
અમે કરીએ નમસ્કાર પ્રભુના ચરણોમાં, પ્રભુના ચરણોમાં

આવો આવો, વંદન કરો, ભવસાગરથી તરો,
મુકિત તણા દેનાર, પ્રભુજી મુકિત તણા દેનાર... અમે ભકિત૦

પ્રભુ સમતાના ભંડાર, સહુના તારણહાર, સહુના તારણહાર
યુગલાધર્મ નિવારણહાર, સહુના તારણહાર, સહુના તારણહાર
પ્રભુ કરૂણાના કરનાર, સહુના તારણહાર, સહુના તારણહાર
એ તો મુકિત તણા દેનાર, સહુના તારણહાર, સહુના તારણહાર

આવો આવો ભકિત કરો, ભવસાગરથી તરો,
મુકિત તણા દેનાર, પ્રભુજી મુકિત તણા દેનાર... અમે ભકિત૦

# મારું જીવન ભકિત વિના

( રાગ : મેરા જીવન કોરા કાગઝ... )

મારું જીવન ભકિત વિના એળે વહી જાય (૨)
જીવન મારું, ભજન વિના આયખું મારું એળે વહી જાય...મારું૦

લાખ કરોડોના સપના સેવું, જાણું ના જીવનનું મૂલ (૨)
રાત ને દિવસ જ્યાં.ત્યાં ભટકું, વીતે જીવન અણમૂલ (૨)
પરનિંદામાં...પરનિંદામાં જીવન મારું એળે વહી જાય....મારું૦

રખડી રઝળી આજ પ્રભુજી, આવ્યો તારે દ્વાર (૨)
જેવો તેવો તો’યે તારો કરજે મારો ઉદ્ધાર (૨)
તારા ગીતો...તારા ગીતો ગાઉં તો યે, હૈયું ના ભીંજાય...મારું૦

શંખેશ્વરા પાર્શ્વપ્રભુજી, હૈયે કરજો વાસ (૨)
સેવકની સુણી વિનતિ, પૂરજો એની આશ (૨)
કરૂણા કરજો...કરૂણા કરજો સ્વામી મુજ પર, સેવક તરી જાય...મારું૦

*

# પ્રભુ મહાવીરને પત્ર

પત્ર લખ્યો પ્રભુ મહાવીરને, પહોંચે મોક્ષપુરીને દ્વાર,
કૃપા કરીને વાંચજો, ધ્યાન દઈને લગાર...પત્ર લખ્યો૦

શું લખવું એની સૂઝ પડે ના, શોધું છતાં યે શબ્દો જડે ના.
લખ્યા વિના હું રહી શકું ના, અંતરમાં ઊઠે પોકાર...પત્ર લખ્યો૦

શાસન તમારું સૂનું પડયું છે, આસન એનું ખાલી રહ્યું છે.
કોઈ લાયક નાયક વિના એ, જિર્ણ અને છિન્નભિન્ન પડયું છે.
આંટા પડયા છે ગચ્છભેદનાં, સહુ સહુના છે અનોખા પ્રકાર...પત્ર લખ્યો૦

હિંસાનો અતિરેક થયો છે, અસત્યનો વેપાર વધ્યો છે.
ચોરી કૂડ, કપટ ને જૂઠથી, જાણે આ સંસાર ભર્યો છે.
પ્રભુ કે પાપની ભીતિ રહી ના, અનીતિનો જ રહ્યો છે પ્રચાર...પત્ર લખ્યો૦

ધર્મને સ્થાને પ્રતિષ્ઠા ધનની, શોભા રહી ગઈ કેવળ તનની.
જીવનની ઘટમાળ એવી કે, કિંમત કંઈ ના રહી વચનની.
કીર્તિ કાજે દાનપુણ્યની, ચાલી રહી જાણે વણઝાર...પત્ર લખ્યો૦

શું શું લખવું, શું ના લખવું લખીને હૈયું ખાલી કરવું.
ડૂબ્યા છીએ ઊંડી ગર્તામાં, કેમ કરીને હવે ઉગરવું?
દુનિયા આખી ઝંખી રહી છે, તમ જેવાનો ફરી અવતાર...પત્ર લખ્યો૦

થોડું લખ્યું તે ઝાઝું વાંચજો, હે પ્રભુ, સન્મતિ સહુને આપજો
તકલીફ કરજો માફ તાતજી, બાળકના છે ઝાઝા જુહાર...પત્ર લખ્યો૦